વર્ષ : ૬૧ ■ અંક : ૧૯ ■ તા.૧-૧૦-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## નિષ્ઠાપૂર્વકની સાધના, જન જનની સેવાની આરાધના

# "આયુષ્માન ભારત"

## "PMJAY-MA" યોજના



**સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ, ચોથા વર્ષમાં મંગળ પ્રવેશના ઉપલક્ષ્યમાં "ગ્રીન કોરિડોર વ્યવસ્થા લોકાર્પિત"**

**"આપકે દ્વાર આયુષ્માન" ઝુંબેશ**

## અત્યાર સુધીમાં 38.74 લાખ લાભાર્થીઓ માટે રૂપિયા 5,859 કરોડનો ખર્ચ

## ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં હવે કુટુંબના દરેક સભ્યને મળશે "PMJAY-MA" કાર્ડ

**ગ્રીન કોરિડોર વ્યવસ્થા** અંતર્ગત યોજનાના લાભાર્થીઓને સરકારી હોસ્પિટલોમાં ત્વરિત સારવાર મળશે

લાભાર્થીઓ જિલ્લા સરકારી હોસ્પિટલ, SDH, સા.આ.કેન્દ્ર, સંલગ્ન ખાનગી હોસ્પિટલ, **(n)Code, CSC, UTI-ITSL, E- Gram પરથી વિનામૂલ્યે કાર્ડ** મેળવી શકશે

કુટુંબ દીઠ **વાર્ષિક રૂા. પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ**

**1872 સરકારી** અને **610 ખાનગી** એમ કુલ 2,482 હોસ્પિટલોમાં હૃદય રોગ, કેન્સર , કિડની, આકસ્મિક સારવાર, ડિલીવરી, ન્યુરો સર્જરી જેવી ગંભીર બીમારીઓની સારવાર

**વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર – 1800-233-1022 અથવા 14555**

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 19 ▪ Date 1-10-2021

**તંત્રી** : ડી. પી. દેસાઇ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.




# શબ્દશઃ


- 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'થી 'સર્વગ્રાહી વિકાસ' દ્વારા આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ટૂરિઝમ સેક્ટરનું મોટું યોગદાન રહેલું છે.
- ગુજરાત વેરાયટી ઓફ ટૂરિઝમ સ્પોટ્સ ધરાવતું દેશનું એકમાત્ર રાજ્ય છે.
- ગુજરાતે પ્રવાસન-ટૂરિઝમ સેક્ટરનો હોલિસ્ટિક એન્ડ ઇન્ક્લુઝિવ ગ્રોથ સાકાર કર્યો છે.
- સરકારે માનવીય સંવેદના દાખવીને દિવ્યાંગોના જીવનમાં બદલાવ કઈ રીતે લાવી શકાય તે દેશ અને દુનિયાને બતાવ્યું છે.
- રાજ્યની બહારથી આવનારા પ્રવાસીઓ સીમાઓ વિશે વધુ જાણી શકે એ ઉદ્દેશથી સરહદ દર્શન પર્યટનનો વિકાસ શરૂ કરવામાં આવ્યો છે.
- ફોરેન્સિક સાયન્સ અને કાયદાના સમન્વય સાથેનું પ્રોફેશનલ એજ્યુકેશન ન્યાય પ્રક્રિયા ઝડપી બનાવવા અસરકારક પુરવાર પુરવાર થશે.
- વડાપ્રધાનશ્રીના આગવા વિઝનથી સ્થપાયેલી ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની માત્ર ૧૨ વર્ષમાં જ જગતભરમાં આગવી ઓળખ બની ગઈ છે.
- વર્તમાન સમયમાં ગુનાના બદલાતા પ્રકાર સામે ટેકનોલોજીથી સુસજ્જ ટેકનો લીગલ એક્સપર્ટ માનવબળ નવા અભ્યાસક્રમ શરૂ થવાથી દેશને મળશે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

# આકર્ષણ















6 ▶ **સંવાદ**

10 ▶ **નિયુક્તિ**

ગુજરાત વિધાનસભાનાં પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ડૉ.નીમાબહેન આચાર્યની સર્વાનુમતે વરણી

12 ▶ **વાત વિધાનસભાની...**

18 ▶ **વિધાનસભાના દ્વારેથી**

20 ▶ **પ્રારંભ**

NFSUમાં સ્કૂલ ઓફ લો ફૉરેન્સિક જસ્ટિસ એન્ડ પૉલિસી સ્ટડીઝનો પ્રારંભ

21 ▶ **અગ્રેસર ગુજરાત**

કોવિડ રસીકરણમાં ગુજરાત અગ્રહરોળમાં

22 ▶ **નિર્ણય**

▶ **સમીક્ષા**

24 વિવિધ વિભાગોની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી જનહિતલક્ષી આયોજન કરતા CM

25 ગુજરાતમાં કોરોના સંક્રમણ વચ્ચે મનરેગા દ્વારા ૩.૬૮ કરોડ માનવદિન રોજગારી

26 ▶ **મુલાકાત**

29 ▶ **ગૌરવ**

30 ▶ **જિલ્લા પ્રોફાઇલ - કચ્છ**

34 ▶ **આસપાસ**

37 ▶ **પરિસંવાદ**

38 ▶ **સમાચાર વિશેષ**

42 ▶ **શિક્ષણ ઉજાસ**

વિદ્યાર્થીઓ માટેની વિવિધ યોજનાઓની નાણાકીય સહાય મંજૂર

43 સ્ટાર્ટ-અપ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર

44 ▶ **સ્વાસ્થ્ય સુધા**

PMJAY-MA યોજના મેગાડ્રાઇવ

46 ▶ **પહેલ**

ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમ થકી પ્રજાના પ્રશ્નોના નિરાકરણની નવતર પહેલ - ચીમન વસાવા

47 ▶ **સાફલ્યગાથા**

કઠલાલના પ્રકૃતિના પ્રહરી પાર્થ વ્યાસ
- રિન્કલ વાડદોરિયા

\- પિનાકની કિડની વિનામૂલ્યે ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી - જિતેન્દ્ર નિમાવત

▶ **સંવેદના**

48 સુરતના યુવાને છ વ્યક્તિઓને નવું જીવન આપ્યું
- મહેન્દ્ર વેકરિયા

49 “મારે કલેક્ટર બનવું છે”... ...અને ફ્લોરા એક દિવસ માટે કલેક્ટર બની - હિમાંશુ ઉપાધ્યાય

50 ▶ **પ્રેરણા**

વડોદરાનાં નર્સની રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઇટિંગેલ એવોર્ડ માટે પસંદગી - સુરેશ મિશ્રા

# જનહિતલક્ષી વિકાસના મંત્ર સાથે આગળ ધપતી રાજ્ય સરકાર



ગુજરાત રાજ્યનું નવું મંત્રીમંડળ નવી ઊર્જા અને નવી ચેતના સાથે જનસેવાના કાર્યમાં લાગી ગયું છે. રાજ્યની વિકાસયાત્રાને નવી ઊંચાઈ આપવાના મંત્ર સાથે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિવિધ વિભાગોની કાર્યસમીક્ષા થઇ રહી છે. લોકકલ્યાણલક્ષી વિવિધ યોજનાઓને વધુ લોકભોગ્ય નક્કર આયોજનો સાથે આકાર આપવામાં આવી રહ્યો છે.

રાજ્યની શાસનધુરા સંભાળ્યા બાદ મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા તેમના મંત્રીમંડળના સદસ્યશ્રીઓએ એક પછી એક જનહિતલક્ષી નિર્ણયો લેવાના શરૂ કરી દીધા છે. જનસામાન્યની સમસ્યાનું નિરાકરણ લાવવાના ધ્યેય સાથે વર્તમાન સરકારે કાર્યારંભ કર્યો છે. જન જનના વિકાસના મિશન અને વિઝન સાથે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સચિવાલય સંકુલમાં જનતાના પ્રવેશ પરનાં તમામ નિયંત્રણો દૂર કરી દીધાં છે. કોરોના કાળના કારણે લાદવામાં આવેલાં નિયંત્રણો દૂર થતાં, નાગરિકોને પોતાના કામકાજ માટે સચિવાલયમાં આવવાનું હવે સરળ બની ગયું છે. આ જ રીતે, મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓએ અઠવાડિયામાં બે દિવસ પોતાના સચિવાલય કાર્યાલય ખાતે ઉપસ્થિત રહી રાજ્યના દૂરસુદૂરથી આવતા નાગરિકોને મળી તેમની સમસ્યાનું નિવારણ કરવાનો નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે.

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં પોતાની દિલ્હી મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિશ્રી, ઉપરાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી, ગૃહમંત્રીશ્રી તેમજ અન્ય વરિષ્ઠ મંત્રીશ્રીઓ અને નેતાઓની શુભેચ્છા મુલાકાત લઈ રાજ્યના વિકાસ અંગે મહત્ત્વની ચર્ચા કરી તેમનું ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું.

રાજ્યમાં છેલ્લા એક માસથી થઈ રહેલા શ્રીકાર વરસાદથી પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યા મહદ્અંશે દૂર થઈ છે. રાજ્યનાં મોટાભાગનાં જળાશયોમાં નવાં નીર આવ્યાં છે. આ ઉપરાંત, તાજેતરમાં કેટલાક જિલ્લાઓમાં પડેલાં ભારે વરસાદ અને ત્યારબાદ સર્જાયેલી પૂરની સ્થિતિ અંગે રાજ્ય સરકારે જનહિતલક્ષી નિર્ણયો લીધા છે. ઘરવખરી સહાય, પશુ-મૃત્યુ સહાય તથા આવાસને થયેલી નુકસાનીની રકમમાં વધારો કરવામાં આવ્યો છે.

વરસાદ બાદ રોગચાળાની સંભવિત સ્થિતિનો સામનો કરવા રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે આગોતરાં પગલાં લીધાં છે. આરોગ્યકર્મીઓ દ્વારા જિલ્લાકક્ષાએ સરવેની કામગીરી સત્વરે શરુ કરી દેવામાં આવી છે અને તમામ આવશ્યક પગલાં લેવામાં આવી રહ્યાં છે. કેન્દ્ર સરકારે અમદાવાદની સિવિલ મેડિસિટી હોસ્પિટલને પ્રધાનમંત્રી જન આરોગ્ય-આયુષ્માન યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી માટે સન્માનિત કરી છે. આ હોસ્પિટલને આરોગ્ય મંથન 3.0 કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત થયો છે.

રાજ્યના નાગરિકોને ઝડપી અને ઉત્તમ આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે મા અને મા વાત્સલ્ય કાર્ડધારકોને આયુષ્માન કાર્ડ આપવાનું અભિયાન આરંભાયું છે. “આપ કે દ્વાર આયુષ્માન” મેગા અભિયાન અંતર્ગત 100 દિવસમાં 80 લાખ કુટુંબો એટલે કે અંદાજિત 4 કરોડ નાગરિકોને આવરી લઇ લાભાન્વિત કરવામાં આવનાર છે.

આ અંકમાં માહિતીપ્રદ વિકાસ વિશેષ લેખ સહિતની ઉપયોગી જાણકારી વાચકોને વાંચવી રસપ્રદ થઇ રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**- ડી.પી. દેસાઇ** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**



# મન કી બાત

## સપ્ટેમ્બર 2021

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. તમે જાણો છો કે એક જરૂરી કાર્યક્રમ માટે મારે અમેરિકા જવાનું થયું. મેં વિચાર્યું કે એ સારું રહેશે કે અમેરિકા જતાં પહેલાં જ હું મન કી બાત રેકોર્ડ કરી દઉં. સપ્ટેમ્બરમાં જે દિવસે મન કી બાત છે, તે જ તારીખે એક મહત્ત્વપૂર્ણ દિવસ હોય છે. આમ તો આપણે ઘણા બધા દિવસો યાદ રાખીએ છીએ, વિવિધ પ્રકારના દિવસો મનાવીએ છીએ અને જો આપણા ઘરમાં નવયુવાન દીકરા-દીકરી હોય, જો તેમને પૂછો તો આખા વર્ષ દરમિયાન કયા દિવસો ક્યારે આવે છે તેની આખી યાદી સંભળાવી દેશે, પરંતુ એક દિવસ એવો છે જે આપણે સહુએ યાદ રાખવો જોઈએ અને એ દિવસ એવો છે જે ભારતની પરંપરાઓ સાથે બહુ જ સુસંગત છે. સદીઓથી જે પરંપરાઓ સાથે આપણે જોડાયેલા છીએ તેને જોડનારો છે. તે છે 'વર્લ્ડ રિવર ડે' એટલે કે 'વિશ્વ નદી દિવસ'. આપણે ત્યાં કહેવાયું છે –

"પિબન્તિ નદ્યઃ સ્વય-મેવ નામ્ભઃ

એટલે કે નદીઓ પોતાનું જળ પોતે જ નથી પીતી, પરંતુ પરોપકાર માટે આપે છે. આપણે માટે નદીઓ એક ભૌતિક વસ્તુ નથી, આપણે માટે નદી એક જીવંત એકમ છે, એટલે જ આપણે નદીઓને 'મા' કહીએ છીએ. આપણા કેટલાંય પર્વ હોય, તહેવાર હોય, ઉત્સવ હોય, ઉમંગ હોય, આ બધાં આપણી આ માતાઓના ખોળામાં જ તો હોય છે.

તમે બધા જાણો જ છો – મહા મહિનો આવે છે તો આપણા દેશમાં ઘણાં લોકો આખા એક મહિનો મા ગંગા અથવા કોઈ બીજી નદીના કિનારે કલ્પવાસ કરે છે. હવે તો એ પરંપરા નથી રહી પરંતુ પહેલાના જમાનામાં તો પરંપરા હતી કે ઘરમાં સ્નાન કરીએ છીએ તો પણ નદીઓનું સ્મરણ કરવાની પરંપરા આજે ભલે લુપ્ત થઈ ગઈ હોય અથવા ક્યાંક બહુ જ અલ્પમાત્રામાં બચી હોય, પરંતુ એક બહુ જ મોટી પરંપરા હતી જે પ્રાતઃ માં જ સ્નાન કરતા સમયે જ વિશાળ ભારતની એક યાત્રા કરાવી દેતી હતી, માનસિક યાત્રા! દેશના ખૂણે-ખૂણેથી જોડાવાની પ્રેરણા બની જતી હતી. એ શું હતું ભારતમાં સ્નાન કરતી વખતે એક શ્લોક બોલવાની પરંપરા રહી છે –

**"ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતિ**
**નર્મદે સિન્ધુ કાવેરી જલે અસ્મિન્ સન્નિધિં કુરૂ."**

પહેલા આપણાં ઘરોમાં પરિવારના વડીલો આ શ્લોક બાળકોને યાદ કરાવતા હતા. તેનાથી આપણા દેશમાં નદીઓને લઈને આસ્થા ઊભી થતી હતી. વિશાળ ભારતનું એક માનચિત્ર મનમાં અંકિત થઈ જતું હતું. નદીઓ પ્રત્યે જોડાણ બની જતું હતું. જે નદીને 'મા'ના રૂપમાં આપણે જાણીએ છીએ, જોઈએ છીએ, જીવીએ છીએ, તે નદી પ્રત્યે એક આસ્થાનો ભાવ પેદા થતો હતો. એક

સંસ્કાર પ્રક્રિયા હતી.

સાથીઓ, જ્યારે આપણે દેશમાં નદીઓના મહિમા પર વાત કરી રહ્યા છીએ તો સ્વાભાવિક રૂપથી દરેક એક પ્રશ્ન ઉઠાવશે અને પ્રશ્ન ઉઠાવવાનો હક પણ છે અને તેનો જવાબ આપવો તે આપણી જવાબદારી પણ છે. કોઈપણ સવાલ પૂછશે કે ભાઈ, તમે નદીનાં આટલાં ગાણાં ગાઈ રહ્યા છો, નદીને મા કહી રહ્યા છો તો આ નદી પ્રદૂષિત કેમ થઈ જાય છે? આપણા શાસ્ત્રોમાં તો નદીઓમાં જરા સરખું પણ પ્રદૂષણ કરવું ખોટું દર્શાવવામાં આવ્યું છે. આપણી પરંપરાઓ પણ એવી રહી છે, તમે તો જાણો જ છો આપણા હિન્દુસ્તાનનો જે પશ્ચિમી ભાગ છે, ખાસ કરીને ગુજરાત અને રાજસ્થાન, ત્યાં પાણીની ઘણી જ અછત છે. કેટલીયે વખત દુકાળ પડે છે. તેથી હવે ત્યાંના સમાજ જીવનમાં એક નવી પરંપરા વિકાસ પામી છે. જેવી ગુજરાતમાં વરસાદની શરૂઆત થાય ત્યારે ગુજરાતમાં 'જલ-ઝીલણી એકાદશી' મનાવાય છે. મતલબ કે આજના યુગમાં આપણે જેને કહીએ છીએ, 'Catch the Rain' એ આ જ વાત છે કે જળના એક એક ટીપાને પોતાનામાં સમાવી લેવું, જલ-ઝીલણી.

તેવી જ રીતે વરસાદ પછી બિહાર અને પૂર્વના ભાગોમાં છઠનું મહાપર્વ મનાવવામાં આવે છે. મને આશા છે કે છઠ પૂજાને જોતાં નદીઓના કિનારે, ઘાટની સફાઈ અને સમારકામની તૈયારી શરૂ કરી દેવામાં આવી હશે. આપણે નદીઓની સફાઈ અને તેને પ્રદૂષણથી મુક્ત કરવાનું કામ સહુના પ્રયાસ અને સહુના સહયોગથી જ કરી શકીએ છીએ. 'નમામિ ગંગે મિશન' પણ આજે આગળ વધી રહ્યું છે, તો તેમાં બધા લોકોને પ્રયાસ, એક પ્રકારથી જન-જાગૃતિ, જન આંદોલન, તેની બહુ મોટી ભૂમિકા છે.

> **“આપણે માટે નદીઓ એક ભૌતિક વસ્તુ નથી, આપણે માટે નદી એક જીવંત એકમ છે, એટલે જ, આપણે નદીઓને 'મા' કહીએ છીએ. આપણાં કેટલાંય પર્વ હોય, તહેવાર હોય, ઉત્સવ હોય, ઉમંગ હોય, આ બધા આપણી આ માતાઓના ખોળામાં જ તો હોય છે.”**

સાથીઓ, જ્યારે નદીની વાત થઈ જ રહી છે, મા ગંગાની વાત થઈ રહી છે તો વધુ એક વાત તરફ આપનું ધ્યાન આકર્ષિત કરવાનું મન થાય છે. વાત જ્યારે 'નમામિ ગંગે' ની થઈ રહી છે તો ચોક્કસ એક વાત પર આપનું ધ્યાન ગયું હશે અને આપણા નવયુવાનોનું તો ચોક્કસ ગયું હશે. આજકાલ એક વિશેષ ઈ-ઓક્શન, ઈ-હરાજી ચાલી રહી છે. આ ઇલેક્ટ્રોનિક -હરાજી તે ભેટ-સોગાદોની થઈ રહી છે જે મને સમય સમય પર લોકોએ આપી હતી. આ હરાજીથી જે પૈસા આવશે, તે 'નમામિ ગંગે અભિયાન' માટે જ સમર્પિત કરવામાં આવે છે. આપ જે આત્મીય ભાવનાથી મને ભેટ આપો છો, તે જ ભાવનાએ આ અભિયાને વધુ મજબૂત કર્યું છે.

તમારામાંથી ઘણા લોકો જાણતા હશે કે જે સાબરમતીના તટ પર મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમ બનાવ્યો હતો, ગત કેટલાક દાયકાઓમાં આ સાબરમતી નદી સૂકાઈ ગઈ હતી. વર્ષમાં 6-8 મહિના પાણી નજરે જ નહોતું પડતું, પરંતુ નર્મદા નદી અને સાબરમતી નદીને જોડી દીધી, તો જો આજે તમે અમદાવાદ જશો તો સાબરમતી નદીનું પાણી એવું મનને પ્રફૂલ્લિત કરી દે છે. હું તો જાણું છું કેટલાય આપણા ધાર્મિક પરંપરાઓ સાથે જોડાયેલા સંત છે, ગુરુજન છે, તેઓ પણ તેમની આધ્યાત્મિક યાત્રાની સાથે-સાથે પાણી માટે, નદી માટે ઘણું બધું કરી રહ્યા છે, કેટલાયે નદીના કિનારે વૃક્ષ લગાવવાનું અભિયાન ચલાવી રહ્યા છે. તો ક્યાંક નદીઓમાં વહી રહેલા ગંદા પાણીને રોકવામાં આવી રહ્યું છે.

સાથીઓ, વર્લ્ડ રિવર ડે, જ્યારે મનાવી રહ્યા છીએ તો આ કામ પ્રત્યે સમર્પિત દરેકની હું પ્રશંસા કરું છું, અભિનંદન પાઠવું છું. પરંતુ દરેક નદીની પાસે રહેતા લોકોને, દેશવાસીઓને હું આગ્રહ કરીશ કે ભારતમાં ખૂણે-ખૂણામાં વર્ષમાં એકવાર તો નદી ઉત્સવ મનાવવો જ જોઈએ.

મારા પ્રિય દેશવાસીઓ, મહાત્મા ગાંધીએ સ્વચ્છતાને સ્વાધીનતાના સપના સાથે જોડી દીધી હતી. આજે આટલા દાયકાઓ પછી, સ્વચ્છતા આંદોલને ફરી એકવાર દેશને નવા ભારતના સપના સાથે જોડવાનું કામ કર્યું છે. તે આપણી આદતોને બદલવાનું પણ અભિયાન બની રહ્યું છે અને આપણે તે ન ભૂલીએ કે સ્વચ્છતા એ માત્ર એક કાર્યક્રમ છે. સ્વચ્છતા એ પેઢી દર પેઢી સંસ્કાર ફેલાવવાની એક જવાબદારી છે અને પેઢી દર પેઢી સ્વચ્છતાનું અભિયાન ચાલે છે, ત્યારે સંપૂર્ણ સમાજજીવનમાં સ્વચ્છતાનો સ્વભાવ બને છે. તેથી જ વર્ષ-બે વર્ષ, એક સરકાર - બીજી સરકાર એવા વિષય નથી, પેઢી દર પેઢી આપણે સ્વચ્છતાના સંબંધમાં સજાગ પણે અવિરત રૂપથી થાક્યા વગર, રોકાયા વગર, એકદમ શ્રદ્ધા સાથે જોડાઈ રહેવાનું છે અને સ્વચ્છતાના અભિયાનને ચલાવતા રહેવાનું છે. મેં તો પહેલાં પણ કહ્યું હતું, કે સ્વચ્છતા એ પૂજ્ય બાપૂને આ દેશની બહુ મોટી શ્રદ્ધાંજલિ છે અને આ શ્રદ્ધાંજલિ આપણે દરેક વખતે આપતા રહેવું છે, સતત આપતા રહેવું છે.

સાથીઓ, લોકો જાણે છે કે સ્વચ્છતાના સંબંધમાં બોલવાનો મોકો હું ક્યારેય છોડતો નથી અને કદાચ તેથી જ આપણી મન કી બાત ના એક શ્રોતા શ્રીમાન રમેશ પટેલજીએ લખ્યું, આપણે બાપૂ પાસેથી શીખીને આ આઝાદીના અમૃત મહોત્સવમાં આર્થિક સ્વચ્છતાનો પણ સંકલ્પ લેવો જોઈએ. જેવી રીતે શૌચાલયોના નિર્માણે ગરીબોની

ગરિમા વધારી, તેવી જ રીતે આર્થિક સ્વચ્છતા, ગરીબોને અધિકાર સુનિશ્ચિત કરે છે, તેમનું જીવન સરળ બનાવે છે. હવે તમે એ જાણો છો, જનધન ખાતાને લઈને દેશે જે અભિયાન શરૂ કર્યું છે. તેને કારણે આજે ગરીબોના, તેમના હકના પૈસા સીધાસીધા તેમના ખાતામાં જઈ રહ્યા છે, જેના કારણે ભ્રષ્ટાચાર જેવા અવરોધોમાં ઘણો મોટી માત્રામાં ઘટાડો થયો છે. એ વાત સાચી છે આર્થિક સ્વચ્છતામાં ટેક્નોલોજી બહુ જ મદદ કરી શકે છે.

આપણા માટે ખુશીની વાત છે આજે પછાત ગામડાંઓમાં પણ fin-tech UPIથી ડિજિટલ લેણ-દેણ કરવાની દિશામાં સામાન્ય મનુષ્ય પણ જોડાઈ રહ્યો છે, તેનું વલણ પણ વધી રહ્યું છે. આપને હું એક આંકડો જણાવું છું, આપને ગર્વ થશે, ગત ઓગસ્ટ મહિનામાં એક મહિનામાં UPIથી 355 કરોડ transaction થયા, એટલે કે લગભગ-લગભગ 350 કરોડથી પણ વધુ transaction, એટલે કે આપણે કહી શકીએ છીએ કે ઓગસ્ટ મહિનામાં 350 કરોડથી વધારે વખત ડિજિટલ લેણ-દેણ માટે UPI નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આજે એવરેજ 6 લાખ કરોડ રૂપિયાથી પણ વધુનું ડિજિટલ પેમેન્ટ UPI થી થઈ રહ્યું છે. તેનાથી દેશની અર્થવ્યવસ્થામાં સ્વચ્છતા, પારદર્શિતા આવી રહી છે અને આપણે જાણીએ છીએ, હવે fin-techનું મહત્ત્વ ઘણું જ વધી રહ્યું છે.

સાથીઓ, ફરીથી તમને યાદ અપાવવા માગું છું કે 2 ઓક્ટોબર, પૂજ્ય બાપૂની જન્મ-જયંતી પર આપણે બધા ફરીથી એક વખત એક નવો રેકૉર્ડ બનાવીએ. આપ આપના શહેરમાં જ્યાં પણ ખાદી વેચાતી હોય, હેન્ડલૂમ વેચાતું હોય, હેન્ડિક્રાફ્ટ વેચાતું હોય અને દિવાળીનો તહેવાર સામે છે, તહેવારોની મોસમ માટે ખાદી, હેન્ડલૂમ, કુટિર ઉદ્યોગથી જોડાયેલી તમારી દરેક ખરીદી, Vocal For Local' આ અભિયાનને મજબૂત કરનારી હોય, જૂના બધા રેકોર્ડ તોડનારી હોય.

સાથીઓ, અમૃત મહોત્સવના આ સમયમાં દેશમાં આઝાદીના ઈતિહાસની ન કહેવાયેલી ગાથાઓ ને જન-જન સુધી પહોંચાડવાનું એક અભિયાન પણ ચાલી રહ્યું છે અને તેને માટે નવા લેખકોને, દેશના અને દુનિયાના યુવાનોને આહ્વાન કરાવામાં આવ્યું હતું. આ અભિયાન માટે અત્યાર સુધી 13 હજારથી પણ વધુ લોકોએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે તે પણ 14 અલગ-અલગ ભાષાઓમાં. અને મારા માટે ખુશીની વાત એ પણ છે કે 20 થી વધુ દેશોમાં કેટલાય પ્રવાસી ભારતીઓએ પણ આ અભિયાન સાથે જોડાવા માટે પોતાની ઈચ્છા દર્શાવી છે. વધુ એક રસપ્રદ જાણકારી છે, લગભગ 5000થી વધુ નવા ઉભરતા લેખક આઝાદીની જંગની કથાઓને શોધી રહ્યા છે.

મારા પ્રિય દેશવાસીઓ, સિયાચીન ગ્લેશિયર વિશે તો આપણે બધા જાણીએ છીએ. થોડા દિવસો પહેલાં જ સિયાચીનના આ દુર્ગમ વિસ્તારમાં 8 દિવ્યાંગજનોની ટીમે જે કમાલ કરીને દેખાડી છે, તે દરેક દેશવાસી માટે ગર્વની વાત છે. આ ટીમે સિયાચિન ગ્લેશિયરની 15 હજાર ફીટથી પણ વધુની ઊંચાઈ પર સ્થિત કુમાર પોસ્ટ પર પોતાનો ઝંડો લહેરાવીને વર્લ્ડ રેકૉર્ડ બનાવી દીધો છે. શરીરના પડકારો છતાં પણ આપણા આ દિવ્યાંગોએ જે કાર્ય કરી દેખાડ્યું છે તે આખા દેશ માટે પ્રેરણા છે અને જ્યારે આ ટીમના સભ્યો વિશે જાણશો તો તમે પણ મારી જેમ હિંમત અને ઉત્સાહથી છલકાઈ જશો. આ બહાદુર દિવ્યાંગોનાં નામ છે - મહેશ નેહરા, ઉત્તરાખંડના અક્ષત રાવત, મહારાષ્ટ્રના પુષ્પક ગવાંડે, હરિયાણાના અજય કુમાર, લદ્દાખના લોબ્સાંગ ચોસ્પેલ, તમિલનાડુના મેજર દ્વારકેશ, જમ્મુ-કાશ્મીરના ઈરફાન અહમદ મીર અને હિમાચલ પ્રદેશની ચોન્જિન એન્ગમો.

> **"સિયાચીનના આ દુર્ગમ વિસ્તારમાં 8 દિવ્યાંગજનોની ટીમે જે કમાલ કરીને દેખાડી છે, તે દરેક દેશવાસી માટે ગર્વની વાત છે. આ ટીમે સિયાચીન ગ્લેશિયરની 15 હજાર ફીટથી પણ વધુની ઊંચાઈ પર સ્થિત કુમાર પોસ્ટ પર પોતાનો ઝંડો લહેરાવીને વર્લ્ડ રેકૉર્ડ બનાવી દીધો છે."**

સિયાચીન ગ્લેશિયર પર જીત મેળવવાનું આ ઓપરેશન ભારતીય સેનાના વિશેષ દળોના veteransની મદદથી સફળ થયું છે. હું આ ઐતિહાસિક અને અભૂતપૂર્વ ઉપલબ્ધિ માટે ટીમની પ્રશંસા કરું છું. તે આપણા દેશવાસીઓના "Can Do Culture", "Can Do Determination" "Can Do Attitude" સાથે દરેક પડકારનો સામનો કરવાની ભાવનાને પણ પ્રગટ કરે છે.

મારા પ્રિય દેશવાસીઓ, આજે આપણા લોકોની જિંદગીની હાલત એ છે કે એક દિવસમાં સેંકડો વખત કોરોના શબ્દ આપણા કાને પડે છે, સો વર્ષમાં આવેલી સૌથી મોટી મહામારી, કોવિડ-19 એ દરેક દેશવાસીને ઘણું બધું શિખવાડ્યું છે. હેલ્થકેર અને વેલનેસને લઈને આજે જિજ્ઞાસા પણ વધી છે અને જાગૃતિ પણ. આપણા દેશમાં પારંપરિક રૂપથી આવા નેચરલ પ્રોડક્ટ્સ મોટી માત્રામાં ઉપલબ્ધ છે જે વેલનેસ એટલે કે સ્વાસ્થ્ય માટે ઘણા જ ફાયદાકારક છે. ઓડિશાના કાલાહાંડીના નાંદોલમાં રહેતા પતાયત સાહૂજી આ ક્ષેત્રમાં વર્ષોથી એક અનોખું કાર્ય કરી રહ્યા છે. તેમણે દોઢ એકર જમીન પર મેડિસિનલ પ્લાન્ટ્સ લગાવ્યા છે. એટલું જ નહીં સાહૂજીએ તો આ મેડિસિનલ પ્લાન્ટ્સનું ડોક્યુમેન્ટેશન પણ કર્યું છે. મને રાંચીના સતીશજીએ પત્રના માધ્યમથી આવી જ વધુ એક જાણકારી વિશે જણાવ્યું. સતીશજીએ ઝારખંડના એક એલોવેરા વિલેજ તરફ મારું ધ્યાન દોર્યું છે. રાંચી પાસે જ દેવરી ગામની મહિલાઓએ મંજૂ કચ્છપજી ના નેતૃત્વમાં બિરસા કૃષિ વિદ્યાલયથી એલોવેરાની ખેતીનું

શિક્ષણ લીધું હતું. ત્યારબાદ તેમણે એલોવેરાની ખેતી શરૂ કરી. કોવિડ મહામારી દરમિયાન પણ તેમને સારી આવક થઈ છે. તેનું એક મોટું કારણ એ હતું કે સેનિટાઇઝર બનાવનારી કંપનીઓ સીધા આ લોકો પાસેથી જ એલોવેરા ખરીદી રહી હતી. આજે આ કાર્યમાં લગભગ ચાલીસ મહિલાઓની ટીમ જોડાયેલી છે.

સાથીઓ, આવનારી 2 ઓક્ટોબરે લાલ બહાદુર શાસ્ત્રીજીની પણ જન્મજયંતી છે. તેમની સ્મૃતિમાં, આ દિવસ આપણને ખેતીમાં નવા નવા પ્રયોગો કરનારાઓની જાણકારી પણ આપે છે. મેડિસિનલ પ્લાન્ટના ક્ષેત્રમાં સ્ટાર્ટ-અપને પ્રોત્સાહન આપવા માટે Medi-Hub TBI ના નામથી એક ઈન્ક્યૂબેટર, ગુજરાતના આણંદમાં કામ કરી રહ્યા છે. Medicinal અને Aromatic Plants સાથે જોડાયેલું આ ઈન્ક્યૂબેટર બહુ જ ઓછા સમયમાં જ 15 entrepreneurs ના બિઝનેસ આઈડિયાને સપોર્ટ કરી ચૂક્યું છે. આ ઈન્ક્યૂબેટરની મદદ લઈને જ સુધા ચેબ્રોલૂજીએ પોતાનું સ્ટાર્ટ-અપ શરૂ કર્યું છે. તેમની કંપનીમાં મહિલાઓને પ્રાથમિકતા આપવામાં આવે છે.

સાથીઓ, બાળકોમાં Medicinal અને Herbal Plants પ્રત્યે જાગૃતિ વધારવા માટે આયુષ મંત્રાલયે એક રસપ્રદ પહેલ કરી તેનું બીડું ઝડપ્યું છે આપણા પ્રોફેસર આયુષ્માનજીએ. એવું બની શકે કે,  તમે એ વિચારો કે આ પ્રોફેસર આયુષ્માન છે કોણ? ખરેખર તો પ્રોફેસર આયુષ્માન એક કોમિક બુકનું નામ છે. તેમાં અલગ-અલગ કાર્ટૂન પાત્રોની મદદથી નાની-નાની વાર્તાઓ તૈયાર કરવામાં આવી છે. સાથે જ એલોવેરા, તુલસી, આમળાં, ગિલોય, નીમ, અશ્વગંધા અને બ્રાહ્મી જેવા સ્વાસ્થ્યપ્રદ Medicinal Plantની ઉપયોગિતા વિશે જણાવવામાં આવ્યું છે.

સાથીઓ, પરંપરાગત ખેતીથી આગળ વધીને, ખેતીમાં થઈ રહેલા નવા પ્રયોગ, નવા વિકલ્પ, સતત સ્વરોજગારનાં નવાં સાધનો બનાવી રહ્યા છે. પુલવામાના બે ભાઈઓની વાત પણ તેનું જ એક ઉદાહરણ છે. જમ્મુ-કાશ્મીરના પુલવામામાં બિલાલ અહેમદ શેખ અને મુનિર અહેમદ શેખે જે પ્રકારથી પોતાના માટે નવા માર્ગો શોધ્યા, તે ન્યૂ ઈન્ડિયાનું એક ઉદાહરણ છે. 39 વર્ષના બિલાલ અહેમદ જી Highly Qualified છે. બિલાલજીએ પોતાના ઘરે જ વર્મી કમ્પોસ્ટનું યુનિટ લગાવ્યું છે. આ યુનિટથી તૈયાર થનારા બાયો ફર્ટિલાઈઝરથી ન માત્ર ખેતીમાં ઘણો લાભ થયો, પરંતુ તે લોકો માટે રોજગારની તક પણ લઈને આવ્યું છે. દર વર્ષે આ ભાઈઓના યુનિટથી ખેડૂતોને લગભગ ત્રણ હજાર ક્વિંટલ વર્મી કમ્પોસ્ટ મળી રહ્યું છે. આજે તેમના આ વર્મી કમ્પોસ્ટિંગ યુનિટમાં 15 લોકો કામ પણ કરી રહ્યા છે. પુલવામાના શેખ ભાઈઓએ જોબ સીકર બનવાની જગ્યાએ જોબ ક્રિએટર બનવાનો સંકલ્પ લીધો અને જે તેઓ જમ્મુ-કાશ્મીર જ નહીં, પરંતુ સમગ્ર દેશના લોકોને નવો માર્ગ દેખાડી રહ્યા છે.

મારા પ્રિય દેશવાસીઓ, 25 સપ્ટેમ્બરે દેશના મહાન સંતાન પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીની જન્મજયંતી હોય છે. દીનદયાલજી ગત સદીના સૌથી મોટા વિચારકોમાંના એક છે. તેમનું અર્થ-દર્શન, સમાજને સશક્ત કરવા માટે -તેમની નીતિઓ, તેમના દ્વારા દેખાડવામાં આવેલો અંત્યોદયનો માર્ગ, આજે પણ એટલો પ્રાસંગિક છે, તેટલો જ પ્રેરણાદાયી પણ છે. ત્રણ વર્ષ પહેલાં 25 સપ્ટેમ્બરે તેમની જન્મ-જયંતી પર જ દુનિયાની સૌથી મોટી Health Assurance Scheme - આયુષ્માન ભારત યોજના લાગુ કરવામાં આવી હતી. આજે દેશના બે-સવા બે કરોડથી પણ વધુ ગરીબોને આયુષ્માન ભારત યોજના હેઠળ હોસ્પિટલમાં 5 લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળી ચૂકી છે. ગરીબો માટે આટલી મોટી યોજના, દીનદયાળજીના અંત્યોદય દર્શનને જ સમર્પિત છે. આજના યુવાનો જો તેમનાં મૂલ્યો અને આદર્શોને તેમના જીવનમાં ઉતારે તો તે તેમને ઘણું જ કામ આવી શકે છે.

સાથીઓ, દીનદયાળજીના જીવનમાંથી, આપણને ક્યારેય હાર ન માનવાની શીખ પણ મળે છે. વિપરિત રાજનીતિક અને વૈચારિક પરિસ્થિતિઓ હોવા છતાં, ભારતના વિકાસ માટે સ્વદેશી મોડલના વિઝનથી તેઓ ક્યારેય ડગ્યા નથી. આજે ઘણા બધા યુવાનો પહેલેથી બનેલા માર્ગથી, અલગ થઈને, આગળ વધવા માંગે છે. તેઓ વસ્તુઓને પોતાની રીતે કરવા માગે છે. દીનદયાળજીના જીવનથી તેમને ઘણી જ મદદ મળી શકે છે. તેથી યુવાનોને મારો આગ્રહ છે કે તેઓ તેમના વિશે જરૂરથી જાણે.

મારા પ્રિય દેશવાસીઓ, આપણે આજે ઘણા વિષયો પર ચર્ચા કરી. જેમ આપણે વાત પણ કરી રહ્યા હતા, આવનારો સમય તહેવારોનો છે. આખો દેશ મર્યાદા પુરુષોત્તમ શ્રી રામના, અસત્ય પર વિજયનું પર્વ પણ મનાવવાનો છે. પરંતુ આ ઉત્સવમાં આપણે વધુ એક લડાઈ વિશે યાદ રાખવાનું છે - તે છે દેશની કોરોના સાથેની લડાઈ. ટીમ ઈન્ડિયા આ લડાઈમાં રોજ નવા રેકૉર્ડ બનાવી રહી છે. Vaccination માં દેશે કેટલાયે એવા રેકૉર્ડ બનાવ્યા છે જેની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. આ લડાઈમાં દરેક ભારતવાસીની મહત્વની ભૂમિકા છે. આપણે આપણો વારો આવતાં જ વેક્સિન તો લગાવવાની જ છે પણ એ વાતનું પણ ધ્યાન રાખવાનું છે કે કોઈ આ સુરક્ષા ચક્રથી છૂટી ન જાય. પોતાની આસપાસ જેને વેક્સિન નથી લાગી તેમને પણ વૅક્સિન સેન્ટર સુધી લઈ જવાના છે. વૅક્સિન લાગ્યા પછી પણ જરૂરી પ્રોટોકોલનું પાલન કરવાનું છે. મને આશા છે કે આ લડાઈમાં ફરી એકવાર ટીમ ઈન્ડિયા પોતાનો ઝંડો લહેરાવશે. આપણે આવતા વખતે કેટલાક અન્ય વિષયો પર મન કી બાત કરીશું. આપ બધાને, દરેક દેશવાસીને, તહેવારોની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ...

ધન્યવાદ.... ●



# ગુજરાત વિધાનસભાનાં પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ડૉ.નીમાબહેન આચાર્યની સર્વાનુમતે વરણી

ગુજરાતના ઈતિહાસમાં વિધાનસભા ગૃહમાં ના પ્રથમવાર મહિલા અધ્યક્ષ તરીકે ભુજના ધારાસભ્ય શ્રી ડૉ.નીમાબહેન આચાર્યની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

ચૌદમી ગુજરાત વિધાનસભામાં નવમા સત્રના પ્રથમ દિવસે વિધાનસભાગૃહમાં શાસક પક્ષના નેતા અને મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડૉ.નીમાબહેન આચાર્યની ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે વરણી માટે દરખાસ્ત કરી હતી, જેને શાસકપક્ષ અને વિપક્ષના તમામ ધારાસભ્યોએ ઉત્સાહભેર વધાવી લઈને સર્વાનુમતે ટેકો આપીને મહિલા સશક્તીકરણને વધુ પ્રાધાન્ય આપવા એક હકારાત્મક અભિગમની અનોખી પહેલ કરી હતી.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ હતું કે, જેમના નામ પરથી ગુજરાત વિધાનસભા ગૃહનું નામકરણ થયેલું છે તેવા અને વર્ષ ૧૯૨૫માં CLAના પ્રથમ સભ્ય એવા શ્રી વિઠ્ઠલભાઈ પટેલની જન્મતિથિના દિવસે સભાગૃહે એક નવી ઉજ્જ્વળ પરંપરાનો પ્રારંભ કરીને ડૉ. નીમાબહેન આચાર્યની ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે વરણી કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ડૉ.નીમાબહેન આચાર્યને પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે સભાગૃહ વતી અભિનંદન આપીને શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વિધાનસભાગૃહમાં મંત્રીમંડળના સભ્યશ્રીઓ, વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણી સહિત તમામ ધારાસભ્યશ્રીઓએ ડૉ.નીમાબહેન આચાર્યને ગૃહનાં પ્રથમ મહિલા અધ્યક્ષ બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ●

## પરિચય

ડૉ. નીમાબહેન ભાવેશભાઈ આચાર્ય, ૩ - ભુજ મત વિભાગ (કચ્છ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલાં છે. તેમનો જન્મ તા. ૧૨મી ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના નાગનેશ ખાતે થયો હતો. તેઓએ એમ.બી.બી.એસ., ડી.જી.ઓ. અને ગાયનેક ઓબસ્ટ્રેટીક એમ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ વ્યવસાયે ડૉક્ટર છે. તેઓ નવમી, અગિયારમી, બારમી અને તેરમી વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યાં છે. તેઓ મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ, ગ્રામવિકાસલક્ષી પ્રવૃત્તિઓ, રમતગમત પ્રવૃત્તિઓ સહિત અનેક જનહિતલક્ષી કામગીરીમાં શોખ ધરાવે છે.

## ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે

# શ્રી જેઠાભાઇ ભરવાડ



ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે શહેરા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી જેઠાભાઈ ભરવાડની વરણી કરવામાં આવી છે. ૧૪મી ગુજરાત વિધાનસભાના નવમા સત્રના પ્રથમ દિવસે વિધાનસભાનાં અધ્યક્ષ શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્ય દ્વારા વિધાનસભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઈ ભરવાડના નામની દરખાસ્ત મૂકવામાં આવી હતી, જે બહુમતીથી પસાર થઈ હતી. વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક થવા બદલ શ્રી જેઠાભાઈ ભરવાડને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રીમંડળના સભ્યશ્રીઓ સહિત શાસક પક્ષના સભ્યશ્રીઓએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. ●

### પરિચય

શ્રી જેઠાભાઇ ઘેલાભાઇ ભરવાડ, ૧૨૪-શહેરા મત વિભાગ (પંચમહાલ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૦૧ જૂન, ૧૯૫૦ના રોજ અણિયાદ ખાતે થયો હતો. તેઓએ બી.એ., ફર્સ્ટ એલએલ. બી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ વેપાર ધંધા સાથે સંકળાયેલા છે. તેઓ દસમી, અગિયારમી, બારમી અને તેરમી વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે. તેઓએ પંચમહાલ દૂધ સંઘ, ગોપાલક વિકાસ મંડળ, ગોપાલક સહકારી મંડળી, અણિયાદ દૂધ મંડળી, તથા ખરીદ-વેચાણ સંઘ, શહેરાના ચેરમેન તરીકે સેવા આપી છે. તેઓને વાંચન અને રમત-ગમતનો શોખ છે.



## વરસાદના કારણે સર્જાયેલી સ્થિતીની સમીક્ષા કરતા મુખ્યમંત્રીશ્રી

રાજ્યમાં વરસાદી વાતાવરણ અને પવનની ગતિને કારણે હળવા દબાણના કારણે ઉદભવેલી પરિસ્થિતી અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે બેઠકમાં ખાસ કરીને પોરબંદર, જુનાગઢ, ભાવનગર, અમરેલી ભરૂચ સહિતના વિસ્તારોમાં થયેલા વ્યાપક વરસાદ અને ઝડપી પવનથી કોઇ મોટું નુકશાન કે જાનહાનિ ના થાય તે માટેની સૂચના આપી સંબંધિત જિલ્લા તંત્રો અને રાજ્ય સરકારના વિભાગોની સજ્જતા સતર્કતા અંગેની સંપૂર્ણ જાણકારી મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પોરબંદર અને જુનાગઢ જિલ્લાના કલેકટરો સાથે ટેલિફોનિક વાતચીત કરીને તેમના જિલ્લામાં નીચાણવાળા વિસ્તારોના લોકોની સ્થિતી, જરૂર જણાયે સલામત સ્થળે સ્થળાંતર કરવાના કિસ્સાઓમાં આશ્રયસ્થાન તેમજ ભોજન પ્રબંધ, પવનની ગતિ વગેરેની તલસ્પર્શી વિગતો મેળવી હતી અને માર્ગદર્શન આપ્યું હતું.



શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજયના દરિયાકાંઠાના પ્રવાસન સ્થળો-બિચ ઉપર કોઇ પર્યટક-પ્રવાસી ન જાય તે માટે તેમજ દરિયામાં માછીમારી માટે ગયેલા સાગરખેડૂઓ સલામત પરત આવી જાય તે માટે જરૂરી સૂચનાઓ આપવા અને વ્યવસ્થા કરવા પણ બેઠકમાં સૂચનો કર્યા હતા.

રાજ્યમાં અત્યારની સ્થિતીએ સૌરાષ્ટ્રના ૯ જિલ્લાઓમાં એન.ડી.આર.એફ.ની ૧૮ ટીમ સ્થાનિક તંત્ર સાથે સંકલનમાં રહી તૈનાત કરવામાં આવી છે તેમજ બે ટીમ સ્ટેન્ડ બાય તરીકે રાખવામાં આવી છે તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી.

આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, શહેરી વિકાસના અધિક મુખ્ય સચિવ શ્રી મૂકેશ પૂરી, મહેસૂલના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાની તેમજ માર્ગ-મકાન સચિવ શ્રી સંદીપ વસાવા વગેરે જોડાયા હતા. ●

# ખાનગી યુનિવર્સિટીઓના દ્વિતીય સુધારા વિધેયક પસાર



ગુજરાતના વિદ્યાર્થીઓ-યુવાઓ વિશ્વ સામે આંખમાં આંખ મિલાવી વાત કરી શકે, અન્ય વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરી શકે એવા મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. ગુજરાત સરકારે વિદ્યાર્થીઓ-યુવાઓ શૈક્ષણિક ક્ષેત્રે વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત થાય એ માટે અનેકવિધ નવતર આયામો, પ્રયોગો અને સુધારાઓ કર્યા છે. તાજેતરમાં ચૌદમી વિધાનસભાના નવમા સત્રમાં ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓના દ્વિતીય સુધારા વિધેયક શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ રજૂ કર્યું હતું.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી સરકારે શિક્ષણ યાત્રાને વધુને વધુ વેગવંત બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. રાજ્યનું યુવાધન શિક્ષણ દ્વારા વધુને વધુ રોજગારી મેળવી આત્મનિર્ભર બને એ માટે આયોજનો કરાયા છે. એટલા માટે જ આ સુધારો લાવવામાં આવ્યો છે.

શિક્ષણમંત્રીશ્રીએ બિલ ઉપરની ચર્ચામાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે શિક્ષણને પ્રાધાન્ય આપવા માટે તમામ વર્ગોના વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્કોલરશીપ-શિષ્યવૃત્તિ શરૂ કરી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ, મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના, નવીન વ્યાવસાયિક પ્રકલ્પો માટે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ, કોલેજના વિદ્યાર્થીઓ PHD કરી શકે તે માટે નવીન શોધ યોજના પોસ્ટ ક્રેડિટ શિષ્યવૃત્તિ, મેડિકલની બેઠકોમાં વધારો અને તેની ફીમાં ૫૦ ટકા જેટલી સહાય જેવા અનેકવિધ શિક્ષણલક્ષી આયામો શરૂ કર્યા છે. શિક્ષણમાં ફી-નિયમન માટેની એફ.આર.સી.કમિટીની રચના પણ સરકારે કરી છે, જેથી રાજ્યના હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓને આર્થિક રાહત મળી છે.

દેશમાં છેલ્લાં ૩૪ વર્ષથી જે ન થઈ શક્યું તેવી નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં  અમલી બનાવી છે. મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શિક્ષણ વિભાગમાં હોલિસ્ટિક બદલાવ લાવવા અમે સતત પ્રયત્નશીલ છીએ. વિપક્ષના સારાં સૂચનોને સ્વીકારીને ગુજરાતના હિતમાં શિક્ષણને વધુ મજબૂત બનાવવા નવા સુધારા કરવા અમે કટિબદ્ધ છીએ.

શિક્ષણમંત્રીશ્રીએ ગુજરાત ખાનગી યુનિવર્સિટી- દ્વિતીય સુધારા વિધેયક દ્વારા રાજ્યની ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોને ખાનગી યુનિવર્સિટી સાથે જોડવાના અગાઉ વિધેયકને રદ કરી મૂળ સ્વરૂપે ગ્રાન્ટ ઈન એઇડ કોલેજોને સરકાર ઉચ્ચ શિક્ષણ સાથે જોડવા સુધારા વિધેયકને રજૂ કર્યું હતું. જેને સભાગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોને ખાનગી યુનિવર્સિટી સાથેના જોડાણથી વહીવટી, સ્ટાફ, ભરતી તથા ફી અંગેના પ્રશ્નો અંગે સંસ્થાઓ, અધ્યાપક મંડળો, વિદ્યાર્થી મંડળોની રજૂઆતોને ધ્યાનમાં લઇ ગુજરાતના શિક્ષણના વિશાળ હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓના દ્વિતીય સુધારા વિધેયકને વિધાનસભા ખાતે સર્વાનુમતે પસાર કરાયું હતું. ●

### Ease of doing businessના લક્ષ્યાંક સાથે

## ભારતીય ભાગીદારી કાયદો ૧૯૩૨માં સુધારા વિધેયક પસાર



ગુજરાતમાં Ease of doing businessને વધુ પ્રોત્સાહન આપવાના લક્ષ્યાંક સાથે ભાગીદારી નોંધણી સંબંધિત સમગ્ર પ્રક્રિયા સરળ બને અને નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તેવા હેતુથી ભારતીય ભાગીદારી કાયદા-૧૯૩૨માં રાજય સરકાર દ્વારા સુધારા કરવામાં આવ્યાં છે તેમ વિધાનસભા ગૃહમાં નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ભારતીય ભાગીદારી કાયદો, ૧૯૩૨ - કેન્દ્રનો કાયદો છે, જે દેશમાં તા.૦૧/૧૦/૧૯૩૨થી અમલી છે. પેઢીની નોંધણી ફરજિયાત નથી, પરંતુ પેઢીની નોંધણીનાં કેટલાક ફાયદા હોવાથી સામાન્ય રીતે પેઢીની નોંધણી કરવામાં આવે છે. નોંધણીને લગતી કામગીરીમાં રહેલી ત્રુટી નિવારવા માટે આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે.

ભાગીદારી પેઢીની નોંધણીને લગતી કામગીરી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. હાલમાં પેઢીની નોંધણી માટેની અરજી કરવી, તેની સાથે દસ્તાવેજો રજૂ કરવા, નોંધણી કરવી, પેઢીમાં વખતોવખત થતાં ફેરફારોની જાણ અને તેની મંજૂરી, ફીની

# ‘કૌશલ્યા’ સ્કીલ યુનિવર્સિટી વિધેયક વિધાનસભામાં સર્વાનુમતે પસાર



ગુજરાતમાં દેશ અને વિદેશના મૂડીરોકાણકારો પોતાના ઉદ્યોગો સ્થાપી રહ્યા છે. તેમજ આવનાર સમયમાં પણ પ્રગતિશીલ ગુજરાત મૂડી રોકાણમાં દેશનું કેન્દ્ર સ્થાન બનવા જઈ રહ્યું છે. વૈશ્વિક ક્ષેત્રે વિવિધ સેક્ટરોમાં પણ સતત બદલાતી ટેકનોલોજી અનુરૂપ કુશળ માનવબળની જરૂરિયાત દિવસે દિવસે વધી રહી છે. આવા સંજોગોમાં કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં તાલીમની ગુણવત્તાને વેગ આપવા માટે તેમજ શિક્ષણ, તાલીમ અને સંશોધન માટે માળખુ તૈયાર કરવા માટે ‘કૌશલ્યા’ સ્કીલ યુનિવર્સિટીની જરૂરીયાત ઉભી થઈ છે.

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં તાલીમની ગુણવત્તાને વેગ આપવા માટે તેમજ શિક્ષણ, તાલીમ અને સંશોધન માટે માળખુ તૈયાર થાય તે માટે ‘કૌશલ્યા’ સ્કીલ યુનિવર્સિટી વિધેયકને રજૂ કર્યું હતું. વિધાનસભામાં ‘કૌશલ્યા’ સ્કીલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧ રજૂ કરતા મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી સરકારે કૌશલ્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત તાલીમને વધુને વધુ વેગવંત બનાવવાનો નિર્ધાર કર્યો છે.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ બીલ ઉપરની ચર્ચામાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ સ્કીલ ઈન્ડિયા મિશનના ભાગ રૂપે ભારતમાં ૪૦ કરોડથી વધુ લોકોને વિવિધ કૌશલ્યમાં તાલીમ આપવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યુ છે. દેશના આ મિશનના ઉદેશને સાકારિત કરવા રાજયના યુવાધનને કૌશલ્યબધ્ધ કરવા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી ગુજરાત રાજયના યુવાધનને “કૌશલ્ય સાથે શિક્ષણ” અને “દરેક યુવાનને કૌશલ્ય” મળી રહે તે હેતુ માટે અમદાવાદમાં “કૌશલ્યા” સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના સરકારશ્રી દ્વારા કરવામાં આવશે, જેનું સંપૂર્ણ સંચાલન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

‘કૌશલ્યા’ સ્કીલ યુનિવર્સિટી વર્ટીકલ મોબિલિટીના માધ્યમથી સ્કીલ ડેવલપમેન્ટને ઉચ્ચ શિક્ષણ સાથે જોડાણ કરવામાં એક સેતુનું કામ કરશે. જેના થકી રાજયના યુવાધન માટે પ્રગતિના દ્વાર ઉઘાડશે તથા કારકિર્દીની નવી તકોનું સર્જન કરશે. “કૌશલ્ય સાથે શિક્ષણ” ના અભિગમથી રાજયના યુવાનો કૌશલ્યક્ષમ થકી રોજગારક્ષમ બનશે. રાજયમાં આવનાર સમયમાં ઉભી થનાર કુશળ માનવબળની જરૂરિયાતની સાપેક્ષે કુશળ માનવબળ ઉભું કરી શકાશે. પરીણામે ઉદ્યોગોની ઉત્પાદકતામાં વધારો થશે.

ઉદ્યોગોમાં નિરંતર બદલાતી ટેકનોલોજીને અનુરૂપ સ્કીલ ડેવલપમેન્ટના ઉત્પાદન તેમજ સર્વિસક્ષેત્રે નવીનતમ અભ્યાસક્રમો બનાવી ઉદ્યોગગૃહોની અગામી સમયમાં કુશળ માનવબળની જરૂરિયાતને પૂર્ણ કરશે અને જે માટે સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે જરૂરી રીસર્ચ કરી દેશના પ્રાથમિક, માધ્યમિક અને સર્વિસ સેક્ટર સાથે સંકળાયેલ ઉદ્યોગના ઉભરતા વિસ્તારો ઓળખી આગામી સમયમાં સ્કીલની જરૂરિયાત મુજબ કુશળ માનવબળ તૈયાર કરવામાં આવશે. જે અનુસંધાને ‘કૌશલ્યા’ સ્કીલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧ વિધાનસભા ખાતે સર્વાનુમતે પસાર કરાયું હતું. ●

ચૂકવણીને લગતી સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન છે પરંતુ તેને કાયદાનો આધાર નથી. આ વિધેયક પસાર થવાથી તેને કાયદાનો આધાર મળશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

તેમણે વધુમાં કહયું હતું કે, આ ઉપરાંત, પેઢીના PAN તેમજ ભાગીદારોના PAN અને Aadhaarની વિગતો મેળવીને નોંધણીની પ્રક્રિયા વધુ સરળ બનાવી શકાશે. આ વિધેયકથી ખામીયુક્ત અરજી કે દસ્તાવેજોમાં રહેલી ત્રુટીઓની નિયત સમયમર્યાદામાં અરજદારને જાણ કરી શકાશે અને અરજદાર દ્વારા નિયત સમયમર્યાદામાં પૂર્તતા થાય અને પૂર્તતા થયેથી નોંધણી/ફેરફારોને નિયત સમયમર્યાદામાં માન્ય રાખી શકાશે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પેઢીના બંધારણમાં ફેરફાર, પેઢીના વિસર્જન અને સગીર વ્યક્તિની ભાગીદારી સ્વીકાર / અસ્વીકાર બાબતની જાણ કરવી ફરજીયાત ન હોવાથી પેઢીમાં પ્રવર્તમાન ભાગીદારો તેમજ પેઢીનાં વિસર્જનની હકીકતોથી વાકેફ રહી શકાતું નથી. આથી, પેઢી દ્વારા નોંધણી મેળવ્યા બાદ તેમાં થતાં ફેરફારોની જાણ ૯૦ દિવસની સમયમર્યાદામાં થાય તે બાબતનો સમાવેશ પણ આ વિધેયકમાં કરવામાં આવ્યો છે.

તેમણે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, હાલ રજીસ્ટ્રારના આદેશ સામે અપીલની જોગવાઈ ન હોવાથી સીધેસીધી હાઇકોર્ટ સમક્ષ અરજી દાખલ કરવાની રહેતી હતી, જેથી Litigation અંગેની પ્રક્રિયા ખર્ચાળ બનતી હતી. આ ત્રુટી નિવારવા સક્ષમ સત્તાધિકારી સમક્ષ અપીલ થઇ શકે તેવી જોગવાઇનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ભાગીદારી કાયદો ૧૯૩૨માં સુધારા વિધેયક વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. ●

# ગુજરાત GST વિધેયક-2021 સર્વાનુમતે પસાર

ગુજરાતના વ્યાપારીઓની સરળતા માટે, વ્યાપારમાં તકલીફ ન પડે તેમજ રાજ્યમાં વ્યાપાર, ધંધા રોજગારમાં સતત વૃદ્ધિ-વધારો થાય તેવા એક માત્ર હેતુથી GST સુધારા વિધેયક 2021 ગૃહમાં લાવવામાં આવ્યું છે તેમ વિધાનસભાગૃહમાં નાણા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ જણાવ્યું હતું.

આ વિધેયક અંગે નાણામંત્રીશ્રીએ કહ્યું હતું કે વર્ષ 2017માં સૌપ્રથમ GST કાયદાનો દેશવ્યાપી અમલ થયો હતો. આ નવીન કર કાયદો અમલમાં આવતા તેમાં વ્યાપારીઓને પડતી તકલીફો દૂર કરવા તેમજ કાયદાને વધુને વધુ સરળ બનાવવાના હેતુથી તેમાં સમયાંતરે ફેરફાર- સુધારા કરવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે કોરોનાની વૈશ્વિક મહામારી બાદ ગુજરાત સહિત ભારત અને વિશ્વના GDP અર્થતંત્રમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાતના વેપારીઓ, ખેડૂતો, નાગરિકો વધુ સરળતાથી આ કરની પ્રક્રિયા સમજી અને અમલ કરી શકે તેવા શુભ આશયથી આ સુધારો કરવામાં આવ્યો છે. સરકારની આવક વધારવા નહીં પણ સારા અને સાચા વેપારીઓના હિતમાં આ સુધારો કરાયો છે તેમ તેમણે ઉમેર્યું હતું.




નાણામંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગત વર્ષે વેપારીઓને 8,476 કરોડ અને ચાલુ વર્ષે રૂ 6,558 કરોડનું GST રિફંડ ચુકવવામાં આવ્યું છે. ગત વર્ષે ગુજરાતમાં અંદાજે 1.55 લાખ વેપારીઓ જ્યારે ચાલુ વર્ષે 60 હજારથી વધુ વેપારીઓએ GST હેઠળ નોંધણી કરાવી છે તેમ તેમણે કહ્યું હતું.

નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ,૨૦૧૭ ના સુધારા પર બીલ રજુ કરતા જણાવ્યું કે, જીએસટી કાઉન્સિલની ૩૯મી બેઠકની ભલામણોને આધારે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રનાં જી.એસ.ટી. કાયદાની જોગવાઇઓમાં સુધારાઓ કરવામાં આવ્યા છે. દેશનાં કેટલાક રાજ્યો દ્વારા કાઉન્સિલની ભલામણને આધારે પોતાનાં જી.એસ.ટી. કાયદામાં સુધારાઓ કર્યા છે. "વન-નેશન, વન-ટેક્સ"ના સૂત્રના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓ સાથે સુસંગતતા જાળવી રાખવા માટે ગુજરાત જી.એસ.ટી. કાયદામાં પણ સુધારાઓ કરવાનો છે.

કરદાતાઓને સવલત થાય અને તેમના કોમ્પલાયન્સ કોસ્ટમાં ઘટાડો થાય તે માટે ચાર્ટર્ડ એકાઉન્ટ / કોસ્ટ એકાઉન્ટ પાસે વાર્ષિક હિસાબો ફરજિયાત રીતે ઓડિટ કરાવવામાંથી મુક્તિ, ચાર્ટર્ડ એકાઉન્ટ / કોસ્ટ એકાઉન્ટ દ્વારા રીકન્સીલીયેશન સ્ટેટમેન્ટ પ્રમાણિત કરાવવાને બદલે પોતાની મેળે સ્વપ્રમાણિત કરી શકે તેવી જોગવાઇ છે. તા. ૧લી જુલાઈ, ૨૦૧૭ ની અસરથી વિલંબથી ચૂકવેલ વેરાની રકમ પર Net Tax Liability પૂરતું જ વ્યાજ વસૂલ કરવાની જોગવાઈથી કરદાતા પર વ્યાજનું ભારણ ઘટશે અને બિન-જરૂરી વિવાદો ટાળી શકાશે.

કરચોરી પર નિયંત્રણ રાખીને ટેક્સ કોમ્પ્લાયન્સનો વ્યાપ વધારવા માટે વેચનારે ઇનવોઇસ / ડેબિટ નોટની વિગતો સ્ટેટમેન્ટમાં દર્શાવેલ ન હોય તેવાં કિસ્સામાં ખરીદનારને તેની ક્રેડિટ લેતાં અટકાવવા અને વેચનારે જે વ્યવહારો સ્ટેટમેન્ટમાં દર્શાવેલ હોય પરંતુ પત્રકમાં દર્શાવેલ ન હોય તેવાં વ્યવહારો પર સીધે-સીધી વસૂલાત કરવા અંગેની બાબતોનો સમાવેશ થાય છે.

વસુલાતની કાર્યવાહીનો વ્યાપ વધારવા માટે આકારણી, વસૂલાત વગેરેને લગતી કોઈપણ કાર્યવાહી શરૂ કર્યા બાદ સરકારી આવકના હિતોના રક્ષણ માટે કરદાતા અથવા કરચોરીથી લાભ લેનાર અન્ય કોઇ પણ વ્યક્તિનાં બેન્ક ખાતા સહિતની અન્ય મિલકત પર કામચલાઉ ટાંચ મૂકવાની જોગવાઇ છે. માલવહન કરનાર કરદાતા રાજ્ય બહારના હોય તેવાં કિસ્સામાં અટકાયત કરેલ માર્ગસ્થ ચીજ-વસ્તુ પર વેરાની વસૂલાતમાં પડતી મુશ્કેલી દૂર કરવાના હેતુથી વેરાને બદલે દંડની વસુલાત કરવા અંગેની જોગવાઇઓનો પણ આ વિધેયકમાં સમાવેશ કરાયો છે.

જીએસટી કાયદાના અસરકારક અમલીકરણમાં વહીવટી સુગમતા માટે કરદાતાઓને વાર્ષિક પત્રક ફાઇલ કરવામાંથી મુક્તિ આપવા અંગેની સત્તા કમિશનરને સુપરત કરવામાં આવેલ છે, જેથી આ લાભ નાના કરદાતાઓને મળી શકશે.

કોઈપણ ક્લબ, સોસાયટી જેવાં વ્યક્તિઓ અને તેમનાં મેમ્બર્સ વચ્ચે થતી પ્રવૃત્તિઓ / વ્યવહારોને સપ્લાય ગણી વેરો આકારી શકાય તેવું સ્પષ્ટીકરણ તા. ૦૧/૦૭/૨૦૧૭ ની અસરથી અમલી બનાવવા બાબતનો પણ આ વિધેયકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, સમગ્ર રીતે જોઈએ તો આ વિધેયકમાં દર્શાવેલ સુધારાઓથી Ease of Doing Business માં વધારો થશે.

નાણામંત્રીશ્રી આ સુધારા વિધેયકને વિના વિરોધે પસાર કરવા બદલ ગૃહના તમામ સભ્યોનો રાજ્ય સરકાર વતી આભાર પણ માન્યો હતો. ●

# રાજ્યમાં વૃક્ષોની સંખ્યામાં ૫૮ ટકાનો વધારો નોંધાયો



વૃક્ષોના વધુને વધુ વાવેતર થકી શુદ્ધ વાતાવરણ મળે તથા પર્યાવરણના જતનના કાર્યને વેગ મળે તે આશયથી ધારાસભ્ય શ્રી જિજ્ઞેશકુમાર સેવક દ્વારા ચૌદમી વિધાનસભાના નવમાં સત્રમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરતાં ધારાસભ્ય શ્રી જિજ્ઞેશકુમાર સેવકે જણાવ્યું હતું કે, વૃક્ષો ઓક્સિજનનો સૌથી મોટો સ્ત્રોત છે. તેથી વૃક્ષારોપણ કરીને ઓક્સિજનનું સ્તર વધારવા નાગરિકોને સજાગ કરવાની તાતી જરૂરિયાત છે.

ભારતીય સંસ્કૃતિ અને વેદોમાં પ્રકૃતિનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. શાસ્ત્રોમાં પણ વનીકરણ તથા પ્રકૃતિ પ્રેમી લોકોની ઉપસ્થિતિ અને ભાવ પ્રગટ થાય છે. છેલ્લાં ઘણાં વર્ષોથી દેશ અને વિશ્વમાં નવા નવા રોગોનું ચલણ વધ્યું છે. આ પરિસ્થિતિમાં પ્રકૃતિનું દોહન કરવા આપણે સૌએ સહિયારા પ્રયાસ હાથ ધરવાના છે. કોરોનાની મહામારીએ આપણને સૌને પરોક્ષ રીતે ઓક્સિજનનું મહત્વ સમજાવ્યું છે. આથી ઓક્સિજનનું સ્તર વધારવા પણ વૃક્ષારોપણ ખુબ જ જરૂરી છે. વાતાવરણમાં ઉમેરાતા હાનિકારક પાર્ટીકલના કારણે માનવ શરીરમાં શ્વસનને લગતી વિવિધ સમસ્યાઓ અને રોગોનું પ્રમાણ વધી રહ્યું છે તેવામાં પ્રકૃતિનું જતન કરવા વધુમાં વધુ વૃક્ષો વાવવા નાગરિકોએ સંકલ્પબદ્ધ થવાની જરૂર છે. પ્રકૃતિનું જતન કરવું એ આપણી નૈતિક જવાબદારી છે તેથી તેનું જતન કરવા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ જળવાય અને હવાનું શુદ્ધિકરણ થાય તે સમયની માંગ છે અને તેના માટે બહોળા પ્રમાણમાં વૃક્ષોનો ઉછેર કરીને પર્યાવરણ બચાવવાના કામમાં સહયોગી બનવાના પ્રયાસો કરવા જોઈએ. વૃક્ષારોપણ દ્વારા પ્રકૃતિના જતન માટે સૌ કોઈ આગળ આવે તથા વન અને પર્યાવરણ વિભાગ અને રાજ્ય સરકાર તરફથી સાર્વત્રિક પ્રયાસો થાય તે માટે સઘન અને અસરકારક કામગીરી કરવા ધારાસભ્યએ જણાવ્યું હતું.

આ પ્રસ્તાવને આવકારતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યુ હતું કે, આજના વૈજ્ઞાનિક યુગમાં આયુર્વેદિક, એલોપેથી કે હોમિયોપેથી દવાઓ બનાવવામાં પણ વૃક્ષો તથા તેના ફળ, ફૂલ, પાન ખૂબ મદદરૂપ થઇ રહ્યા છે. રાજ્યમાં વૃક્ષની સંખ્યા વધારવા માટે અનેકવિધ આયોજનો થઇ રહ્યા છે જેમાં તાજેતરમાં જ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે વૃક્ષારોપણ સંલગ્ન અનેક કાર્યક્રમોનું આયોજન કરીને લાખોની સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન મહોત્સવને સાચા અર્થમાં વનીકરણ કરવા માટેનો મહોત્સવ બનાવ્યો હતો. અગાઉ જે વન મહોત્સવ માત્ર પાટનગરમાં જ યોજાતો હતો, તે હવે રાજ્યભરમાં યોજીને લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવે છે.

પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૧માં ૨૫૦ જેટલા ઓક્સિજન વનો ઉભા કરી ઓક્સિજન પ્લાન્ટના ઉદઘાટન કર્યા છે. એટલું જ નહીં ૨૧ સાંસ્કૃતિક વનોની સ્થાપના પણ કરી છે. અગાઉ રાજ્યમાં જે ૨.૦૧ કરોડ વૃક્ષો હતા તે વર્ષ ૨૦૨૧માં ૩૯.૭૮ કરોડ થવા પામ્યા છે. એટલે કે રાજ્યમાં વૃક્ષોમાં ૫૮ ટકા જેટલા વધારો નોંધાયો છે જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે. વનવિભાગ દ્વારા વિવિધ સહકારી સંસ્થાઓ અને સેવાકીય સંસ્થાઓને ૭૧ લાખ વૃક્ષ વાવેતરના હેતુ માટે રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. તે ઉપરાંત વૃક્ષ રથ દ્વારા રાજ્યભરમાં ડોર-ટુ-ડોર રોપા વિતરણ કરવામાં આવ્યા છે.

ગેરકાયદે વૃક્ષો કપાય નહીં તે માટે પર્યાપ્ત કાયદાઓ છે તેનો કડક અમલ પણ કરી રહ્યા છીએ. એટલું જ નહીં વિવિધ પ્રોજેક્ટ કે ઉદ્યોગ માટે મંજૂરી આપતા પહેલા કેટલીક શરતો મૂકવામાં આવે છે જેમાં ફરજિયાત વૃક્ષો ઉછેરવાની શરતનો પણ સમાવેશ થાય છે જેને પરિણામે ઉદ્યોગો દ્વારા પણ ખૂબ મોટા પાયે વૃક્ષો ઉછેરવામાં આવી રહ્યા છે. તે ઉપરાંત રાજ્યભરમાં ૧૦ કરોડ વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન પૂર્ણ થવા આવ્યું છે.

છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચામાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી તથા ધારાસભ્યો સર્વ શ્રી પુંજાભાઈ વંશ, શ્રી રમણભાઈ પટેલ, શ્રી વિરજીભાઈ ઠુંમર, શ્રી વિજયભાઈ પટેલ અને શ્રી અનિલભાઈ જોષીયારાએ ભાગ લીધો હતો.●





### ગુજરાત વિધાનસભાનું ઐતિહાસિક સત્ર સંપન્ન

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વમાં વિધાનસભાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ

### - શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત વિધાનસભાનું ઐતિહાસિક સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું છે. મુખ્યમંત્રીશ્રીના સાલસ સ્વભાવ અને નિખાલસ વ્યક્તિત્વના પરિણામે વિપક્ષના નેતાશ્રી સહિત સૌ સભ્યોના અપ્રતિમ સહયોગના પરિણામે બે દિવસનું સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું છે. તે બદલ મુખ્યમંત્રીશ્રીનો શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ડૉ. નીમાબેન આચાર્યની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જ્યારે ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઈ ભરવાડની વરણી કરવામાં આવી છે.

બે દિવસના આ સત્રમાં રાજય સરકારના મહત્વના નિર્ણયો, યોજનાકીય કામગીરી માટે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં પણ વિપક્ષ-શાસક પક્ષના સૌ સભ્યો સમગ્ર કામગીરીમાં ખૂબ જ નિષ્પક્ષ રીતે સહભાગી થયા હતા. ગૃહમાં રજૂ થયેલા ચાર સરકારી વિધેયકોમાં પણ વિપક્ષ સહિત સૌ સભ્યોએ ખુલ્લા મને ચર્ચા કરીને તમામ બિલો સર્વાનુમતે પસાર કરાયા છે, એ પણ એક ઐતિહાસિક ઘટના બની છે.

મંત્રીશ્રીએ બે દિવસીય વિધાનસભા સત્રની વિગતો આપતા કહ્યુ હતું કે, આ ચાલુ સત્રમાં કુલ ચાર વિધેયક વિના વિરોધે, સર્વાનુમતે પસાર કરાયા હતા. જેમાં નાણા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧ તથા ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૧; શ્રમ અને રોજગાર વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઇ મેરજાએ ''કૌશલ્યા''ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક ૨૦૨૧, જ્યારે શિક્ષણ વિભાગનું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) ૨૦૨૧ને સર્વાનુમતે વિના વિરોધે પસાર કરીને વિધાનસભા ગૃહમાં પક્ષ અને વિપક્ષે ગુજરાતની પ્રજાના હિતમાં નવી હકારાત્મક પહેલ કરી છે. વિધાનસભા સત્રના છેલ્લા દિવસે વૃક્ષારોપણનું મહત્વ દર્શાવતો છેલ્લા દિવસનો પ્રસ્તાવ ધારાસભ્ય શ્રી જિજ્ઞેશકુમાર સેવકે રજૂ કર્યો હતો. સમગ્ર સત્ર દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ કૃષિ મંત્રી શ્રી આર.સી. ફળદુ, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા સહિત સૌ સિનિયર મંત્રીશ્રીઓના માર્ગદર્શન થકી કામગીરી સુચારુ રીતે સંપન્ન થઈ છે.

સત્રના સફળ સંચાલન માટે વિપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી અમીતભાઈ ચાવડા સહિત વિપક્ષના સૌ સભ્યો, સંસદીય મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, દંડક શ્રી પંકજભાઇ દેસાઇ સહિત શાસક પક્ષના સભ્યોએ જે સહયોગ આપ્યો એ બદલ સૌ સભ્યોનો તેમણે આભાર વ્યક્ત કર્યો છે. ●

# બિનઅનામત વર્ગના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ



રાજયના બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ માટે બિન અનામત આયોગ કાર્યરત કરીને વિવિધ યોજનાકીય લાભો રાજય સરકાર દ્વારા પૂરા પાડવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં આયોગને રૂપિયા ૧૨૫ લાખની રકમ ફાળવાઈ છે.

વિધાનસભા ખાતે બિન અનામત આયોગને ફાળવાયેલી રકમના પ્રશ્નના પ્રત્યુત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે જણાવ્યું કે, બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સુવિધાઓ, તાલીમ પૂરી પાડવા માટે પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ બિનઅનામત આયોગની રચના કરીને જે સહાયની જાહેરાત કરી છે જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં અમે આગળ વધારીને વિદ્યાર્થીઓને સહાયરૂપ થવાનો નિરંતર પ્રયાસ કરવામાં આવશે.

આ યોજનાના લાભો લાભાર્થીઓને મળી રહે એ માટે તમામ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવે છે. રાજયમાં ચાલતા મેડિકલ-ડેન્ટલના સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, વ્યાવસાયિક અભ્યાસક્રમો, ઇજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેકચર, આયુર્વેદિક, હોમિયોપેથી, ફિઝિયોથેરાપી, વેટરનરી અભ્યાસક્રમો માટે અભ્યાસક્રમની કુલ ટ્યૂશન ફી અથવા રૂપિયા ૧૦ લાખ તે બે પૈકી જે ઓછું હોય તે પ્રમાણેની લોન ૪ ટકાના સાદા વ્યાજે નિગમ દ્વારા આપવામાં આવે છે. ઉપરાંત વિદેશ અભ્યાસ માટે રૂપિયા ૧૫ લાખની વિદેશ અભ્યાસ લોન આપવામાં આવે છે. ●

## 'કોરોના મહામારી સાથે ગુજરાતે હિંમતપૂર્વક બાથ ભીડી છે' : આરોગ્ય મંત્રીશ્રી



રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે વૈશ્વિક મહામારી કોરોના અંતર્ગત તમામ દેશો જ્યારે ચિંતિત હતા અને ભારતમાં પણ કોરોનાનો પ્રવેશ થતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દૃષ્ટિવંત આયોજનના પરિણામે અન્ય દેશો કરતાં ભારતમાં કોરોનાનો મૃત્યુદર પ્રમાણમાં ખૂબ જ ઓછો નોંધાયો છે. ગુજરાતમાં પણ જ્યારથી કોવિડનો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી જ રાજ્ય સરકારની અસરકારક કામગીરી અને સમયબદ્ધ આયોજનના પરિણામે અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં કોવિડનો મૃત્યુદર ખૂબ જ ઓછો છે. રાજ્યમાં છેલ્લાં બે એક વર્ષથી પ્રવરતી રહેલ કોરોનાની પરિસ્થિતિ અંતર્ગત ૧૦,૦૮૨ જેટલાં મૃત્યુ નોંધાયાં છે.

મંત્રીશ્રી પટેલે ઉમેર્યુ હતું કે, રાજ્ય સરકાર દ્વારા કોરોનાના દર્દીઓને સત્વરે સારવાર મળી રહે તે માટે તમામ જિલ્લાઓમાં કોવિડ ડેઝિગ્નેટેડ હોસ્પિટલો કાર્યરત કરીને પૂરતી પથારીની વ્યવસ્થાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી હતી. વિધાનસભા ખાતે પ્રશ્નોત્તરીમાં કેટલાક પ્રશ્નોમાં માત્ર ડેઝિગ્નેટેડ હોસ્પિટલમાં થયેલ મૃત્યુના આંકડા તેમજ કેટલાક પ્રશ્નોમાં જિલ્લાઓના મૃત્યુના આંકડા માગવામાં આવ્યા છે. રાજ્ય સરકારે કોવિડ-૧૯ ના કારણે મૃત્યુના જે આંકડા જાહેર કર્યા છે તેમાં મહાનગરપાલિકા વિસ્તારની વિગતો તેમજ કોવિડ કેર સેન્ટર, કોવિડ હેલ્થ સેન્ટર, તેમજ હોમ આઈસોલેશનમાં થયેલા મૃત્યુના આંકડાઓનો સમાવેશ થાય છે. અમુક જિલ્લાઓમાં પ્રશ્નોત્તરીમાં માત્ર ડેઝિગ્નેટેડ હોસ્પિટલોમાં જ થયેલાં મૃત્યુના આંકડાઓ માંગવામાં આવ્યા છે. તેમાં ખાનગી હોસ્પિટલ તેમજ આઈસોલેશનમાં રહેલ દર્દીઓના મૃત્યુના આંકડાઓનો સમાવેશ થતો નથી.

વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, કોવિડ કાળ દરમિયાન કોવિડ-૧૯ અને અન્ય ગંભીર બીમારીના કારણોસર મૃત્યુ નોંધાયું હોય તેવા તમામ મૃતકોના સંતાનોને સહાયરૂપ થવા માટે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી દ્વારા મુખ્યમંત્રી બાલ સખા યોજના જાહેર કરીને આવાં બાળકોને સહાયરૂપ થવાનો નિર્ણય કરાયો હતો જે હેઠળ મૃતકના એક કરતાં વધુ પ્રત્યેક બાળકને લાભાર્થી તરીકે સહાય આપવામાં આવે છે.

મંત્રીશ્રી પટેલે કહ્યું હતું કે, કોવિડ-૧૯ માં નોંધાયેલાં મૃત્યુ સંદર્ભે ભારત સરકારના ગૃહ વિભાગના તા.૨૫.૦૯.૨૦૨૧ ના પત્રથી SDRFની હાલની જોગવાઈઓમાં ઉમેરો કરી રૂ.૫૦,૦૦૦ ની સહાય ચૂકવવાનો નિર્ણય કરાયો છે. જે સંદર્ભે ગુજરાતમાં આ સહાય ચૂકવવા જિલ્લા કક્ષાએ કમિટીની રચના કરી ભારત સરકારની સૂચના મુજબ રૂ.૫૦,૦૦૦ ની સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવાશે. ●

## ગુજરાત પોલીસ નાગરિકોના રક્ષણ માટે કટિબદ્ધ



ગુજરાત પોલીસ પ્રજાની સુરક્ષા માટે ખડેપગે તૈનાત રહી જાનના જોખમે સંનિષ્ઠ પ્રયાસો કરી રહી છે ત્યારે પોલીસને અભિનંદન આપવાના બદલે તેમનું મોરલ તોડવાનો પ્રયાસ નિંદનીય છે એમ વિધાનસભા ખાતે એક પ્રશ્નના પ્રત્યુત્તરમાં ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત ATS દ્વારા તાજેતરમાં ૭૨ કલાકના જાનના જોખમે ઓપરેશન હાથ ધરીને સાત કિલોથી વધુ હેરોઈન જપ્ત કરીને સાતથી વધુ ઈરાનિયન વ્યક્તિઓને પકડી પાડીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. આ માટે ATSના સૌ પોલીસ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવું છું. પોલીસની સારી કામગીરી હોય ત્યારે તેમને બિરદાવીને પ્રોત્સાહિત કરવા એ આપણા સૌની ફરજ છે. ●

### કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ

## નખત્રાણા બજાર સમિતિને રૂ. ૩૬૬.૨૦ લાખની ફાળવણી



વિધાનસભાગૃહમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બજાર સમિતિઓ માટે મંજૂર કરેલી રકમ અંગે પૂછાયેલા પ્રશ્નના ઉત્તર આપતા સહકાર વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બજાર સમિતિને વિવિધ ૩૫ જેટલી આંતર માળખાકીય સુવિધાઓ ઊભી કરવા સહાય કરવામાં આવે છે.

કચ્છ જિલ્લાની નખત્રાણા બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ તા.૩૧મી માર્ચ ૨૦૨૧ની સ્થિતિએ રૂ. ૩૬૬.૨૦ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. તે માટે ઓફિસ બીલ્ડિંગ, કમ્પાઉન્ડ વોલ, ઓક્શન શેડ, ફાર્મર્સ ગોડાઉન, શોપ કમ ગોડાઉન, વે બ્રિજ, વે બ્રિજ ઓફિસ, આંતરિક પાકા રસ્તા અને કોમન ટોઈલેટ - બાથરૂમના કામ માટે આ રકમ મંજૂર કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. ●

# વિધાનસભામાં લોકપ્રશ્નોને વાચા

લોકહિતનાં કાર્યો કરી ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓ લોકપ્રહરી તરીકે ખરા ઊતરતા હોય છે. વિધાનસભામાં વિકાસકાર્યોને વાચા આપવાનું બહૂમૂલ્ય કાર્ય આ લોકપ્રહરીઓના શિરે હોય છે. ૧૪મી વિધાનસભાના નવમા સત્ર દરમિયાન લોકો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનું પ્રતિનિધિત્વ ધારાસભ્યશ્રીઓએ કર્યું હતું. સમગ્ર પ્રશ્નોતરીને સમાવવી શક્ય ન હોવા છતાં વિધાનસભા સત્રની કામગીરીની આછેરી ઝલક અત્રે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.



**ઊંઝાનાં ધારાસભ્ય ડો. આશાબહેન પટેલ**ને માહિતી પૂરી પાડતાં પ્રવાસન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,મહેસાણા જિલ્લાના મોઢેરા સૂર્યમંદિરના વિકાસ માટે પાર્કિંગ, સેન્સર આધારિત ઈલેક્ટ્રિક પોલ, ડેક, બેઠક વ્યવસ્થા, નાનું એમ્ફી થિયેટર, પીચિંગ, સાઈનેઝી, કન્ટેનર ટોઈલેટ, કાફેટેરિયાનું રિનોવેશન અને અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. આ સ્થળના વિકાસ પાછળ રૂ.૨૧૬.૪૩ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે.

**ફતેપુરાના ધારાસભ્ય શ્રી રમેશભાઈ કટારા**ના પ્રશ્નનો જવાબ આપતા ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી કૃષિ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં જળસંગ્રહ માટે ચેકડેમ, રિનોવેશન ચેકડેમ સેટિંગના કામો હાથ ધરવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૧૯-૨૦માં જળસંગ્રહનાં ૩૫ કામો માટે રૂ.૬૧.૭૨ લાખ અને વર્ષ ૨૦૨૦-૨૧નાં ૨૨ કામો માટે રૂ.૫૬.૦૮ લાખ ખર્ચ થયો છે.





અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાના અસરગ્રસ્તોને સહાય અંગે **સાવરકુંડલા ધારાસભ્ય શ્રી પ્રતાપભાઈ દૂધાત**ને વિગતો પૂરી પાડતાં મહેસૂલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથમાં કુલ ૭૦૪૮૧ અસરગ્રસ્તોને મકાન સહાય, ૧૦૨૬૨૫ અસરગ્રસ્તોને કેશડોલ્સ અને ૪૦૬૯૮ અસરગ્રસ્તોને ઘરવખરી માટેની સહાય પૂરી પાડવામાં આવી છે. જ્યારે અમરેલીમાં કુલ ૫૩૨૫૪ અસરગ્રસ્તોને મકાન સહાય, ૩૦૭૫૨૧ અસરગ્રસ્તોને કેશડોલ્સ અને ૪૯૫૯૪ અસરગ્રસ્તોને ઘરવખરી માટેની સહાય પૂરી પાડવામાં આવી છે.

રાજ્યમાં મગફળીના ટેકાના ભાવો અંગે **ચોટીલા ધારાસભ્ય શ્રી ઋત્વિકભાઈ મકવાણા**ના પ્રશ્નનો જવાબ આપતાં કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં ટેકાના ભાવે મગફળી ખરીદવાની કામગીરી ભારત સરકારની સેંટ્રલ નોડલ એજન્સી નાફેડ દ્વારા રાજ્ય નોડલ એજન્સી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ મારફતે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ૫૦૦૫૪૬ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૦૨૫૯૧ મે.ટન ટેકાના ભાવે મગફળીનો જથ્થો ખરીદવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે વર્ષ 2020-21 માટે 5550 પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.





અમદાવાદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમ અંગે **સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલે** પ્રશ્ન પૂછ્યો હતો. જેના પ્રત્યુત્તરમાં જણાવ્યુ હતું કે, 2 ઓગસ્ટ, 2021ના સંવેદના દિવસે યોજાયેલા સેવાસેતુ અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં 9 કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ અંતર્ગત 57 સેવાઓ આવરી લેવામાં આવી હતી. જેમાં 28573 અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો.



રાજ્યમાં બોડી વોર્ન કેમેરા ટેકનોલોજીના ઉપયોગ અંગે **ઉધનાના ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ**ને વિગતો પૂરી પાડતાં ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદૃઢ કરવા માટે ૧૦,૦૦૦ બોડી વોર્ન કેમેરા ખરીદવાનું આયોજન છે.



**પોરબંદરના ધારાસભ્ય શ્રી બાબુભાઈ બોખીરિયા**એ શિવરાજપુર બીચના વિકાસના આયોજન અંગે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં પ્રવાસન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિવરાજપુર બીચના વિકાસ અર્થે ફેઝ-1ની કામગીરી માટે આપેલા રૂ.2342 લાખના રિવાઈઝ વર્ક ઓર્ડર, ફેઝ-2માં રોડ અને ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવાનું રૂ. 2867 લાખના વર્ક ઓર્ડર અન્વયે કામગીરી પ્રગતિમાં છે. તેમજ ફેઝ-3ની કામગીરી માટે ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરી પસંદ થયેલ એજન્સીને રૂ.7180 લાખનો L.O.I. અને વર્ક ઓર્ડર આપવા સંબંધી કામગીરી પ્રગતીમાં છે.



રાજ્ય સરકારને ડીપ-સી પાઈપલાઈન પ્રોજેક્ટ અન્વયે મળેલી રજૂઆતો અંગે **તાલાલાના ધારાસભ્ય શ્રી ભગાભાઈ બારડે** પૂછેલા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારને કુલ-18 રજૂઆત મળી છે. સરકારશ્રીની અલગ-અલગ સંબંધિત એજન્સીઓ મારફતે તમામ પર્યાવરણીય મંજૂરીઓ મેળવ્યા બાદ જ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવનાર છે.



અમદાવાદ જિલ્લામાં યોજાયેલા ઔદ્યોગિક ભરતીમેળા બાબતે **અમરાઈવાડીના ધારાસભ્ય શ્રી જગદીશભાઈ પટેલે** પૂછેલા પ્રશ્નનો ઉત્તર પાઠવતાં શ્રમ રોજગાર મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, 31 ઓક્ટોબર, 2021ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ 66 ભરતી મેળા યોજાયા હતા. જે મારફતે 16693 વ્યક્તિઓને રોજગારી મળી છે.



ગીર સોમનાથ જિલ્લાના મત્સ્યબંદર સુત્રાપાડાના વિકાસ માટે થયેલા ખર્ચ અંગે **ધોરાજીના ધારાસભ્ય શ્રી લલિતભાઈ વસોયા**એ પૂછેલા પ્રશ્નના જવાબમાં મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 31 જૂલાઈ, 2021ની સ્થિતિએ સુત્રાપાડા મત્સ્યબંદરના વિકસાવવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે. જેની પર્યાવરણીય મંજૂરી SEIAA ગાંધીનગર પાસેથી મેળવવાની કામગીરી ચાલુ છે.



તાઉતે વાવાઝોડાના નુકસાન પેટે કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકારે કરેલી રકમની માંગણી અંગે **ઉનાના ધારાસભ્ય શ્રી પુંજાભાઈ વંશે** પૂછેલા પ્રશ્નનો જવાબ પાઠવવા મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા 28 ઓગસ્ટ, 2021ના પત્રથી રૂ.2448.83 કરોડ SDRFના ધોરણ મુજબ અને રૂ.9102.83 કરોડની ખાસ કિસ્સામાં માંગણી કરવામાં આવી છે.

## NFSUમાં સ્કૂલ ઓફ લો ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝનો પ્રારંભ

# હવે ગુજરાતમાં ડિજીટલ ફોરેન્સિક અને સાયબર ગુનાઓ નાથવા સક્ષમ ઇકો સિસ્ટમ ઊભી થશે

વર્તમાન સમયમાં ગુનાના પ્રકારો બદલાયા છે ત્યારે ટેકનોલોજીના સમન્વયથી સાંપ્રત પડકારો ઝીલી લઈ ફોરેન્સિક સાયન્સ એન્ડ જસ્ટિસની મદદથી પુરાવાઓ અદાલતોમાં રજૂ કરવામાં સરળતા થશે. આના પરિણામે ન્યાયિક પ્રક્રિયા પણ ઝડપી બનશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી દ્વારા શરૂ થયેલી સ્કૂલ ઓફ લો ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પૉલિસી સ્ટડીઝના શુભારંભ પ્રસંગે જણાવ્યું હતું કે, સ્કૂલ ઓફ લો - ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પૉલિસી સ્ટડીઝ ટેકનો લિગલ એક્સપર્ટ એવા ટેકનોલોજીથી સુસજ્જ નિષ્ણાતોનું માનવબળ દેશને પૂરું પાડશે.

ભારત સરકારના કાયદા-ન્યાયતંત્ર મંત્રી શ્રી કિરણ રિજિજુએ આ નવનિર્મિત સ્કૂલનો પ્રારંભ કરાવ્યો હતો આ અવસરે સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ શ્રી એમ.આર.શાહ, ગુજરાત વડી અદાલતના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી જસ્ટિસ આર.એમ.છાયા, રાજ્યના કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી તેમજ રાજ્ય વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિશ્રીઓ, ન્યાયવિદો, વિદ્યાર્થીઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, આ સ્કૂલ ઓફ લો-ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પૉલિસી સ્ટડીઝ દ્વારા 'ડેટા સાયન્સ એન્ડ લો' ના સમન્વય સાથેના અભ્યાસક્રમોથી પ્રોફેશનલ એજ્યુકેશન મળતું થવાથી ન્યાયિક પ્રક્રિયામાં પણ ભવિષ્યમાં ઝડપ આવશે. એટલું જ નહિ, ફોરેન્સિક સાયન્સની મદદથી પુરાવાઓને અદાલતમાં રજૂ કરવામાં પણ સરળતા થશે અને ડિજિટલ ફોરેન્સિક્સ તથા સાયબર ગુનાઓને અટકાવવામાં એક સક્ષમ ઈકો સિસ્ટિમ ઉભી થશે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વમાં જે શ્રેષ્ઠ હોય તે ગુજરાતની ધરતી પર હોય તેવા આગવા વિઝનથી ૨૦૦૯માં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની પહેલ ગુજરાતમાં કરી હતી. તેમણે ગૌરવસહ કહ્યું હતું કે, આજે માત્ર ૧૨ જ વર્ષના ટૂંકા ગાળામાં આ યુનિવર્સિટીએ ૭૦ થી વધુ દેશોમાં આગવી ઓળખ ઊભી કરી છે. વિશ્વના દેશોના પોલીસ, ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રના અધિકારીઓ અહીં તાલીમ માટે આવતા થયા છે.

આધુનિક ટેક્નોલોજીની મદદથી થતા ગુનાઓના સંદર્ભમાં નવા નિયમોનું નિર્ધારણ અને તેનું પાલન પણ ચોકસાઈ પૂર્વક થવું જ જોઈએ તેમ જણાવતાં કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી શ્રી કિરણ રિજિજુએ કહ્યું કે ફોરેન્સિક ન્યાય અંગે જ્ઞાન આપવામાં અને ફોરેન્સિક ન્યાય સંબંધિત કાયદા નિષ્ણાતોના નિર્માણમાં આ નવનિર્મિત સ્કૂલ મહત્ત્વનું યોગદાન આપશે. ઘણીવાર કેટલાક ચુકાદાઓમાં પુરાવાના સંદર્ભમાં ટેકનોલોજીના અભાવે વિલંબ થતો હોય છે.



આ પ્રસંગે ગુજરાત રાજ્યના કાયદા અને ન્યાય મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ કહ્યું કે, જ્યારે ટેકનોલોજી સાથે ગુનાઓ પણ વધી રહ્યા છે ત્યારે નોલેજ અને ટેકનોલોજી સાથે સમગ્ર સિસ્ટિમે અપગ્રેડ થવું જરૂરી છે ત્યારે આ યુનિવર્સિટી વિવિધ અભ્યાસક્રમો થકી સમગ્ર સિસ્ટિમને અપગ્રેડ કરી રહી છે. આ યુનિવર્સિટીમાં ૨૦ થી પણ વધુ ટ્રેનિંગ સેન્ટર ચાલી રહ્યાં છે જેના થકી દેશને ટેકનોલોજીયુક્ત માનવ સંસાધન પૂરું પાડી રહ્યું છે. આ પ્રસંગે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી એમ. આર. શાહે કહ્યું કે, રાષ્ટ્ર હિતની જવાબદારી આ વિદ્યાર્થીઓના શિરે છે. રાષ્ટ્રની સામાન્ય પ્રજાના પ્રશ્નોના સંતોષકારક નિરાકરણ લાવવામાં આ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો મદદરૂપ થશે.

ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી જે. એમ. વ્યાસે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સપનાને સાકાર કરવા યુનિવર્સિટીમાં અનેકવિધ નવીન પગલાં લેવામાં આવી રહ્યાં છે. આ યુનિવર્સિટી પાંચ પ્રોગ્રામ સાથે શરૂ થઈ હતી અને આજે 70 પ્રોગ્રામ યુનિવર્સિટીમાં કાર્યરત છે. આ કાર્યક્રમમાં ફોરેન્સિક યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો, આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ, આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. ●

# કોવિડ રસીકરણમાં ગુજરાત અગ્રહરોળમાં

રાજ્યના દરેક નાગરિકને સુરક્ષિત બનાવવા વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દેશમાં અગ્રેસર રહી વૅક્સિનેશન અભિયાન ચલાવી રહી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૬,૦૫,૬૯,૨૩૩ ડોઝ આપવામાં આવ્યા છે.

દેશના મોટા રાજ્યોમાં ગુજરાત વૅક્સિનેશન ક્ષેત્રે અગ્રેસર સ્થાન ધરાવે છે. રાજ્યમાં કુલ ૫,૯૦૬ ગામડાઓ, ૧૦૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૪ શહેરી આરોગ્ય કેન્દ્ર તથા ૧૭ તાલુકાઓમાં ૧૮ વર્ષથી ઉપરની વ્યક્તિઓને રસીનો પ્રથમ ડોઝ આપી ૧૦૦ ટકા રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં કોવિડ-૧૯ રસીના સ્ટોરેજ ૬ ઝોન કક્ષાના વૅક્સિન સ્ટોર, ૪૧ જિલ્લા કોર્પોરેશન કક્ષાના સ્ટોર તથા ૨૨૩૬ કોલ્ડ ચેઇન પોઇન્ટ હાલની પરિસ્થિતિએ ઉપલબ્ધ છે. કોવિડ રસીકરણ કાર્યક્રમ માટે રાજ્યમાં ૧૨,૦૦૦થી વધુ તાલીમબદ્ધ વૅક્સિનેટર ઉપલબ્ધ છે.

તાજેતરમાં કોરોના રસીકરણ સંદર્ભે વિધાનસભાગૃહમાં પુછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતુ કે, કોવિડ-૧૯ રસીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં સૌથી આગળ છે જે ગૌરવની વાત છે. કોવિડ-૧૯થી રાજ્યના નાગરિકોને સુરક્ષિત કરવાના શુદ્ધ આશય સાથે તથા કોવિડની ત્રીજી વેવને અટકાવવા માટે રાજ્ય સરકાર ૧૦૦ ટકા રસીકરણ ઉપર સવિશેષ ભાર મૂકી કોરોના રસીકરણમાં વંચિત રહી ગયેલા નાગરિકો માટે સ્પેશિયલ ડ્રાઇવ/સેશનનું આયોજન કરી રહી છે.

એક પણ રસી નિયત તાપમાનને અભાવે બગડે નહીં તે માટે કોલ્ડ ચેઇન સ્ટોર, રેફ્રિજરેટર, આઇસ લાઇનર, ડીપ ફ્રીઝ અને કોલ્ડ બોક્સ સહિતની સુદૃઢ વ્યવસ્થા રાજ્યભરમાં ઉપલબ્ધ છે. કોલ્ડ ચેઇન વૅક્સિન લોજિસ્ટિકની સંપૂર્ણ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તાલીમબદ્ધ વૅક્સિન કોલ્ડ ચેઇન હેન્ડલરની એક્સપર્ટ ટીમ કાર્યરત છે.

રાજ્યના 19,67,724 હેલ્થ કેર વર્કર અને ફ્રન્ટલાઇન વર્કરને પ્રથમ ડૉઝ આપવામાં આવ્યો છે. 17,78,690ને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. રાજ્યમાં 45 વર્ષથી વધુની ઉંમરના 1,64,33,326ને પ્રથમ વૅક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે 45 વર્ષથી વધુની ઉંમરના 1,01,72,228ને બીજો ડૉઝ આપવામાં આવ્યો છે. 18-45 વર્ષ સુધીના 2,34,15,410 લોકોને પ્રથમ ડોઝ અપાઈ ચૂક્યો છે. જ્યારે 18-45 વર્ષ સુધીના 68,01,855 લોકોએ બીજો ડૉઝ મેળવી લીધો છે.

કોરોના રસીકરણમાં ગુજરાત રાજ્યનું પર્ફોર્મન્સ શ્રેષ્ઠ રહ્યુ છે ત્યારે મહત્તમ રસીકરણ કરી સૌના સાથ થકી રાજ્યને કોરોનામુક્ત બનાવવાના ઉદ્દેશ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સુરક્ષા કવચથી આવરી લેવાની ઉત્કૃષ્ટ કાર્યદક્ષતા માટે સૌ આરોગ્યકર્મીઓ, ફ્રન્ટલાઇન વર્કર્સને અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કોરોનાનો રિકવરી રેટ 98.76 ટકા જેટલો છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના કારણે 8,15,678 લોકોએ કોરોનાને માત આપી છે. ●

## શ્રી વિઠ્ઠલભાઇ પટેલને ૧૪૯મી જન્મજયંતીએ પુષ્પાંજલિ

ગુજરાતના પનોતાપુત્ર અને વર્ષ ૧૯૨૫થી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ તેમજ ગુજરાત વિધાનસભા ભવનનું નામ જેમના નામ ઉપરથી અપાયું છે એવા શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલની ૧૪૯મી જન્મજયંતી નિમિત્તે ગુજરાત વિધાનસભાના તત્કાલીન કાર્યકારી અધ્યક્ષ શ્રી દુષ્યંતભાઇ પટેલ, વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજભાઇ દેસાઈ, મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી, ભુજના ધારાસભ્ય શ્રીમતી નીમાબહેન આચાર્ય, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર દ્વારા વિધાનસભા પટાંગણમાં આવેલી તેમની પ્રતિમા સમક્ષ અને ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિધાનસભાના સચિવશ્રી ડી.એમ.પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ/કર્મચારીઓએ ઉપસ્થિત રહીને તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરી તેમના જીવનના આઝાદીકાળ સમયના પ્રેરણાદાયી સંસ્મરણો યાદ કર્યાં હતાં. ●








### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં લેવાયા જનહિતલક્ષી નિર્ણયો

# નિષ્ઠાપૂર્વકની સાધના, જન જનની સેવાની આરાધના

ત્વરિત નિર્ણય શક્તિ એ કાબેલ શાસકની આગવી ઓળખ હોય છે. રાજ્યની શાસનધુરા સંભાળ્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા તેમના મંત્રીમંડળના સદસ્યશ્રીઓએ એક પછી એક જનહિતલક્ષી નિર્ણયો લેવાના શરૂ કરી દીધા છે. જનસામાન્યની સમસ્યાનું નિરાકરણ લાવવાના ધ્યેય સાથે વર્તમાન સરકારે કાર્યારંભ કર્યો છે. મિશન અને વિઝન સાથે જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સચિવાલય સંકુલમાં જનતાના પ્રવેશ પરનાં તમામ નિયંત્રણો દૂર કરી દીધાં છે. કોરોના કાળના કારણે લાદવામાં આવેલાં નિયંત્રણો દૂર થતાં, નાગરિકોને પોતાના કામકાજ માટે સચિવાલયમાં આવવાનું આસાન બની રહેશે. આ જ રીતે, મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ અઠવાડિયામાં બે દિવસ પોતાના સચિવાલય કાર્યાલય ખાતે ઉપસ્થિત રહેશે, જેથી રાજ્યના દૂરસુદૂરથી આવનારા નાગરિકોને સરળતા રહે. આ ઉપરાંત, તાજેતરમાં આવેલા ભારે વરસાદ અને ત્યારબાદ સર્જાયેલી પૂરની સ્થિતિ અંગે રાજ્ય સરકારે જનહિતમાં ઘણા નિર્ણયો લીધા છે. જેમાં ઘરવખરી સહાય, પશુ મૃત્યુ સહાય તથા આવાસને થયેલી નુકસાનીની રકમમાં વધારો કર્યો છે.

## મંત્રીશ્રીઓ-સચિવશ્રીઓ અઠવાડિયામાં બે દિવસ કાર્યાલય પર ઉપસ્થિત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રથમ કેબિનેટ બેઠકમાં પ્રજાજનોની સુવિધાલક્ષી મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. તદઅનુસાર, રાજ્યના દૂરદરાજનાં ગામો કે અંતરિયાળ વિસ્તારોમાંથી સચિવાલયમાં પોતાનાં કામો, રજૂઆતો માટે આવતા સામાન્ય નાગરિકોને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓએ અને અધિકારીશ્રીઓએ સોમવાર અને મંગળવારે મુલાકાત માટેનો સમય ફાળવવાનો રહેશે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંત્રીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓને આ બે દિવસો (સોમવાર અને મંગળવાર) દરમિયાન કોઈ બેઠકો, મિટિંગ કે અન્ય કાર્યક્રમો નહિ યોજવા સૂચના આપી છે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય અંગે વધુ વિગતો આપતાં મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને શિક્ષણમંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ અને અધિકારીઓ બેઠકો, મિટિંગ, અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત ન હોય તો સામાન્ય નાગરિકોને સમગ્ર દિવસ દરમિયાન કચેરીમાં મળી શકે તેવા જનહિત અભિગમ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ નિર્ણય કર્યો છે. નાગરિકોને પોતાનાં કામકાજ માટે મંત્રીશ્રીઓ અને અધિકારીઓને મળવામાં સરળતા રહેશે.

## સચિવાલય સંકુલમાં જનતાને પ્રવેશ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નાગરિકો, સામાન્ય પ્રજાજનો, મંત્રીશ્રીઓ, અધિકારીઓને પોતાના કામકાજ માટે સરળતાએ મળી શકે તેવા પ્રજાહિતકારી અભિગમથી નવા સચિવાલય સંકુલ, સ્વર્ણિમ સંકુલ-૧,૨ માં પ્રવેશ પાસ મેળવી મુલાકાતી પ્રવેશની પદ્ધતિ ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સામાન્ય પ્રજાવર્ગો-નાગરિકો કોઈપણ હાલાકી વિના સરળતાએ મંત્રીશ્રીઓ, સરકારી અધિકારીઓને મળી શકે તેવા ઉદાત્ત ભાવથી આ નિર્ણય કરેલો છે. મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશન અનુસાર કામકાજના દિવસો દરમિયાન નવા

સચિવાલય સંકુલમાં રાબેતા મુજબ પ્રવેશ આપવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં કોરોના સંક્રમણના પરિણામે માર્ચ-૨૦૨૦થી નવા સચિવાલય સંકુલમાં મુલાકાતી પ્રવેશ પર મૂકવામાં આવેલાં આ નિયંત્રણો હવે કોરોના કેસોનું પ્રમાણ ઘટતાં દૂર કરવાનો નિર્ણય કર્યો છે.

તદઅનુસાર, નવા સચિવાલયના ગેટ નં-૧ અને ગેટ નં-૪ મારફતે મુલાકાતીઓ-નાગરિકોને પ્રવેશ પાસ થકી પ્રવેશ આપવામાં આવે છે. એટલું જ નહિ, પ્રવેશ મેળવનારા નાગરિકો-મુલાકાતીઓને માસ્ક/ફેઈસ કવર પહેરવા તેમજ કોરોના સંક્રમણ નિયંત્રણ અંગેની માર્ગદર્શિકા SOP નું પાલન જાહેર હિતમાં કરવા પણ અપીલ કરવામાં આવે છે.

## પૂરપીડિત અસરગ્રસ્તોની સહાયમાં વધારો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની પ્રથમ બેઠકમાં ભારે વરસાદથી પ્રભાવિત રાજકોટ-જૂનાગઢ-જામનગર જિલ્લાના અસરગ્રસ્ત પરિવારો- પશુપાલકો માટે સહાયનાં ધોરણો વધુ ઉદાર બનાવવાની આગવી સંવેદનશીલતા દર્શાવતો નિર્ણય કર્યો છે.

આ અંગે મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે આ વરસાદી આફતનો ભોગ બનેલા આ ત્રણ જિલ્લાના નાગિરકો,પશુપાલકોને ઉદારત્તમ મદદ-સહાય માટે પ્રવર્તમાન SDRFનાં સહાય ધોરણો ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધારાની સહાય આપવાની સંવેદના દર્શાવી છે. ભારે વરસાદથી ઘરવખરીને નુકસાન કે તણાઈ જવાના કિસ્સામાં SDRFની રૂ. ૩૮૦૦ની સહાયમાં મંત્રીમંડળે વધારાના રૂ. ૩૨૦૦ની સહાય આપીને પરિવાર દીઠ રૂ. ૭૦૦૦ ઘરવખરી સહાય આપવાનો નિર્ણય કર્યો છે. આ સાથે, ભારે વરસાદથી જે ઝૂંપડાઓ નાશ પામ્યાં છે તેવા કિસ્સામાં રાજ્ય સરકારે રૂ. ૫૯૦૦નો વધારો આપવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર, નાશ પામેલાં ઝૂંપડાઓ માટે SDRFના રૂ. ૪૧૦૦માં રાજ્ય સરકારના વધારાના રૂ. ૫૯૦૦ મળી હવે ઝૂંપડા દીઠ રૂ. ૧૦ હજારની સહાય અપાશે.

મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે મકાન સહાય ઉપરાંત પશુમૃત્યુ સહાય, પશુ શેડ નુકસાન સામે સહાયમાં પણ વધારો કરવાનો નિર્ણય આજે મળેલી કેબિનેટ બેઠકમાં કર્યો છે.

આ અંગેની વધુ વિગતો આપતાં બન્ને મંત્રીશ્રીઓએ કહ્યું હતું કે ભારે વરસાદથી અંશતઃ નાશ પામેલાં પાકાં મકાનો માટે SDRF અન્વયે મળવાપાત્ર રૂ. ૫૨૦૦ ઉપરાંત રાજ્ય સરકારના વધારાના રૂ. ૯૮૦૦ મળી હવે આવાં મકાનો માટે મકાન દીઠ રૂ. ૧૫ હજાર રાજ્ય સરકાર આપશે. જે કાચાં મકાનો ભારે વરસાદને પરિણામે અંશતઃ નાશ પામ્યાં છે તેવાં મકાનો માટેની સહાયમાં રાજ્ય સરકારે રૂ. ૬૮૦૦નો વધારો કર્યો છે. તદઅનુસાર, SDRFનાં ધોરણો મુજબ રૂ. ૩૨૦૦ મળવાપાત્ર સહાય અને વધારાની રૂ. ૬૮૦૦ એમ કુલ ૧૦ હજારની સહાય ચૂકવવામાં આવશે. મહેસૂલ મંત્રીશ્રી અને શિક્ષણમંત્રીશ્રીએ અતિ વરસાદની પરિસ્થિતિમાં મૃત્યુ પામેલાં નાનાં-મોટાં દુધાળા પશુઓની પશુ મૃત્યુ સહાયનાં ધોરણોમાં કેબિનેટ બેઠકે કરેલા વધારાની વિગતો પણ આપી હતી.

ગાય, ભેંસ જેવાં મોટાં દુધાળાં પશુઓના મૃત્યુના કિસ્સામાં અગાઉ માત્ર ૩ પશુ મૃત્યુ સુધી જ સહાય ચૂકવવામાં આવતી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પશુપાલકોને પશુઓના મૃત્યુથી થયેલા નુકસાન અંગે સહાનુભૂતિ દર્શાવતાં હવે પાંચ પશુ સુધી આવી મૃત્યુ સહાય આપવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહિ, SDRFનાં ધોરણો મુજબ રૂ. ૩૦ હજારની પશુ મૃત્યુ સહાય પશુ દીઠ મળતી હતી. તેમાં વધારાના રૂ. ૨૦ હજાર રાજ્ય સરકાર આપશે તેવો પણ નિર્ણય કર્યો છે.

આમ, હવે દુધાળાં મોટા પશુ મૃત્યુના કિસ્સામાં પાંચ પશુ મૃત્યુ સુધી પશુ દીઠ રૂ. ૫૦ હજારની સહાય પશુપાલકોને અપાશે. વરસાદની આ સ્થિતિમાં આ ત્રણ જિલ્લાઓમાં ઘેટાં-બકરાં જેવાં નાનાં દુધાળાં પશુઓનાં પણ મૃત્યુ થયાના કિસ્સા રાજ્ય સરકારના ધ્યાને આવ્યા છે. આવાં નાનાં દુધાળાં પશુઓનાં મૃત્યુની સહાયમાં પણ પશુ દીઠ રૂ. બે હજારનો વધારો રાજ્ય મંત્રીમંડળની પ્રથમ કેબિનેટે કરવાનો નિર્ણય કર્યો છે. હવે આવાં નાનાં દૂધાળાં પશુઓનાં મૃત્યુની સહાય પશુદીઠ પાંચ હજાર પ્રમાણે રાજ્ય સરકાર આપશે.

મંત્રીશ્રીઓએ કહ્યું કે, ભારે વરસાદને કારણે પશુઓ બાંધવાની ગમાણ-કેટલ શેડને પણ નુકસાન થયું હોય ત્યાં SDRFના રૂ. ૨૧૦૦ ઉપરાંત રાજ્ય સરકાર તરફથી રૂ. ૨૯૦૦ વધારાના મળી કુલ રૂ. ૫૦૦૦ની સહાય શેડ-ગમાણ દીઠ આપવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિર્ણય કર્યો છે. રાજ્ય સરકાર આ વરસાદી આફતમાં રાજકોટ, જૂનાગઢ અને જામનગર જિલ્લાના અસરગ્રસ્તોની મદદ સહાય માટે સદૈવ તત્પર છે અને આ સુધારેલાં ધોરણો મુજબ સહાય ચુકવણી માટેના જરૂરી આદેશો પણ કરવામાં આવ્યા છે. ●



# વિવિધ વિભાગોની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી જનહિતલક્ષી આયોજન કરતા CM



સંવાદ સમસ્યાના નિવારણ ઉપરાંત ભાવિ આયોજન માટે અનિવાર્ય છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સામાન્ય વહીવટ વિભાગ-GAD અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના વરિષ્ઠ સચિવશ્રીઓ, અધિકારીઓ સાથે બેઠક યોજીને વિવિધ પ્રભાગોની સર્વગ્રાહી કામગીરીની સમીક્ષા હાથ ધરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ GADમાં ખાસ કરીને દસ વર્ષીય ભરતી કેલેન્ડર, વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ, આયોજન પ્રભાગની કામગીરી અંગે પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી મેળવી હતી. મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ તથા વરિષ્ઠ સચિવો આ બેઠકમાં સહભાગી થયા હતા.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગેપ એનાલિસિસ, સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ તથા કર્મચારી ગણ સેવા વ્યવસ્થામાં ટેકનોલોજીના વિનિયોગ માટેના HRMS, આયોજન પ્રભાગ અંતર્ગત હાથ ધરાતી કામગીરીની પણ તલસ્પર્શી જાણકારી મેળવી હતી.મુખ્યમંત્રીશ્રીએ પોતાના હસ્તકના વિભાગોની વિસ્તૃત સમીક્ષા હાથ ધરવાના શરૂ કરેલા ઉપક્રમમાં શહેરી વિકાસ, શહેરી ગૃહનિર્માણ વિભાગની સમીક્ષા બાદ તેમણે સામાન્ય વહીવટ વિભાગની કામગીરીની સમીક્ષા હાથ ધરી માર્ગદર્શન પણ આપ્યું હતું. ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતોને ધ્યાને રાખીને રાજ્ય સરકારે શહેરોનો વિકાસ હાથ ધર્યો છે. રાજ્યનાં શહેરોમાં વિશ્વકક્ષાની સુવિધાઓ મળી રહે તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અધિકારીઓ સાથેની બેઠકમાં નગરોમાં લાઇટ, પાણી, ગટર અને રસ્તા જેવી મૂળભૂત જરૂરિયાતના કામોની સ્થિતિ અંગે જાણકારી મેળવી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ રાજ્ય સરકારે રૂ. ૧૩૪૯૨ કરોડ શહેરી વિકાસના બજેટમાં તથા રૂ. ૪૬૧૨ કરોડ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફાળવાયા છે તેનાં કામોની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ શહેરી વિકાસ વિભાગની સર્વગ્રાહી કામગીરી, પ્રેઝન્ટેશન શહેરી વિકાસ અધિક મુખ્ય સચિવ શ્રી મૂકેશ પૂરીએ કર્યુ હતું. આ બેઠકમાં રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના વરિષ્ઠ સચિવો સહભાગી થયા હતા. ●

## લાભપાંચમથી ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ થશે

ગુજરાતમાં આગામી લાભપાંચમથી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ કરવામાં આવશે. તાજેતરમાં વિધાનસભાના બે દિવસીય ચોમાસું સત્રમાં ધારાસભ્યશ્રી દ્વારા પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યભરના ખેડૂતો પાસે ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે નોંધણીનો આગામી તારીખ ૦૧ ઓક્ટોબર, ૨૦૨૧થી પ્રારંભ કરવામાં આવશે. ખેડૂતોએ આ માટે 'આઇ ખેડૂત પોર્ટલ' ઉપર ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.



મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૨૭૫ અને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૫,૫૫૦ના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯-૨૦માં ૫,૦૦,૫૪૬ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૨,૦૨,૫૯૧ મે. ટન એમ છેલ્લાં બે વર્ષમાં કુલ ૭,૦૩,૧૩૭ મેટ્રિક ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતોને તેમના ઉત્પાદનના પૂરતા ભાવ આપ્યા છે. ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદી બાદ તરત જ તેમની રકમ પણ ચૂકવી દેવામાં આવે છે. ●

# ગુજરાતમાં કોરોના સંક્રમણ વચ્ચે મનરેગા દ્વારા ૩.૬૮ કરોડ માનવદિન રોજગારી



ગ્રામોત્કર્ષ વિકાસની પારાશીશી છે. જ્યારે રાજ્યની મહત્તમ પ્રજા ગામડામાં રહેતી હોય ત્યારે તેના વિકાસને પ્રાથમિકતા આપવી એ જ રાજ્ય સરકારનો લક્ષ્યાંક હોય. જે માટે રાજ્ય સરકાર બજેટમાં વિશેષ નાણાકીય જોગવાઈ પણ કરે છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજી પંચાયત, ગ્રામ વિકાસની કામગીરીની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, મનરેગાનાં કામો દ્વારા માનવદિન રોજગાર સર્જન સાથોસાથ ગ્રામીણસ્તરે સામૂહિક-વ્યક્તિગત અસ્કયામતો ઊભી કરવામાં આવે છે. ગુજરાતમાં કોરોના સંક્રમણ વચ્ચે પણ ગત ૬ મહિનામાં ૩.૬૮ કરોડ માનવદિન રોજગારી મનરેગા દ્વારા આપવામાં આવી છે. આ બેઠકમાં ગ્રામવિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ તેમજ પંચાયત રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજા આ બેઠકમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમરસ ગ્રામ યોજના, તીર્થગ્રામ યોજના અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

રાજ્યના વર્તમાન બજેટમાં રૂ.૫૨૮૫.૯૬ કરોડ પંચાયત વિભાગ માટે અને રૂ.૩૫૦૯.૬૧ કરોડ ગ્રામ વિકાસ વિભાગને ફાળવાયા છે. રાજ્યના બજેટમાં રૂ.૮૭૯૫.૫૭ કરોડની જોગવાઈ આ બે વિભાગો માટે કરવામાં આવી છે. વિભાગવાર સમીક્ષા માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા બેઠક યોજાઈ હતી. જેમાં પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપૂલ મિત્રાએ જિલ્લા, તાલુકા અને ગ્રામીણ એમ ત્રિસ્તરીય પંચાયતી માળખામાં વિવિધ સંવર્ગના મહેકમ, જિલ્લા-તાલુકા પંચાયતનાં ભવનો તેની સુવિધાઓ અંગેનું પ્રેઝન્ટેશન કર્યુ હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વતન પ્રેમ યોજના અંતર્ગત જે-તે દાતાઓના સહયોગ અને સરકારના યોગદાનથી સ્થાનિક વિકાસ કામો, જનહિત સુવિધાઓ ઊભી કરીને યોજનાનો વ્યાપ વિસ્તારવા માર્ગદર્શન આપ્યું હતું. દાતાઓ પોતાનું દાન ઓનલાઇન બેંકિંગથી આપી શકે તેવી પારદર્શિતા અને પોતાની પસંદગીના કામ પોતાની પસંદગીની એજન્સી મારફતે કરાવી શકે છે તેવી આ યોજનાની વિશેષતાથી પણ મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કરાયા હતા.

ગ્રામીણ સ્તરે સુવિધાયુકત આવાસોનું જે નિર્માણ ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ દ્વારા થાય છે તેની ગુણવત્તા અને સુવિધા, આવાસ ફાળવણીનાં ધોરણો, ઉપલબ્ધ જમીન અને પ્રગતિ હેઠળના પ્રોજેકટની પણ મુખ્યમંત્રીશ્રીએ સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગ્રામ વિકાસ વિભાગના પ્રેઝન્ટેશન દ્વારા સચિવ શ્રીમતી સોનલ મિશ્રાએ મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) તેમજ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ની કાર્યસિદ્ધિઓ પ્રસ્તુત કરી હતી. ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતાને પ્રાધાન્ય આપતાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણના બીજા તબક્કા-ફેઈઝ-2 માં ODF પ્લસ, ઘનકચરા વ્યવસ્થાપન, ગ્રે વોટર મેનેજમેન્ટ તેમજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અને ગોબર ધન પ્રોજેકટ અન્વયે ગ્રામીણ વિસ્તારોમાં થયેલી કામગીરીથી પણ મુખ્યમંત્રીશ્રીને વિસ્તૃત પ્રેઝન્ટેશનના માધ્યમથી અવગત કરાવવામાં આવ્યા હતા.

ગ્રામીણ નારીશક્તિના સશક્તીકરણ માટે કાર્યરત ૨.૬૫ લાખ જેટલાં સ્વસહાય જૂથો દ્વારા હાથ ધરવામાં આવી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના સહિતની યોજનાઓ અંગે પણ મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન તેમજ પંચાયત-ગ્રામ વિકાસ વિભાગ, ગ્રામ વિકાસ કમિશનર, ગુજરાત લાઇવલી હૂડ પ્રમોશન કંપની લિમિટેડ, ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના વરિષ્ઠ અધિકારીઓ આ સમીક્ષા બેઠકમાં જોડાયા હતા. ●










ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ❶, ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વૈંકૈયા નાયડુ ❷, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ❸, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ❹, રક્ષા મંત્રી શ્રી રાજનાથસિંહ ❺, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા ❻,














કેન્દ્રીય પશુપાલન, મત્સ્યોદ્યોગ અને ડેરી વિભાગના મંત્રી શ્રી પુરૂષોત્તમભાઇ રૂપાલા ❼ તથા પૂર્વ મુખ્યમંત્રી તથા ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલ ❽ અગ્રણી શ્રી જે.પી. નડ્ડા ❾ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. એ.કે.પટેલ ❿ ની શુભેચ્છા મુલાકાત લઈને તેમની પાસેથી ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું.













મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં સુપ્રસિદ્ધ અક્ષરધામ મંદિરની મુલાકાત લઈ ભક્તિ ભાવપૂર્વક દર્શન કર્યાં હતાં અને શ્રદ્ધાપૂર્વક નીલકંઠવર્ણીની પ્રતિમાને અભિષેક કર્યો હતો.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના ગુરુદ્વારા ગોવિંદધામની મુલાકાત લઈ ગુરુગ્રંથ સાહેબને શ્રદ્ધાપૂર્વક ભાવપુષ્પ અર્પણ કર્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ ગુરુગ્રંથ સાહેબ સમક્ષ શીશ ઝુકાવી ગુજરાતની ઉત્તરોતર સુખ,સમૃદ્ધિ અને શાંતિની કામના કરી હતી. ગુજરાતના શીખ સમુદાયના પ્રમુખ શ્રી ઈશ્વરસિંહ વાસુ તથા શ્રી રણજિતસિંહ વાસુએ મુખ્યમંત્રીશ્રીનું સન્માન કર્યું હતું.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વામિનારાયણ ભગવાનના સાતમા વંશજ નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પરમ પૂજ્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ મેળવ્યા હતા.

# GCRI - કેન્સર હોસ્પિટલે મેળવ્યું રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય સ્થાન

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જન આરોગ્ય -આયુષ્માન યોજનાને ત્રણ વર્ષ પૂર્ણ થયાં છે. આ સંદર્ભે કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આરોગ્ય મંથન 3.0 કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત દેશની વિવિધ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-આયુષ્માન યોજના અંતર્ગત થયેલ કામગીરીના આધારે મૂલ્યાંકન કરીને યોજનાના અમલીકરણની શ્રેષ્ઠ કામગીરી કરનાર હોસ્પિટલને રેન્કિંગ આપવામાં આવ્યું હતું.

જેમાં અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલી જી.સી. આર.આઇ. - ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટને પ્રધાનમંત્રી આયુષ્માન યોજના અંતર્ગત કરવામાં આવેલી શ્રેષ્ઠ કામગીરી બદલ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત થયો. આ જાહેરાત કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા દ્વારા કરવામાં આવી હતી.

જી.સી.આર.આઇ. હોસ્પિટલને દર્દીઓ માટે શ્રેષ્ઠ સારવારની ઉપલબ્ધતા, ઝડપી રિસ્પોન્સ ટાઇમ, હોસ્પિટલમાં ઉપલબ્ધ શ્રેષ્ઠ સેવાઓ, એડવાન્સ ઉપકરણો વગેરે જેવા માપદંડોના આધારે આ ક્રમાંક આપવામાં આવ્યો છે.

અમદાવાદ જિલ્લામાં વર્ષ 2020-21 દરમિયાન કુલ 16,246 દર્દીઓએ પ્રધાનમંત્રી જન આરોગ્ય -આયુષ્માન હેઠળ 38.43 કરોડના ખર્ચે સારવારનો લાભ મેળવ્યો હતો. જેમાંથી જી.સી. આર.આઇ. હોસ્પિટલમાં 8,766 દર્દીઓને 11.07 કરોડના ખર્ચે આ યોજના હેઠળ વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી



હતી. આ સંદર્ભે જી.સી.આર.આઇ. હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. શશાંક પંડ્યાએ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, રાષ્ટ્રીય સ્તરે જી. સી.આર.આઇ. હોસ્પિટલને પ્રધાનમંત્રી આયુષ્માન યોજના અંતર્ગત મળેલ દ્વિતીય ક્રમાંકનો શ્રેય અમારી હોસ્પિટલના તમામ હેલ્થકેર વર્કર્સ અને કર્મચારીને ફાળે જાય છે. અમારી હોસ્પિટલમાં ફક્ત ગુજરાત રાજ્ય જ નહીં પરંતુ દેશનાં અન્ય રાજ્યોમાંથી પણ સારવાર માટે દર્દીઓનો ધસારો જોવા મળે છે. જી.સી.આર.આઇ. હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા કુલ દર્દીઓમાંથી 25 થી 30 ટકા દર્દી અન્ય રાજ્યોમાંથી આવે છે.

તાજેતરમાં જ સિવિલ હોસ્પિટલમાં અંદાજિત 75 કરોડના ખર્ચે અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ રેડિયોથેરાપી માટેનાં વિવિધ મશીનો પણ વિકસાવવામાં આવ્યાં છે. તદઉપરાંત હોસ્પિટલમાં અન્ય અત્યાધુનિક સુવિધાઓ અને મશીનરી સાથેની સારવારે દર્દીઓની આરોગ્યલક્ષી જનસુખાકારીમાં વધારો કર્યો છે. ●

# સ્ટેટ ફૂડ સેફ્ટી ઇન્ડેક્સમાં દેશભરમાં ગુજરાત પ્રથમ ક્રમે


ગુજરાતે ફૂડ એન્ડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઑથોરિટી ઓફ ઇન્ડિયા ભારત સરકાર દ્વારા આપવામાં આવતા સ્ટેટ ફૂડ સેફ્ટી ઇન્ડેક્સમાં દેશભરનાં રાજ્યોમાં બેસ્ટ પરફોર્મિંગ સ્ટેટ તરીકે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ગુજરાતે ૨૦૨૦-૨૧ના સ્ટેટ ફૂડ સેફ્ટી ઇન્ડેક્સમાં ૭૨ ટકા મેળવીને દેશનાં મોટાં રાજ્યોમાં પ્રથમ ક્રમ હાંસલ કરવાની આ સિદ્ધિ મેળવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ખોરાક ઔષધ નિયમનતંત્ર અને આરોગ્ય વિભાગને આ ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે અભિનંદન પાઠવ્યા છે. ભારત સરકાર દ્વારા સ્ટેટ ફૂડ સેફ્ટી ઇન્ડેક્સ માટેના જે માપદંડો-ધારાધોરણો નિયત કરવામાં આવ્યાં છે તેમાં ઓવરઓલ પરફોમન્સ ઓન ફૂડ સેફ્ટીના આધારે રાજ્યોને શ્રેષ્ઠતાના ક્રમ આપવામાં આવે છે.

આ માપદંડોમાં ફૂડ સેમ્પલિંગ, ટેસ્ટિંગ, લેબોરેટરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કોમ્પ્લાયન્સ, ટ્રેનિંગ, લાઇસન્સ અને રજિસ્ટ્રેશન અને રાજ્યમાં મળતા ખોરાકની ગુણવત્તા ઉપર ભાર મૂકવામાં આવે છે. ગુજરાતે આ બધાં જ માપદંડ અને ધારાધોરણોમાં શ્રેષ્ઠતા પૂરવાર કરીને ભારત સરકાર દ્વારા આપવામાં આવતો આ ઍવૉર્ડ મેળવ્યો છે.

ગુજરાતે આ પ્રથમ ક્રમ સતત બીજા વર્ષે પણ જાળવી રાખ્યો છે અને ૨૦૧૯-૨૦ના સ્ટેટ ફૂડ સેફ્ટી ઇન્ડેક્સમાં પ્રથમ ક્રમ મેળવ્યા બાદ ૨૦૨૦-૨૧માં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ નવી દિલ્હીમાં આયોજિત સમારોહમાં ગુજરાતને આ ઍવૉર્ડ અને પ્રમાણપત્ર એનાયત કર્યાં હતાં. ●







# કચ્છ

## ઐતિહાસિક - પૌરાણિક - સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરતી ધીંગી ધરા

ભૂસ્તરશાસ્ત્રીઓના મત પ્રમાણે હજારો વર્ષ પૂર્વે કચ્છની ધરતી સમુદ્રતળમાં હતી. પણ પૃથ્વીની ભીતર થતી ઉથલપાથલથી ધરતીનો આ ખંડ બહાર ઉપસી આવ્યો. સંસ્કૃત ભાષામાં "કચ્છ" શબ્દનો અર્થ કાચબો થાય છે. અગાઉ જયારે કચ્છના રણમાં ખાડી હતી, ત્યારે કચ્છ બેટ હતો તેથી તેનો આકાર કંઈક કાચબાને મળતો હોવાથી આ નામ પડયું જણાય છે.

વિવિધતામાં એકતા ધરાવતા કચ્છ જિલ્લામાં અનેક વિવિધતા છે. રણ, દરિયો, તથા ડુંગર એમ ત્રિવેણી પ્રાકૃતિક વિસ્તાર ધરાવતા રાજયના સરહદી અને રણની કાંધી ઉપર આવેલા છેવાડેના કચ્છ જિલ્લાએ અનેક ક્ષેત્રે રાજયના અન્ય જિલ્લાઓની સરખામણીમાં ઝડપી વિકાસકૂચ જારી રાખી છે. ગુજરાત રાજયનો ૨૩ ટકાથી વધુ વિસ્તાર ધરાવતો કચ્છ જિલ્લો ૧૦ તાલુકાઓનો બનેલો છે. જિલ્લામાં ૯૨૪ ગામો છે. ૧૦ તાલુકા મથકો અને ૭ નગરપાલિકાઓ છે. ગુજરાતના અનેક જિલ્લાઓથી ભાષા, રહેણીકરણી, વિશિષ્ટ લોકસંસ્કૃતિથી જુદી જ રીતે અલગ તરી આવતા કચ્છના પ્રત્યેક તાલુકાને પોતાની આગવી ઓળખ છે. પ્રાચીનકાળથી ઇતિહાસ સાથે નાતો ધરાવવાના પુરાવારૂપ શિલાલેખો, પુરાતત્ત્વીય અવશેષો, પાળિયા, વસાહતો, શિલ્પ સ્થાપત્યથી ખંડિત મંદિરો, મહાલયો કચ્છમાં છે. મહાભારત, શ્રીમદ ભાગવત, પાણિનિનું અષ્ટાધ્યાયી, જૈન મહાગ્રંથોમાં કચ્છનો ઉલ્લેખ છે.


૪૫ હજાર ૬૫૨ ચોરસ કિલોમિટરમાં પથરાયેલો કચ્છ જિલ્લો ભારતની આથમણી સીમાએ છે. એક બાજુ સમુદ્ર, નાના મોટા ડુંગરાઓ અને બીજી તરફ આ જિલ્લાને રણે વીંધ્યો છે. અભ્યાસુઓ, સંશોધકો, પ્રવાસીઓ માટે જીવતો જાગતો સંદર્ભગ્રંથ કચ્છ જિલ્લો બની રહ્યો છે. તેમાં પણ ૨૬મી જાન્યુઆરી-૨૦૦૧ ભૂકંપ બાદ વિશ્વના અનેક સંશોધકો, અભ્યાસુઓને આકર્ષનાર કચ્છમાં ઉનાળામાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન શિયાળામાં ૩ થી ૪ ડિગ્રી સેલ્સિયસ જતું રહે છે. સરેરાશ વરસાદ ૧૯ ઈંચ પડે છે. ઉત્તર-પૂર્વમાં રાજસ્થાન, પૂર્વમાં બનાસકાંઠા તથા મહેસાણા, દક્ષિણ-પૂર્વમાં સુરેન્દ્રનગર અને દક્ષિણે કચ્છનો અખાત છે. દક્ષિણ-પશ્ચિમે અને અરબી સમુદ્ર કચ્છના પગ પખાળે છે.

કચ્છ જિલ્લો રાજયના અન્ય જિલ્લાઓ સાથે વાહન વ્યવહાર, રેલવે અને હવાઈ વ્યવહાર તેમજ દરિયાઈ માર્ગો સાથે સંકળાયેલો છે.

કચ્છને પોતાની અલગ ભાષા, ભાતીગળ લોકસંસ્કૃતિ, પરંપરા, રીત-રિવાજો, સાહિત્ય, સંગીત અને હસ્તકળા છે. અહીંની ભાષા "કચ્છી" છે. કચ્છ જિલ્લામાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એમ વિવિધ દિશાઓમાં ઐતિહાસિક, પૌરાણિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવાસન સ્થળો આવેલાં છે.

કચ્છનું પાટનગર ભુજ શહેર સં.૧૬૦૫ માં સ્થપાયું છે. ભુજ તાલુકામાં પચ્છમ, બન્ની, પાવરપટ્ટી, મીયાણી, માકપટ ગામોનો સમાવેશ થાય છે. ભુજમાં પટેલ, આયર, મીંયાણા, ખોજા, જત, રબારી, ચારણ, લોહાણા, વાણિયા, નાગર, બ્રાહ્મણ, સમા, સોની વગેરે અનેક જ્ઞાતિના લોકો વસે છે. રાજાશાહી યુગનો ભુજ તાલુકો ડુંગરોઓનો તાલુકો હોય તેવું ભાસે છે. જિલ્લામાં પ્રવાસીઓએ જોવા-જાણવાની મજા પડે એવા ડુંગરો કાળોડુંગર, ધીણોધર, ભુજિયો ડુંગર મુખ્ય છે. જયારે ભુજિયો, અણગોરગઢ (કોટાય) બોલાડીગઢ, કલ્યાણપર અને આલમપન્નાહ ડુંગરી, લખપતનો કિલ્લો વગેરે મુખ્ય કિલ્લાઓ છે.

કચ્છ જિલ્લો હસ્તકલા-કારીગરી માટે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. આ માટે અનેક કારીગરોને રાષ્ટ્રીય ઍવૉર્ડ પણ મળ્યાં છે. હાથવણાટમાં ખાસ કરીને શાલ, બંડી, ચાદર વગેરે ખરીદી







માટે પ્રવાસીઓનો ધસારો રહે છે.

હસ્તકલામાં ખાસ કરીને આરીભરત, (મોચી ભરત), નમદાકામ, મીનાકામ, ચાંદીકામ, રોગાનકામ, કમાંગર ચિત્ર શૈલી, બાંધણી, અજરખ બાટીક કામ, કાષ્ઠકલા, માટીકલા, લાખકામ, બન્ની ભરતકામ, આહીર ભરતકામ, રબારી ભરતકામ, ધંટડી (ખરકી) કામ, પેચવર્ક, કબીરા વર્ક, સેવામૂટી, ધડકી કળા, મશરૂ કળા, જરદોસી કળા, લાકડાં પર કોતરકામ વગેરે અનેક પ્રકારના હસ્તકલાના કુશળ કારીગરો કચ્છ જિલ્લો ધરાવે છે.

કચ્છમાં જોવા મળતા વન્યપ્રાણીઓમાં ખાસ કરીને સુરખાબ અને જંગલી ગધેડાં (ઘુડખર)ના આકર્ષણથી દેશ-વિદેશના પ્રવાસીઓ કચ્છમાં આવે છે. કચ્છના રણમાં સુરખાબનગર પણ આવેલું છે. જયાં અનેક સુરખાબ પક્ષીઓ જોવા મળે છે. અબડાસામાં ગુજરાતભરમાં ભાગ્યે જ જોવા મળતું ઇન્ડિયન બસ્ટાર્ડનું અભયારણ્ય છે, આ ઉપરાંત મોટી સંખ્યામાં જળચર, સપર્ણગ્રવા, હેરોન, ચમચા, રીવર્ટન, બાજ, વાબગલીયો, પાન બગલીઓ, ડેઝર્ટકાસર, ઇન્ડિયન બસ્ટાર્ડ ઊલટીચાંચ જેવાં અનેક વિવિધ જાતનાં પક્ષીઓ કચ્છના રણમાં જોવા મળે છે. આ ઉપરાંત વિવિધ જાતનાં બાજ શિકારી પક્ષીઓ, ઘુવડ, સમળી, રણ, ચીબરી, ગીધ રાજગીધ, ગરુડ, સાંઢા, સાપ, સરિસૃપો પણ દેખાય છે.

સ્વતંત્રતા બાદ કચ્છમાં કંડલા, ગાંધીધામ નવસર્જિત વિસ્તાર છે. કંડલા ફ્રી ટ્રેડ ઝોન તથા ઇફકોના કારણે અને ભૂકંપ બાદ કેન્દ્ર અને રાજય સરકારની ઉદાર ઔદ્યોગિક વિકાસ નીતિના કારણે આ વિસ્તારોમાં મોટા ઉદ્યોગો સ્થપાતા વેપાર-વાણિજયના અગત્યના મથક તરીકે કચ્છ જિલ્લો સારી નામના મેળવે છે. બંદરના વિકાસ સાથે મુન્દ્રા તાલુકો તેમજ કચ્છ જિલ્લો ધમધમતો થયો છે. અદાણી ગ્રૂપ અહીં ખાસ આર્થિક ઝોન પણ વિકસાવી રહ્યો છે. આગામી દિવસોમાં મુન્દ્રાની આર્થિક પ્રવૃત્તિ કચ્છનું હાર્દ બન્યું છે. કચ્છ પાસે સમૃદ્ધ ખનિજ હોવાથી સિમેન્ટ ઉદ્યોગ આગળ વધી રહ્યો છે.

કચ્છમાં ખેતીની દૃષ્ટિએ પણ સારો પાક ઊતરે છે. ખાસ કરીને મુન્દ્રા તાલુકામાં પાણીને કારણે પિયત વાડીઓ પણ છે. આંબા, ચીકુ, બીજોરાં, નાળિયેર તથા કચ્છના મેવા તરીકે મશહૂર ખારેક આ તાલુકાની ઉપજ છે. જે ખારેક અને કેસર કેરીઓ દેશ-વિદેશમાં નિકાસ થાય છે. કચ્છની ફળદ્રુપ જમીનના કારણે શાકભાજી પણ વખણાય છે.

કચ્છ જિલ્લામાં અભ્યાસની દૃષ્ટિએ પણ અનેક સરકારી/ખાનગી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, પી.ટી.સી. કોલેજો, બી.એડ.કોલેજો તેમજ અનેક કોલેજો આવેલી છે. કચ્છના આ વિદ્યાલયોમાં ભણીગણીને અનેક કચ્છીઓએ દેશ-વિદેશમાં નામના મેળવી છે. શિક્ષણ અને રમતગમતમાં કચ્છનું નામ રોશન કર્યું છે. કચ્છમાં "કચ્છ યુનિવર્સિટી" શરૂ થઈ છે અને હવે મેડિકલ કોલેજ પણ મળી છે.

## કચ્છમાં પ્રવાસન એક ટર્નિંગ પોઇન્ટ

પૃથ્વી પર સમાજ અને સભ્યતાનો વિકાસ થયો ત્યારથી કચ્છનો પ્રદેશ દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષતો રહ્યો છે. પ્રાચીનકાળથી અનેક પ્રવાસીઓ કચ્છમાં આવતા રહ્યા છે, ફરતા રહ્યા છે, તેની નોંધ પણ કરી છે. પુરાણો, મહાકાવ્યો વગેરેમાં કચ્છનો ઉલ્લેખ જોવા મળે છે. આ બધાં પરિબળોના પ્રભાવે કચ્છ પ્રત્યે સતત આકર્ષણ રહ્યું હશે અને પ્રવાસીઓ આવતા રહ્યા હશે. મધ્યયુગ અને આધુનિક યુગમાં પણ આ આવનજાવન ચાલુ રહી. વિવેકાનંદ જેવા દરિયો ખેડીને રણ ઓળંગીને પણ કચ્છમાં ફર્યા હતા. અનેક અંગ્રેજોએ તો પ્રવાસની નોંધો પણ કરી છે.

એકવીસમી સદીના પ્રારંભે, પ્રથમ વર્ષના પહેલે મહિને જ, આ બાબતમાં તીવ્ર વળાંક આવ્યો. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ આવેલ વિનાશક ભૂકંપે વિશ્વનું ધ્યાન ખેંચ્યું. વ્યાપક વિનાશને હળવો કરવા અને પુનઃનિર્માણનું કામ કરવા વિશ્વભરની સંસ્થાઓ કચ્છમાં આવી અને ખૂણેખૂણામાં કામ કર્યું. નુકસાન અને પુનઃનિર્માણના કામને જાહેર માધ્યમો દ્વારા વ્યાપક પ્રચારનો લાભ મળ્યો. બન્નેનાં અભ્યાસ અને સંશોધન થયાં. તેણે વધારે

રસ જન્માવ્યો અને પ્રવાસીઓની સંખ્યા વધવા લાગી. શરૂમાં કરુણાભાવ સંસ્કૃતિ જોઈ જિજ્ઞાસાભાવ વધ્યો જેણે મોટો ભાગ ભજવ્યો. તેમાં પ્રથમવાર ભળ્યા સરકારના પ્રયાસો. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છના સર્વાંગી વિકાસ માટે જહેમત ઉઠાવી. બધા જિલ્લાઓમાંથી મહત્તમ મુલાકાત તે કચ્છની લેતા રહ્યા છે. આ મુલાકાતો દરમ્યાન તેમને વિવિધ સ્થળોનાં સૌંદર્યો ગમતાં રહ્યાં. તેમણે જયારથી વાઈબ્રન્ટ ગુજરાતનો મુદ્દો ઉપાડયો, ત્યારથી કચ્છને પણ વાઈબ્રન્ટ બનાવવાના પ્રયાસો આદર્યા. અન્ય પગલાંઓ સાથે વિવિધ ઉત્સવોનું આયોજન તેમણે કચ્છમાં શરૂ કર્યુ. શરૂમાં શરદોત્સવ આવ્યો પાછળથી તે રણોત્સવમાં ફેરવાયો. તેમાં રણમાં રહેવું, ફરવું, તેનું સૌંદર્ય જોવું, તે દરમ્યાન અન્ય સ્થળોની મુલાકાતો ગોઠવવી, કાર્નિવલ દ્વારા આકર્ષણ વધારવું, આવા વિવિધ કાર્યક્રમો દ્વારા કચ્છ વિશેનું આકર્ષણ વધારતા ગયા. આ નિમિતે કચ્છમાં આવનાર પ્રવાસીઓની સંખ્યા રીતે વધતી ગઈ છે.

## કચ્છનું પાટનગર-ભુજ

સંવત ૧૬૦૫ માગસર સુદ પાંચમના તા.૬/૧૨/૧૫૪૯માં સ્થપાયેલું કચ્છનું આ પાટનગર ભુજ સાથે ભુજિયા ડુંગરની નાગવાર્તા સાથે સંકળાયેલું છે. ભુજમાં જિલ્લા કક્ષાની તમામ કચેરીઓ આવેલી છે. તેથી વહીવટી પાટનગર ગણાય છે. જયારે ઔદ્યોગિક વિકાસના લીધે ગાંધીધામ આર્થિક પાટનગર તરીકે વિકાસ પામ્યું છે.

## હડપ્પન સંસ્કૃતિનું નગર-ધોળાવીરા

તાજેતરમાં જ પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતા કચ્છના ખડીર બેટમાં ૫૦૦૦ વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિનો ઈતિહાસ સમાવીને બેઠેલા ધોળાવીરાને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજની સૂચિમાં સ્થાન અપાયું છે જેથી કચ્છના પ્રવાસન ક્ષેત્રે વધુ એક મોરપિચ્છ ઉમેરાયું છે. ઘડુલી-સાંતલપુર રોડનું પણ કાર્ય પૂર્ણતાના આરે છે. આ રોડનું નિર્માણ થતા કચ્છના મુખ્ય મથક ભુજથી ધોળાવીરાનું અંતર ખૂબ ઘટી જશે જેના કારણે કચ્છમાં આવતા દેશ વિદેશના પ્રવાસીઓને ધોળાવીરા પહોંચવામાં સરળતા રહેશે અને કચ્છમાં પ્રવાસનને વધુ વેગ મળશે.

## વિજયવિલાસ પેલેસઃ માંડવીના રમણીય કાંઠે

માંડવીથી આઠ કિ.મિ.ના અંતરે આવેલો આ પેલેસ રાજવી મહારાવશ્રી વિજયરાજજીએ બનાવેલો ભવ્ય મહેલ છે. આ નયનરમ્ય સ્થળ હવે બોલિવૂડની ફિલ્મોમાં પણ નજરે ચડે છે અને હવે આ સ્થળને રાજયના પ્રવાસન નિગમે પ્રવાસીઓ માટેના સંભવિત વિકાસ કેન્દ્ર તરીકે ગણાવ્યું છે.

## છારી ઢંઢ

નાની બન્ની વિસ્તારમાં ચોમાસા પછી, ભરાયેલા વિશાળ કુદરતી સરોવરને કચ્છી ભાષામાં ‘ઢંઢ’ કહે છે. આ સરોવર ભરેલું હોય ત્યારે અહીં યાયાવર પંખીઓ વિશાળ સંખ્યામાં આવે છે. પંખીઓના મધુર કલરવથી ગુંજતું કુદરતી વાતાવરણ દીપાવલીથી એપ્રિલ સુધી માણી શકાય છે. પક્ષી, પ્રકૃતિપ્રેમી, રસિયા, ફોટોગ્રાફીના શોખીનો માટે વિશિષ્ટ વાતાવરણ ધરાવતું કુદરતી પર્યટન સ્થળ છે.


## નારાયણ સરોવર-કોટેશ્વર

હિંદુ ધર્મશાસ્ત્રોએ ભારતમાં પાંચ પવિત્ર સરોવરો ગણાવ્યાં છે. ઉત્તરે કૈલાશમાં માન સરોવર, દક્ષિણમાં પંચા, પૂર્વે ભુવનેશ્વરમાં બિંદુ, પશ્ચિમે નારાયણ સરોવરને મધ્યમાં પુષ્કર, આમ, નારાયણ સરોવરનો ઉલ્લેખ પુરાણોમાં જોવા મળે છે.

કચ્છના મહારાવશ્રી દેસળજી (પહેલા)નાં મહારાણી મહાકુંવર રાજબા સંવત ૧૭૯૦માં દ્વારકાની યાત્રાએ ગયેલા ત્યારે ત્યાંના પંડાઓના કડવા અનુભવથી કચ્છને આંગણે જ દ્વારકાધીશનું બીજું ધામ ઊભું કરવાનું નક્કી કર્યું અને દ્વારકાનાં મંદિરો જેવાં જ સાત મંદિરો અહીં ચણાવ્યાં તેમાં ક્ષત્રિકમરાય, રણછોડરાય, આદિનારાયણ, ગોવર્ધનનાથ, દ્વારકાનાથ અને લક્ષ્મીજીની મૂર્તિઓ પધરાવી. આ મંદિરના રક્ષણ માટે ફરતે ગઢ બંધાવ્યો, અને મંદિરના નિભાવ માટે ગરાસ કાઢી આપ્યો હતો.







## આયના મહેલ તથા કચ્છ મ્યુઝિયમ

કચ્છના જાડેજા વંશનું અમૂલ્ય નજરાણું એટલે આયના મહેલ. આ મહેલમાં દરિયાની રેતીમાંથી બનાવેલ કાચનો ઉપયોગ થયો છે. દીવાલ તથા છતમાં ઠેર ઠેર આ કાચ લગાડવામાં આવેલા છે. આથી તે આયના મહેલ એટલે કે અરીસાનો મહેલ તરીકે ઓળખાય છે. ઇ.સ.૧૭૫૦માં આ મહેલનું ઇન્ટિરિયર ડિઝાઇનનું કામ મહારાવ લખપતજીએ કરાવેલું છે. રામસિંહ માલમ હૉલેન્ડમાં જે કળા શીખ્યો હતો તેનો પૂરેપૂરો ઉપયોગ આ મહેલ બનાવવામાં કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભુજ ખાતે કચ્છ મ્યુઝિયમ પણ આવ્યું છે.

## ધીણોધર (થાન)

નખત્રાણાથી ૧૫ કિ.મિ. વિરાણીવાળા રસ્તે જતાં અરલ ગામ આવે છે. ત્યાંથી ધીણોધર ડુંગર પર ચડવાનાં પગથિયાં આવે છે. ડુંગરની ઊંચાઈ ૧૨૬૭ ફૂટ છે. ડુંગર પર દાદા ધોરમનાથે સોપારી પર ઊંધા માથે ૧૨ વર્ષ તપસ્યા કરી હતી. આ ડુંગર કચ્છનો જૂનામાં જૂનો ડુંગર છે.

અહીં ડુંગરની કોતરો તથા વન્યજીવન જોવાનો લહાવો લેવા જેવો છે. સ્કૂલના પ્રવાસ માટે આ જગ્યા અતિ ઉત્તમ છે. રહેવા જમવાની વ્યવસ્થા થઈ શકે છે. ધીણોધર ડુંગરની બખોલમાં દીપડા વસે છે. જેથી રાત્રિ રોકાણ દરમિયાન ડુંગર પર આવેલા પાણીના ઝરા પર પાણી પીવા આવતા દીપડાને જોવાનો રોમાંચ અનુભવવા જેવો છે. આ ધીણોધર જાગીરનો વહીવટ કાનફટા સાધુ હસ્તક હતો.

## કાળો ડુંગર- પચ્છમાઇ પીર


કચ્છનો ઊંચામાં ઊંચો ડુંગર (૧૫૧૫ ફૂટ) આ કાળોડુંગર છે. ભુજથી ખાવડા જઇ ક્રોબાણા જવાય અને ક્રોબાણાથી ૭ કિ.મિ.ના અંતરે આવેલા આ કાળાડુંગરની ટોચ પર જવાય છે. જે ભુજથી ૯૦ કિ.મિ. અને ખાવડાથી ૨૦ કિ.મિ. દૂર આવેલો છે. તેનો રસ્તો પાકો બનાવ્યો છે. જેથી વાહન ઉપર સુધી જઈ શકે છે. ઉપરની ટુંક પર ગુરુદત્તાત્રેયનું મંદિર આવેલું છે. આ જગ્યાએથી કચ્છનું મોટું રણ જોઈ શકાય છે. કચ્છનું મોટું રણ ચોમાસામાં પાણીથી ભરાઈ જાય છે. બાદમાં આ પાણી સુકાઈ જતાં મીઠું બની જાય છે. એપ્રિલ-મે ના ઉનાળાના સખત તાપથી પાણી સુકાઈ જાય છે. જેથી આ સુકાયેલા મીઠા પર ચાલી પણ શકાય છે. લગભગ ૩૦ થી ૪૦ કિ.મિ.ની પહોળાઇનો વિશાળ વિસ્તાર સફેદ ચાદર બિછાવેલી હોય તેવો દેખાય છે. કચ્છનું મોટું રણ બોર્ડર વિસ્તાર હોવાથી પ્રતિબંધિત છે. જેથી આ રણ જોવાનો લહાવો આ ડુંગર પરથી લઈ શકાય છે. આ ઉપરાંત કચ્છ જિલ્લામાં અન્ય વિવિધ પ્રવાસન કેન્દ્રો આવેલાં છે. રાજય સરકાર દ્વારા પ્રવાસન કેન્દ્રોનો વધુ વિકાસ કરવા જરૂરી પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

## માંડવી

માંડવીના સપૂત અને દેશ માટે આઝાદીની ચળવળ વિદેશમાં ક્રાંતિ સ્વરૂપે પ્રગટાવનાર શ્યામજી કૃષ્ણવર્માનું ભવ્ય સ્મારક તેમના માદરે વતનમાં બનાવી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને સાચા અર્થમાં વીરાંજલિ આપી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મંગલ ભાનુશાળીએ તા.૨૨/૮/૨૦૦૩માં વીરાંજલિ ભવ્યાતિભવ્ય પ્રારંભ કર્યો હતો.

માંડવીમાં તેમનું ભવ્ય સ્મારક બને તે માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીએ સ્વપ્નું કંડાર્યુ. ૮૯.૮૬ એકર જેટલી જમીન સ્મારક માટે મસ્કા-ગુંદીયાળીની દક્ષિણે ફાળવવામાં આવી. જેનો શિલાન્યાસ ખુદ તત્કાલીન મુખ્યમંત્રીએ તા.૪/૧૦/૨૦૦૯માં કર્યો. ઈંગ્લેન્ડમાં છે તેવું જ અદલ ઇન્ડિયા હાઉસ અહીં સ્મારક તરીકે બને તેવા પ્રયત્નો મુખ્યમંત્રીએ કર્યા. થોડા સમયમાં ભારતનું એક નમૂનારૂપ સ્મારક બન્યું. જેમાં ૫૬,૩૧૮ ચો.વર્ગ ફૂટનું (૫,૨૧૭ ચો.વર્ગ મીટર) બાંધકામ પૂરું કરવામાં આવ્યું. જેમાં ૫.૯ કરોડ જેટલી જંગી રકમ ખર્ચાઈ છે.

ઇન્ડિયા હાઉસના પરિસરમાં લોકમાન્ય તિળક, સરદારસિંહ રાણા અને મેડમ કામાની અર્ધપ્રતિમાઓ છે. સેન્ટ્રલ પ્લાઝાના કેન્દ્રમાં લોનની વચ્ચે પં.શ્યામજી કૃષ્ણ વર્મા અને ભાનુમતી વર્માની ૮ ફૂટ ઊંચી અને ૫૦૦ કિ.ગ્રા.વજનની ધાતુની શ્યામ પ્રતિમાઓને દૂરથી નિહાળતાં ઇન્ડિયા હાઉસ સમેતનું દૃશ્ય આપણા મન પર અલૌકિક આભા છોડી જાય છે. ●







# જ્યોર્જિયાના રાજદૂત ગુજરાતના વિકાસથી પ્રભાવિત



પ્રત્યક્ષ મુલાકાત સંબંધને વધુ મજબૂત બનાવે છે. બે દેશો વચ્ચેના સંબંધને વધુ મજબૂત બનાવવા માટે રૂબરૂ મુલાકાત ઉપકારક સાબિત થાય છે. તાજેતરમાં ભારત સ્થિત જ્યોર્જિયાના રાજદૂત શ્રીમાન અર્ચિલ જુલિઆશવિલી (Mr. Archil Dzuliashvili)એ ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતની રાજભવન ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે ગુજરાતના સર્વાંગીણ વિકાસ સંદર્ભે પ્રશંસા વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ તેમનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત શ્રીયુત આર્ચિલ જુલિઆશવિલીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત ગાંધીનગરમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં લીધી હતી.

જ્યોર્જિયાના એમ્બેસેડરે ગુજરાત સાથે ખાસ કરીને વ્યાપારિક મોડલ ટ્રાન્સપોર્ટ, પોર્ટ્સ, ફાર્માસ્યુટિકલ સેકટરમાં સહભાગિતા માટે ઉત્સુકતા દર્શાવી હતી. તેમણે જ્યોર્જિયા-ભારત-ગુજરાતના પુરાતન ઐતિહાસિક સંબંધોની સ્મૃતિ પણ આ વેળાએ તાજી કરી હતી.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સૌજન્ય મુલાકાત બેઠકમાં ચર્ચા વિમર્શ દરમ્યાન પણ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ભારતે કોવિડ મહામારીમાં વિશ્વના દેશોની પડખે ઊભા રહેવાનું દાયિત્વ પણ નિભાવ્યું છે.આ સંદર્ભમાં તેમણે ભારતે જ્યોર્જિયાને એન્ટીજન ટેસ્ટ કિટ, વૅક્સિનની કરેલી મદદનો ઉલ્લેખ કર્યો હતો.

જ્યોર્જિયાના એમ્બેસેડર શ્રીયુત આર્ચિલ જુલિઆશવિલી ગુજરાતની તેમની મુલાકાત યાદગાર બની રહી તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે ગુજરાતે ઈન્ડસ્ટ્રિયલ હબ, મેન્યુફેક્ચરિંગ હબ તરીકે નયા ભારત નિર્માણમાં જે પ્રદાન કર્યુ છે તેની સરાહના કરતાં ગુજરાત-જ્યોર્જિયાના વ્યાપારિક, વાણિજ્યિક, ઔદ્યોગિક સંબંધોને વધુ ઉચ્ચસ્તરે લઈ જવાની નેમ દર્શાવી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ઉદ્યોગ કમિશનરશ્રી તેમજ ઇન્ડેક્સ-બી ના મેનેજિંગ ડિરેક્ટર પણ જોડાયા હતા. ●

## વાઇબ્રન્ટ સમિટ - 2022માં સહભાગી થવા USA કોન્સ્યુલેટ જનરલને નિમંત્રણ આપતા CM

યુ.એસ.એના મુંબઈ સ્થિત કોન્સ્યુલેટ જનરલ શ્રીયુત ડેવિડ રેન્ઝએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાત ગાંધીનગરમાં લીધી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત USA વચ્ચેના વ્યાપારિક, આર્થિક સંબંધોના સુદૃઢ સેતુની ભૂમિકા આપતાં જણાવ્યું કે, ગુજરાતમાં યુ.એસ.એ માંથી ૧૧.૩૬ બિલિયન યુ.એસ.ડોલરનું FDI આવ્યું છે. તેમણે ગુજરાતમાં હાલ કાર્યરત ૧૨૦ જેટલી યુ.એસ. ઉદ્યોગ ઈન્ડસ્ટ્રીઝની સંખ્યા વધે અને આવનારા દિવસોમાં ત્યાંના વધુ ઉદ્યોગો ગુજરાતમાં વિકસે તે માટે રાજ્ય સરકાર દ્વારા સકારાત્મક અભિગમની તત્પરતા વ્યક્ત કરી હતી.

તેમણે ગુજરાતની વિશ્વ ઓળખ બનેલી વાઈબ્રન્ટ સમિટમાં તેમજ ગુજરાતમાં આગામી માર્ચ-૨૨માં યોજાનારા ડિફેન્સ એક્સપોમાં યુ.એસ ઉદ્યોગો-પ્રતિનિધિમંડળોને સહભાગી થવા આમંત્રણ પાઠવ્યું હતું. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે યુ.એસ.એ કોન્સ્યુલેટ જનરલને ખાસ કરીને કચ્છમાં ૩૦ હજાર મેગાવૉટનો જે હાઈબ્રીડ એનર્જી પાર્ક આકાર પામી રહ્યો છે તેમાં તેમજ ગિફ્ટ સિટીમાં યુ.એસ.એ ની બૅંકિંગ અને નાણાકીય સંસ્થાઓ વધુ પ્રમાણમાં આવે તેવું ઈજન પાઠવ્યું હતું.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ પણ જોડાયાં હતાં. ●



## ગુજરાત ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ એવોર્ડ-2021

# ગુજરાત વેરાયટી ઓફ ટૂરિઝમ સ્પોટ્સ ધરાવતું દેશનું એકમાત્ર રાજ્ય




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ ઍવૉર્ડ-2021ના ગૌરવશાળી સમારોહમાં જણાવ્યું હતું કે, ગુજરાત વેરાયટી ઓફ ટૂરિઝમ સ્પોટ્સ ધરાવતુ દેશનું એકમાત્ર રાજ્ય છે. ગુજરાતમાં ડેઝર્ટ ટૂરિઝમ, એન્ડવેન્ચર ટૂરિઝમ, સ્પિરિચ્યુઅલ એન્ડ રિલિજિયસ ટૂરિઝમ તેમજ એન્સીયન્ટ એન્ડ હિસ્ટોરિક ટૂરિઝમ, બોર્ડર ટૂરિઝમ તથા સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવા પેટ્રીઓટિક ટૂરિઝમ, બિચ ટૂરીઝમ સાથે ગુજરાતે પ્રવાસન ક્ષેત્રના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસને સાકાર કર્યો છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ ઍવૉર્ડના બીજા સંસ્કરણ અવસરે ટૂરિઝમ-હોસ્પિટાલિટી સેક્ટરના વિવિધ ઍવૉર્ડ પ્રદાન કર્યા હતા.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીને કારણે ટૂરિઝમ અને ટ્રાવેલ સેક્ટરને વધુ અસર પડી છે. પરંતુ આપત્તિને અવસરમાં પલટવાની આગવી ખુમારી સાથે ગુજરાતે પ્રવાસન ઉદ્યોગ ક્ષેત્રના વ્યવસાયને ફરી ધમધમતો કરવામાં સફળ આયામો સર કર્યા છે.

તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ભારતે વિકાસની રાજનીતિનો નવો યુગ સ્થાપ્યો હોવાનું જણાવી 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'થી 'સર્વગ્રાહી વિકાસ' દ્વારા આત્મનિર્ભર ભારત, વિશ્વ ગુરુ ભારત બનવા માટે પ્રયાસમાં ટૂરિઝમ સેક્ટરનું મોટું યોગદાન રહેલુ છે.

બેસ્ટ ટૂરિઝમ સ્પોટ તરીકે ઊભરી રહેલા ગુજરાતને હવે ઓલરાઉન્ડ ટૂરિઝમનું હબ બનાવવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ હોવાનું મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીયાત્રા અને મીઠાના સત્યાગ્રહનાં સ્મરણો લોકો સુધી પહોંચે તે ઉદ્દેશથી ગુજરાતના દરિયાકિનારા પર આવેલા દાંડીમાં 'નેશનલ સોલ્ટ મેમોરિયલ'ને એક ઉત્તમ પર્યટન સ્થળના રૂપમાં વિકાસ કરવામાં આવ્યો હોવાનું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. રાજ્ય સરકારે પ્રાચીન ધરોહર, ઐતિહાસિક વિરાસત-ઈમારતો સ્થળોને હેરિટેજ ટૂરિઝમ ડેસ્ટિનેશન તરીકે પ્રોત્સાહિત કરતી દેશની પ્રથમ હેરિટેજ ટૂરિઝમ પૉલિસી-2020 જાહેર કરી હેરિટેજ પૉલિસીથી ગુજરાતની ખુશ્બૂમાં એક નવું પીછું ઉમેર્યું હોવાનું તેઓએ જણાવ્યું હતું.

પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ કહ્યું હતું કે, પ્રવાસનના વિકાસ થકી વિશ્વભરના પ્રવાસીઓ ગુજરાત તરફ વધુ આકર્ષિત થાય અને ગુજરાતના પ્રવાસી બને તે માટે રાજ્યનાં તમામ પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

આ સમારોહમાં વિવિધ પ્રકારની 26 કેટેગરીમાં ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના પ્રવાસન મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, ગુજરાત પ્રવાસન વિભાગના સચિવ શ્રી હારિત શુક્લા, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જેનુ દેવાન સહિતના અધિકારીઓ ઉપરાંત અભિનેતા શ્રી મિલિન્દ સોમન, શ્રી જય ભાનુશાલી, લોકગાયક શ્રી આદિત્ય ગઢવી, શ્રી ગીતા રબારી તથા પ્રવાસન ક્ષેત્ર અને હોટેલ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# દિવ્યાંગજનોને સાધન સહાય




સમગ્ર ગુજરાતમાં કોઈ પણ દિવ્યાંગ ભાઈ-બહેન કોઈ સહાયથી વંચિત ન રહે એના માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. ગુજરાત રાજ્યના ખૂણે-ખૂણે વસતા તમામ દિવ્યાંગ સુધી સહાયતા પહોંચે અને એ દિવ્યાંગો સ્વનિર્ભર થાય એ મુખ્ય ઉદ્દેશ છે. સેવાકાર્યો કરનાર ટ્રસ્ટો અને સંસ્થાઓ સાથે રાજ્ય સરકાર હંમેશા સહકાર આપતી રહી છે. તાજેતરમાં અમદાવાદ ખાતે ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ, જયપુર અને શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજનાં સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગોને નિ:શુલ્ક સાધન સહાય આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ શિબિરનો પ્રારંભ કરતાં મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, માનવસેવા એ જ પ્રભુસેવા'' માનવીનાં દુઃખ-દર્દ દૂર કરવા એ જ મોટું સેવાકીય કાર્ય છે.

આ શિબિરમાં વિકલાંગોને નિ:શુલ્ક કૃત્રિમ પગ (જયપુર ફૂટ) તથા પોલિયો કેલિપર્સ તથા બગલઘોડી વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, જગતનાં સર્વ ધર્મશાસ્ત્રોમાં એક વાત જરૂર કહી છે કે દિવ્યાંગજનોની તકલીફ દૂર કરવી એ સફળ માનવજીવનની લાક્ષણિકતા છે. આપણી આસપાસ ઘણા એવા લોકો રહે છે-જીવે છે, જેમને કુદરતે આપણા બધા કરતાં કંઇક ઓછું આપ્યું છે. શારીરિક તકલીફ આપી છે એવા લોકોને મદદ કરીને સહાયરૂપ થવું એ સભ્ય સમાજની પરંપરા છે. દિવ્યાંગ લોકોને સામાન્ય જીવન જીવવામાં ઘણી અડચણો આવતી હોય છે આવા સમયે તેમને પરિવારજનો અને આસપાસના લોકોએ સાથ-સહકાર આપવો એ ખૂબ જ જરૂરી છે. દિવ્યાંગજનોનું સમાજમાં પુનઃસ્થાપન થાય અને તેએ સામાન્ય જીવન જીવતા થાય એ માટે સમાજના સક્ષમ લોકોએ આગળ આવવું પડે.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વિશેષમાં જણાવ્યું હતું કે પહેલાં દિવ્યાંગોને વિકલાંગતા પ્રમાણપત્ર માટે વારંવાર મેડિકલ ચેકઅપ માટે જવું પડતું હતું અને હાડમારી વેઠવી પડતી હતી પણ હવે સંપૂર્ણ સંવેદનાથી દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન એટલે કે લાઇફ ટાઇમ માટે માન્ય કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી બસમાં મુસાફરી માટે મળતો પાસ પણ હવેથી આજીવન ધોરણે જીવનભર માટે માન્ય રાખવામાં આવશે

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે તાજેતરમાં જ ટોક્યો પેરા ઑલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનારી ગુજરાતની દીકરી અને ઘાટલોડિયામાં રહેતી ભાવિના પટેલ તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભાવિના પટેલે દિવ્યાંગ હોવા છતાંય રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક મેડલ જીત્યા છે. એટલે હવે દિવ્યાંગ હોવું એ અભિશાપ નથી.

દિવ્યાંગોના કલ્યાણ અને રોજગારી તથા આર્થિક ઉત્કર્ષ માટે રાજ્યમાં 'દિવ્યાંગ આર્થિક વિકાસ નિગમ'ની પણ રચના કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે માતબર રકમ દિવ્યાંગ વ્યક્તિઓના શિક્ષણ અને તાલીમ માટે ખર્ચ કરવામાં આવે છે. રાજ્ય સરકારની સંત સુરદાસ યોજના અંતર્ગત બૌદ્ધિક અસમર્થતા ધરાવતા ૨૫ હજારથી વધારે મનોદિવ્યાંગ વ્યક્તિઓને પેન્શનની રકમ તેમના ખાતામાં દર મહિને નિયમિત રીતે મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ભગવાન મહાવીર વિકલાંગતા સહાયતા સમિતિ અને શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળને અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં ભગવાન મહાવીર વિકલાંગતા સહાયતા સમિતિના સ્થાપક શ્રી ડી.આર. મહેતા, સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી વલ્લભભાઈ કાકડિયા, એલિસબ્રિજ અને સાબરમતીના ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સંસ્થાના હોદ્દેદારો, પદાધિકારીશ્રીઓ, વિવિધ સંગઠનના પદાધિકારીઓ, હોસ્પિટલના ટ્રસ્ટીશ્રીઓ અને દિવ્યાંગ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ‘આઝાદી કા અમૃત મહોત્સવ’

# સ્વાતંત્ર્ય સંગ્રામમાં સંબંધિત વિસ્તારોની ગૌરવગાથા પરિસંવાદોમાં રજૂ થઇ



સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભારતનાં અનેક નાગરિકોએ પોતાની જાત હોમી દીધી. આવા સ્વાતંત્ર્ય વીરોને યાદ કરવા અને આવનારી પેઢીને અનેક શહાદતો બાદ મળેલી મહામૂલી આઝાદીનું મહત્ત્વ સમજાવવા અને સતત સંઘર્ષથી જ પ્રગતિની શીખ આપવા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દાહોદ, વડોદરા, ભાવનગર જિલ્લામાં પ્રેસ અકાદમી આયોજિત સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન વિષય પર પરિસંવાદ યોજાયા હતા.

### ભાવનગર

ભાવનગરમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત આઝાદીના સંગ્રામમાં ભાવનગર જિલ્લાનું યોગદાન વિષય પર પરિસંવાદમાં ઈન્ડો- તિબ્બત સહયોગ મંચના ભારતના પ્રતિનિધિ શ્રી નાનુભાઇ ડાંખરાએ કહ્યું કે, નાના સાહેબ પેશ્વાએ ભાવનગરના તેમના પાંચ સાથીઓ સાથે આશરો લીધો હતો. તેમના સાથીઓના ચાર પાળિયા આજે પણ પીર તરીકે પૂજાય છે. આ વફાદારોએ વળાવળ ગામે નાના સાહેબ પેશ્વાને બધી ગુપ્ત માહિતી આપતા હતા. આ વફાદારોમાંથી એક એવા ગરીબશા પીરની દરગાહ પર આપણે શીશ ઝૂકાવીએ છીએ.

શામળદાસ કોલેજના ઇતિહાસ વિભાગના અધ્યક્ષ શ્રી ડો. એલ. યુ. વાઢેરે પરિસંવાદમાં જણાવ્યું કે, આઝાદીની લડતમાં વકીલ, પત્રકાર અને શિક્ષકોએ મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. ઝવેરચંદ મેઘાણી અને અમૃતલાલ ઠક્કરે પત્રકારત્વની મશાલ પ્રજ્વલિત રાખી હતી તો નાનભાઈ ભટ્ટ અને ગીજુભાઈ બધેકાએ શિક્ષક ધર્મ નિભાવી સમાજને જાગૃત કરવાનું કાર્ય કર્યું હતું. આ કાર્યક્રમમાં ટી.વી. ૯ ના વરિષ્ઠ પત્રકાર શ્રી અજીત ગઢવી,નાયબ માહિતી નિયામક શ્રી જે.ડી. વસૈયા, સિનિયર સબ એડિટર શ્રી સુનિલ પટેલ સહિત માહિતી ખાતાના કર્મચારીઓ, પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક માધ્યમોના પત્રકારશ્રીઓ, પ્રબુદ્ધ નાગરિકો અને પત્રકારત્વ ક્ષેત્રના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### દાહોદ

દાહોદમાં આયોજિત પરિસંવાદમાં જાણીતાં શિક્ષણવિદ અને સમાજસેવિકા શ્રી ઇલાબહેન દેસાઇએ જણાવ્યું હતું કે, ગાંધીજીએ સત્યાગ્રહોના આદિવાસી જિલ્લામાંથી મળી રહેલા પ્રતિભાવો જોતાં ઠક્કરબાપાને દાહોદ મોકલ્યા. દાહોદમાં પણ નવનીતભાઈ દેસાઈ સહિતના સ્વાતંત્ર્યવીરો આંદોલન ચલાવી રહ્યા હતા. આ પરિસંવાદમાં પત્રકાર શ્રી સચિન દેસાઈ, મધ્ય ગુજરાત ઝોનના સંયુક્ત માહિતી નિયામક શ્રી ભાવસિંહ રાઠવા, નાયબ માહિતી નિયામક શ્રી બાબુભાઈ દેસાઈ, શ્રી સંજયભાઈ શાહ સહિતના અધિકારીઓ તેમજ જિલ્લાના પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

### વડોદરા

પ્રાદેશિક માહિતી કચેરી વડોદરા અને ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત આઝાદીના સંગ્રામમાં વડોદરા જિલ્લાનું યોગદાન વિષય પર ચર્ચા ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી દેવલભાઇ શાસ્ત્રીએ હિંદુ લગ્ન કાયદો, બાળ લગ્ન પ્રતિબંધ, કન્યાઓ માટે પ્રાથમિક શિક્ષણ અને મોટી વયની મહિલાઓ માટે શિક્ષણ આપવા જનાના મહાવિદ્યાલય, હોમ સાયન્સ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. આઝાદીના સંગ્રામમાં જોડાયેલ નાગરિકો અને તેમની શૌર્યકથાઓ સરદાર સાહેબ અને વીર વિઠ્ઠલભાઈ પટેલના અધ્યક્ષ પદે મળેલી પ્રજા મંડળની પરિષદોનો હવાલો આપીને શ્રી શાસ્ત્રીએ સ્વતંત્રતા આંદોલનમાં આ સંસ્થાની અગત્યની ભૂમિકા જણાવી હતી.

સંયુક્ત માહિતી નિયામક શ્રી ભાવસિંહ રાઠવાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ પરિસંવાદમાં નાયબ માહિતી નિયામક શ્રી બી.પી. દેસાઈ, સહાયક માહિતી નિયામક શ્રીમતી ભાનુબહેન રાણા, કચેરી અધિક્ષક શ્રી એસ.બી. સુખડિયા, પ્રાદેશિક માહિતી કચેરી, વડોદરાનો કર્મચારીગણ, પ્રિન્ટ-ઇલેક્ટ્રોનિક માધ્યમોના પત્રકારશ્રીઓ અને પત્રકારત્વ ક્ષેત્રના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

કિશોર જિકાદરા

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં યોજાઇ પ્રાકૃતિક ખેતીની કાર્યશાળા




બનાસકાંઠાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં સુભાષ પાલેકર પ્રેરિત પ્રાકૃતિક ખેતીની કાર્યશાળામાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સુખી અને તંદુરસ્ત જીવન જીવવા દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળવા ખેડૂતોને આહ્વાન કર્યું હતું. રાસાયણિક ખાતરોના આડેધડ ઉપયોગથી હોસ્પિટલો ભરચક છે ત્યારે સમાજને ફેમિલી ડૉક્ટરની સાથે-સાથે હવે ફેમિલી ખેડૂતની જરૂર છે. આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂતોનું રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક ખેતીનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીન ફળદ્રુપ બને છે, ઉજ્જડ અને બિન ઉપજાઉ જમીનને પણ આ પદ્ધતિથી ફળદ્રુપ બનાવી શકાય છે. કાંકરેજી અને ગીર ઓલાદની દેશી ગાયના માત્ર એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ જેટલી વિરાટ સંખ્યામાં ખેતી ઉપયોગી બેક્ટેરિયા હોય છે તેના દ્વારા નોંધપાત્ર ખેત ઉત્પાદન મેળવીને બીમારીઓથી પણ દૂર રહી શકાય છે. પ્રાકૃતિક ખેતી કાર્યશાળામાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ.આર એમ. ચૌહાણ, શ્રી સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતીના પ્રદેશ સંયોજક શ્રી પ્રફુલભાઈ સેજલિયા, બનાસકાંઠાના સંયોજક શ્રી ભીખાભાઈ ભુટકા, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ડૉ. ડી. વી. બારોટ, કલેક્ટર શ્રી આંનદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્વપ્નિલ ખરે, ખેડૂત અગ્રણીઓ સર્વશ્રી રામજીભાઈ પટેલ, શ્રી મેઘરાજભાઈ, શ્રી જેસંગભાઈ સહિત કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ અને સારી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે સાઇકલ રેલી

ભારત દેશ આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે, ત્યારે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતેથી કેંદ્રીય રિઝર્વ પોલીસ બળ (CRPF) દ્વારા યોજાયેલી સાઇકલ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ CRPF દ્વારા યોજાયેલી આ સાઇકલ રેલીને સામાજિક નવજાગરણના પ્રતીક સ્વરૂપે ગણાવી ઉમેર્યુ હતું કે, CRPFના જવાનો પૈકી જે યુવકો અને યુવતીઓ આ સાઇકલ રેલીમાં જોડાયાં છે, તેઓ દેશની એકતા-અખંડતા, સહિષ્ણુતા, પ્રેમ, ભાઈચારાની ભાવના સુદૃઢ કરવા અને સ્ત્રીભ્રૂણ હત્યાને અટકાવવા, 'બેટી બચાવો-બેટી પઢાવો' અભિયાન ઉપરાંત નશા મુક્તિ પ્રત્યે જાગૃતિ કેળવવા અન્ય યુવાનોને પ્રેરિત કરશે.

આ પ્રસંગે CRPFના પોલીસ મહાનિર્દેશક શ્રી રણદીપ દત્તાએ જણાવ્યું હતું કે કેંદ્રીય રિઝર્વ પોલીસ બળ દ્વારા દેશની ચારેય દિશાઓમાંથી એટલે કે જમ્મુ, જોરહાટ-આસામ, કન્યાકુમારી તેમજ સાબરમતી આશ્રમ-અમદાવાદથી ચાર સાઇકલ રેલીનું આયોજન કરાયું છે. જેનું સમાપન બીજી ઓક્ટોબર, ગાંધી જયંતીએ નવી દિલ્હીમાં થયું હતું. ●

## પ્રાકૃતિક ખેતીથી અસાધ્ય બીમારી દૂર થશે

હિમાચલ પ્રદેશ ખાતે આયોજિત ફાર્મ ફેસ્ટમાં પ્રગતિશીલ ખેડૂતોને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિથી જળ, જમીન, જંગલ અને પર્યાવરણનું સંરક્ષણ થશે એટલું જ નહિ, સ્વાસ્થ્યપ્રદ આહાર મળવાને કારણે લોકો અસાધ્ય બીમારીનો ભોગ બનતા પણ અટકશે. તેમણે પ્રાકૃતિક કૃષિને ઈશ્વરીય કાર્ય પણ ગણાવ્યું હતું.

હિમાચલ પ્રદેશના સિંહ એપલ ઓર્ચર્ડ્સ દ્વારા યોજાયેલાં છઠ્ઠા ફાર્મ ફેસ્ટમાં સિંહ એપલ ઓર્ચર્ડ્સના સંસ્થાપક શ્રી ઠાકુર સિંહજી તેમજ શ્રી જીતુ ચૌહાણે ફાર્મ ફેસ્ટમાં પ્રગતિશીલ ખેડૂતોના વિચાર વિનિમયથી ખેડૂતોને વિવિધ માર્ગદર્શન મળી રહે છે તેની માહિતી આપી પ્રાકૃતિક કૃષિને ભવિષ્યની જરૂરિયાત ગણાવી હતી.

આ પ્રસંગે હિમાચલ પ્રદેશ ઉપરાંત ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર તેમજ અરુણાચલ પ્રદેશના પ્રગતિશીલ કિસાનો તેમજ સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ વિભાગ, હિમાચલ પ્રદેશના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રાજેશ્વર ચંદેલ, યુનિવર્સિટી ઓફ હોર્ટિકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રીના સંશોધકો, વૈજ્ઞાનિકો, વિવિધ કિસાન વિકાસ કેન્દ્રોના કૃષિ નિષ્ણાતોએ ઉપસ્થિત રહીને ખેડૂતોને બાગાયતી પાક અને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું. ●

## કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ફોર સ્કૂલની મુલાકાત લેતા શિક્ષણમંત્રી




ગાંધીનગર સ્થિત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ફોર સ્કૂલની મુલાકાત લઈ શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ સેન્ટરની વિવિધ કામગીરી વિશે જાણકારી મેળવી હતી અને સમગ્ર ભવનનું આધુનિક તકનીકીકરણ નિહાળ્યું હતું.

શિક્ષણમંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યુ હતું કે, ગુજરાત શિક્ષણ ક્ષેત્ર વધુને વધુ અવિરત વિકાસ કરતું રહેશે. તેમણે ગુણોત્સવ, પ્રવેશોત્સવ, સ્કૂલ એક્રેડિટેશન, ઓનલાઈન એટેન્ડન્સ, સ્કૂલ રેડીનેસ, નિદાન કસોટી, શિક્ષક સજ્જતા સર્વેક્ષણ વગેરે વિષયે ઊંડાણપૂર્વક વિગતો મેળવી હતી અને આ વિષયો પર શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિમર્શ કર્યો હતો.

શિક્ષણ વિભાગના સચિવ શ્રી ડૉ. વિનોદ રાવે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરને છેલ્લાં ત્રણ વર્ષમાં થયેલા શિક્ષણ વિભાગના નૂતન પ્રકલ્પો અંગે વિસ્તૃત સમજ પ્રેઝન્ટેશન દ્વારા આપી હતી. શિક્ષણમંત્રીશ્રીએ રાજ્યના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ચર્ચા વિમર્શ કર્યો હતો. ●

## જરૂરતમંદને સરકારી યોજનાનો લાભ સત્વરે મળે તે જોવા અધિકારીઓને તાકીદ



ગાંધીનગરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે રિવ્યૂ બેઠક યોજી હતી. આ બેઠકમાં વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી મનીષાબહેન વકીલ તેમજ મંત્રી શ્રી આર.સી.મકવાણા પણ હાજર રહ્યાં હતા. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સાથેની રિવ્યૂ બેઠકમાં મંત્રીશ્રીએ વિભાગને લગતી દરેક યોજનાનો લાભ તમામ જરૂરિયાતમંદોને સમયસર મળી રહે તે સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનો કર્યાં હતાં. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની કામગીરી, યોજનાઓ તથા તેનો વ્યાપ અને આગામી આયોજનો અંગે મંત્રીશ્રીઓને વિસ્તૃત જાણકારી આપી માહિતગાર કર્યા હતા. આ બેઠકમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સંયુક્ત સચિવશ્રી, નાયબ સચિવશ્રી તથા અનુસૂચિત જાતિ કલ્યાણ, વિકસતી જાતિ કલ્યાણ તથા સમાજ સુરક્ષા ખાતાના નિયામકશ્રીઓ ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ આવતાં નિગમના મેનેજિંગ ડિરેક્ટરશ્રીઓ સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગની સમીક્ષા



મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગના રાજ્ય મંત્રી શ્રીમતી મનીષાબહેન વકીલે પદભાર સંભાળતાં જ ડૉ.જીવરાજ મહેતા ભવન સ્થિત મહિલા અને બાળ વિકાસ કમિશનરશ્રીની કચેરીની મુલાકાત લઈ વિવિધ કામગીરીની જાતમાહિતી મેળવી અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

મહિલા અને બાળ વિકાસ કમિશનર વિભાગ સંલગ્ન કચેરીઓના તમામ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજીને મંત્રીશ્રીએ મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી દરેક યોજનાનો લાભ તમામ જરૂરિયાતમંદોને સમયસર મળી રહે તે સુનિશ્ચિત કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી કે.કે. નિરાલાએ વિભાગની કામગીરી, યોજનાઓ તથા તેનો વ્યાપ અને આગામી આયોજનો અંગે મંત્રીશ્રીને વિસ્તૃત જાણકારી આપી માહિતગાર કર્યા હતા. ત્યાર બાદ મંત્રીશ્રીએ વિભાગના સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટરની મુલાકાત પણ લીધી હતી. આ બેઠકમાં આઇ.સી.ડી.એસ નિયામક શ્રી ડી.એન.મોદી સહિત વિવિધ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# લોકોને સરળતાથી ન્યાય મળે એ સરકારની પ્રાથમિકતા



મહેસૂલ અને કાયદામંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ તાજેતરમાં વિધિવત્ રીતે પોતાના વિભાગનો પદભાર સંભાળ્યો હતો. આ વેળા પૂર્વ ગૃહરાજયમંત્રી શ્રી પ્રદીપસિહ જાડેજા સહિત પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મહેસૂલ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં વિકાસની દિશામાં આગળ ચાલીને ગુજરાતનો સર્વાંગી વિકાસ કરાશે. કાયદો નાગરિકોને ઝડપી અને સરળતાથી પ્રાપ્ત થાય, લોકોને સરળતાથી ન્યાય મળે તે અમારી સરકારની પ્રથમ પ્રાથમિકતા રહેશે. ગુજરાતમાં સારા અને કડક કાયદાઓ લાવવામાં આવ્યા છે.

તેમણે કહ્યું હતું કે જમીનના વેચાણ બાદ નોંધની પ્રક્રિયા વધુ સરળ બનાવવામાં આવશે. આવનાર દિવસોમાં મામલતદાર અને તમામ જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો કૉન્ફરન્સ યોજાશે. જેમાં મહેસૂલના પડતર કેસોની સમીક્ષા હાથ ધરવામાં આવશે. મહેસૂલ વિભાગમાં આવનાર દિવસોમાં પડતર પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે વધુ કડક હાથે કામ લેવામાં આવશે. લોકોના પ્રશ્નો સીધા લોકો પાસેથી સાંભળીને તેમને ઝડપી ન્યાય અપાવાશે. ●

## જામનગરના પૂરગ્રસ્તોની વહારે સરકાર

ભારે વરસાદને પગલે જામનગર જિલ્લામાં અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેની સમીક્ષા અર્થે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે બેઠક યોજી સંબંધિત અધિકારીશ્રીઓ પાસેથી વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું. સમીક્ષા બેઠકમાં સાંસદ શ્રી પૂનમબહેન માડમ, પ્રભારી સચિવ શ્રી નલીન ઉપાધ્યાય, જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. સૌરભ પારધી સહિતના હોદ્દેદારો જોડાયા હતા.

બેઠકમાં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ઘરવખરી સહાય ચુકવણી, કેશડોલ, ચૂકવવામાં આવેલી સહાય તથા ચૂકવવામાં આવનાર સહાય, પાણી-ઘાસ-અનાજ-વીજળી-રોડ રસ્તા વગેરેની સ્થિતિ ખેતી તથા ઘરોમાં નુકસાન વગેરે બાબતોની સંબંધિત અધિકારીશ્રીઓ પાસેથી વિગતો મેળવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મંત્રીશ્રીએ આ તકે જિલ્લામાં રોગચાળો ન ફાટે તે માટે આરોગ્ય તંત્રને સચેત બની કામગીરી કરવા, ધોવાયેલા રસ્તાઓનું તાકીદે સમારકામ કરવા, અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે અનાજ, પાણી, ઘાસ સહિતની મદદ પૂરી પાડવા તાકીદ કરતાં જણાવ્યું હતું કે અસરગ્રસ્તોને મહત્તમ લાભો ચૂકવાય તે માટે સરકાર દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે ત્યારે સ્થાનિક કક્ષાએથી પણ માનવીય અભિગમ દાખવી જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરાય તે જરૂરી છે. ●

## કૃષિ મંત્રીશ્રીએ જામનગરનાં પૂરગ્રસ્ત ૧૯ ગામોની લીધી મૅરેથોન મુલાકાત



ગુજરાત સરકારે સમયાંતરે પોતાની સંવેદનશીલતાનો પરચો કરાવ્યો છે. તાજેતરમાં ભારે વરસાદથી જામનગરમાં સર્જાયેલી પૂરની સ્થિતિમાં પણ રાજ્ય સરકારે પરિસ્થિતિને કાબૂમાં લઈ અસરગ્રસ્તો સુધી સહાય પહોંચાડી હતી. કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે પદગ્રહણના બીજા જ દિવસે જામનગર જિલ્લાનાં ૧૯ પૂરગ્રસ્ત ગામોની મુલાકાત લઈ લોકોની રજૂઆતો તથા પ્રશ્નો સાંભળ્યાં હતાં.

મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે લોકોની રજૂઆતો પરત્વે પ્રત્યુત્તર પાઠવતાં જણાવ્યું હતું કે, પૂર વખતે પણ રાજ્ય સરકારે એરલિફ્ટ, એન.ડી.આર.એફ. તથા એસ.ડી.આર.એફ.સહિતની તમામ મદદ પૂરી પાડી હતી ત્યારે હવે પૂર બાદની સ્થિતિમાં પણ સરકાર લોકોની પડખે ઊભી છે અને મહત્તમ લાભો લોકો સુધી પહોંચે તે મુજબનું આયોજન કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીશ્રીએ પણ રૂબરૂ મુલાકાત લઈ અસરગ્રસ્તો સાથે સંવાદ કર્યો હતો. ●

# સાણંદના સખીમંડળોની કામગીરીને બિરદાવતા ગ્રામ વિકાસમંત્રીશ્રી




ગુજરાત સરકારે રાજ્યના તમામ વર્ગના લોકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. તેમાં પણ આદિવાસીઓ, વંચિતો, ખેડૂતો, મહિલાઓ માટે વિશેષ પ્રયાસો હાથ ધર્યા છે. મહિલાઓ પગભર બને તે માટે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિશન મંગલમ્ અંતર્ગત સખીમંડળની શરૂઆત કરાવી. આજે સખીમંડળો મારફતે મહિલાઓએ આર્થિક વિકાસની નવી કેડી કંડારી છે. તાજેતરમાં ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે અમદાવાદના સાણંદ તાલુકામાં કાર્યરત સખીમંડળોની મુલાકાત કરી હતી.

આ પ્રસંગે મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં પહેલા ઘરના મોભી અને પુરુષ વર્ગ જ આર્થિક ઉપાર્જન માટે કાર્યરત હતા અને મહિલાઓ ગૃહકાર્ય સંભાળતા હતા.પરંતુ હવે સમય બદલાયો છે અને ઘરના તમામ સભ્યો આર્થિક ઉપાર્જન માટે રોજગારી મેળવી રહ્યા છે.રાજ્ય સરકાર અનેકવિધ યોજનાકીય સહાયથી બાળક ગર્ભમાં હોય ત્યાંથી જન્મથી લઈને મરણ સુધી સૌની સાથે છે. સખીમંડળની બહેનો ઉત્તરોતર પ્રગતિ કરીને સફળતાનાં શિખરો સર કરે અને અમદાવાદ જિલ્લામા કાર્યરત સખીમંડળો રાષ્ટ્રીય કક્ષાએ ઝળકે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે સાણંદ તાલુકામાં ૧૦૫૮ જેટલાં સખીમંડળ આવેલાં છે. જેમાંથી ૩૦ VO, રિવોલ્વિંગ ફંડ આપેલ સ્વ સહાય જૂથની સંખ્યા ૧૩૯, CIFમાં ૧૨૧, ૩૬૩ જેટલા SHG આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં છે અને ૨ જૂથ બેંક સાથે સંકળાયેલા છે DG payમાં ૧૦ સ્વસહાય જૂથ જોડાયેલાં છે.

આ પ્રસંગે ચેખલા અને નિધરાડના સખીમંડળના બહેનોએ મંડળની કામગીરી વિશે માહિતી આપી હતી. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત શ્રી મહાકાલી JLESG, શ્રી ગુરુદેવ JLESGને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે એક-એક લાખ રૂપિયાના ચેક મંત્રીશ્રીના હસ્તે આપવામાં આવ્યા હતા. NRLM યોજના અંતર્ગત ચેખલા, હઠીપુરા, ઈયાવા અને વીરપુરા ગામની સ્વસહાય જૂથની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી હસ્તકલાની વિવિધ વસ્તુઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે સાણંદ ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનીલભાઈ ધામેલિયા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અરવિંદસિંહ વાઘેલા, સખીમંડળની અનેક બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# શહેરી વિસ્તારનાં વિકાસ કાર્યોની સમીક્ષા



રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટિઝ એડમિનિસ્ટ્રેશનની કચેરીની મુલાકાત લીધી હતી. કર્મયોગી ભવન-૧ સ્થિત ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશનના કોન્ફરન્સ હૉલમાં યોજાયેલી આ બેઠકમાં કમિશનર શ્રી રાજકુમાર બેનીવાલ દ્વારા ત્રણેય કચેરીઓમાં થતી કામગીરીનું વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ આ બેઠકમાં જણાવ્યું હતું કે અધિકારીશ્રીઓ દ્વારા સાંપ્રત કામગીરી અંગે કોઈપણ રજૂઆત ચોક્કસપણે તેમના સ્તરે લાવવામાં આવે જેથી તેઓ વિકાસ કાર્યમાં સંભવત: તમામ મદદ કરી શકે. મંત્રીશ્રી દ્વારા ફાટકમુક્ત ગુજરાત અભિયાન, નલ સે જલ, સ્માર્ટસિટી, સોલાર પ્રોજેક્ટ, અમૃત મિશન સહિતનાં વિવિધ આયોજનો તથા યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવવામાં આવી હતી.

મંત્રીશ્રી દ્વારા પ્રજાજનોને પીવાનાં પાણી, ગટર તેમજ વરસાદી પાણીના નિકાલ અંગે કોઈ અસુવિધા ઊભી ન થાય તેમજ નગરપાલિકા કક્ષાએ જો કોઈ પ્રશ્નો હોય તો તે પણ તેમના ધ્યાને લાવવા જરૂરી સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં 'કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન તથા ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપનીના' ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# વિદ્યાર્થીઓ માટેની વિવિધ યોજનાઓની નાણાકીય સહાય મંજૂર



શિક્ષણ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી તરીકે શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ પદભાર સંભાળતાની સાથે જ રાજ્યના વિદ્યાર્થીઓ-યુવાઓ માટે મહત્ત્વના નિર્ણયો કર્યા છે. શિક્ષણ વિભાગની વિવિધ યોજનાઓ અંતર્ગત ૯૦૬ વિદ્યાર્થીઓને રૂ. ૭.૮૩ કરોડની નાણાકીય સહાયને મંજૂરી આપી છે. જેમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) યોજના અંતર્ગત ૩૮૩ વિદ્યાર્થીઓને રૂ. ૪.૫૧ કરોડની નાણાકીય સહાય, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત કુલ ૯૪ વિદ્યાર્થીઓને રૂા.૨.૬૭ કરોડની નાણાકીય સહાય અને શોધ યોજના અંતર્ગત કુલ ૪૨૯ વિદ્યાર્થીઓને રૂ.૬૪.૩૫ લાખની નાણાકીય સહાય ચૂકવવાનો નિર્ણય લીધો છે.

આ ઉપરાંત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પૉલિસી અંતર્ગત ૫ યુનિવર્સિટી અને ૫ સંસ્થાઓને કુલ રૂ. ૮૬.૪૫ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે. તેમજ રાજ્ય વ્યાપી સ્માર્ટ ગુજરાત ફોર ન્યૂ ઈંડિયા હેકાથોન સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓની ૧૮ ટીમોને રૂ.૭.૨૦ લાખના ઇનામો આપવામાં આવ્યાં છે એ જ રીતે "ડિજિટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ (DEDF)" અંતર્ગત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનાં કેમ્પસ વાઇફાઇ કરવા, ડિજિટલ ક્લાસરૂમ ઊભા કરવા, ઇ-લાઇબ્રેરીની સુવિધાઓ ઊભી કરવા, શૈક્ષણિક સોફ્ટવેરની ખરીદી જેવા વિવિધ હેતુઓ માટે ચાલુ વર્ષે મંજૂર થયેલી રકમ પૈકી રૂ.૧૫ કરોડ ફાળવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) અંતર્ગત રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને દર વર્ષે રૂ. ૨.૨૦ લાખ સુધીની સહાય મળી અભ્યાસક્રમના સમગ્ર સમયગાળા દરમિયાન કુલ રૂ.૯.૬૪ લાખ સુધીની સહાય ઉપરાંત મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી વધારાના રૂ ૧૮ લાખ એમ કુલ રૂ. ૨૭.૬૪ લાખની સહાય મળવાપાત્ર થાય છે. પેરામેડિકલ, ટેક્નિકલ વોકેશનલ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને દર વર્ષે ૬૭,૦૦૦ સુધીની સહાય મુજબ અભ્યાસક્રમના સમગ્ર સમયગાળા દરમિયાન રૂ. ૨.૫૩ લાખ સુધીની સહાય મળવાપાત્ર થાય છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કુલ ૬૫,૦૦૦ વિદ્યાર્થીઓને રૂ.૨૮૭ કરોડની સહાય આપવામાં આવશે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓને ૫૦ ટકા ટ્યૂશન ફી સહાય રૂ. ૨ લાખની મર્યાદામાં મળવાપાત્ર છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે મેડિકલ અભ્યાસક્રમની વિદ્યાર્થિનીઓને ૫૦ ટકા ટ્યૂશન સહાય અને બાકીની ૫૦ ટકા ટ્યૂશન ફી સહાય, કુલ ટ્યૂશન ફી રૂ.૬ લાખની મર્યાદામાં મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાંથી મળવાપાત્ર છે. આ યોજના અંતર્ગત મેડિકલ અભ્યાસક્રમની વિદ્યાર્થિનીઓને કુલ રૂ. ૨૭.૬૪ લાખની સહાય મળવાપાત્ર થાય છે. જેના કારણે મેડિકલ અભ્યાસક્રમમાં વિદ્યાર્થિનીઓની સંખ્યાના પ્રમાણમાં ૧૮ ટકાનો વધારો થયો છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કુલ ૩૦૦૦ વિદ્યાર્થીઓને રૂા.૮૫ કરોડની સહાય આપવામાં આવશે.

રાજ્યની યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલા તેજસ્વી અને પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને પ્રતિ માસ આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા શોધ યોજના હેઠળ વિદ્યાર્થીઓને દર મહિને રૂ. ૧૫,૦૦૦ નાણાકીય સહાય (સ્ટાઇપેન્ડ અને અન્ય આનુષંગિક ખર્ચ પેટે વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ એમ કુલ પ્રતિ વર્ષ રૂ. ૨ લાખ લેખે બે વર્ષ માટે કુલ રૂ. ૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૧૭૪૫ વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષના રૂ. ૨ લાખ લેખે કુલ રૂ. ૩૪.૯૦ કરોડ નાણાકીય સહાય આપવામાં આવશે.

રાજ્યના શિક્ષણ વિભાગ હેઠળની ટેક્નિકલ શિક્ષણ હસ્તક ની એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા વિવિધ ટેક્નિકલ અભ્યાસક્રમોના પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. વિદ્યાર્થીઓને પ્રવેશ અંગે માર્ગદર્શન મળી રહે તે માટેની માહિતી પુસ્તિકાનું તાજેતરમાં શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી અને રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવશ્રી એસ. જે. હૈદર, નિયામક શ્રી ટેક્નિકલ શિક્ષણ જી.ટી.પંડ્યા, પ્રવેશ સમિતિના સભ્ય સચિવ ડૉ. રાજુલ ગજ્જર અને અન્ય પ્રવેશ સમિતિના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. ●

# સ્ટાર્ટ-અપ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર




સમગ્ર દેશ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 માર્ચ, 2021થી પ્રારંભ કરાવેલો આઝાદીનો અમૃત મહોત્સવ 75 સપ્તાહ સુધી ચાલશે. આ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. 'આઝાદી કા અમૃત મહોત્સવ' મહોત્સવના ભાગરૂપે કેન્દ્ર ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રાલય દ્વારા અન્ય રાજ્યોની સાથે ગુજરાતને પણ પસંદ કર્યું છે. તાજેતરમાં સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ પૉલિસી (SSIP) અંતર્ગત ૭૫ જેટલી યુનિવર્સિટી સંશોધનો દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ KCG ખાતે શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિત યોજાયો હતો.

શિક્ષણ મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ગુજરાતે હંમેશાં નૂતન સંશોધનોને પ્રોત્સાહન આપ્યું છે, એટલું જ નહીં તેના માટે યોગ્ય માધ્યમ પણ પૂરું પાડ્યું છે. રાજ્યના શિક્ષણ વિભાગે રાજ્યની યુનિવર્સિટીઓ, સંલગ્ન કોલેજોમાં ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ ઈનોવેશન અંતર્ગત શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજાયા છે. ગુજરાત હેકાથોન તે પૈકીનો જ એક કાર્યક્રમ છે જ્યાં યુવા સંશોધકો તેમના કૌશલ્યને ઉજાગર કરી રહ્યા છે. કંઈક નવું કરવા માટે યુવાઓને સતત પ્રોત્સાહિત કરતા રહેવું એ સતત ચાલતી પ્રક્રિયાનો એક ભાગ બની રહ્યો છે અને તે માટે રાજ્ય સરકાર હંમેશાં સહભાગી છે.

વિદ્યાર્થીકાળથી જ યુવાનો પોતાનો વિચારોને, સપનાઓને સાકાર કરવા માટે તેને ધરતી પર ઉતારવાનું કાર્ય કરી રહ્યા છે તે સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં શરૂ કરવામાં આવેલા સ્ટાર્ટ-અપમાં કોઈપણ વિદ્યાર્થી આવીને તેમા પોતાની હિસ્સેદારી કરી શકે છે. દરેક યુવાઓ નવીનતમ કાર્ય માટે પ્રયત્નો કરે, એક વાર કદાચ સફળતા ન મળે પણ હાર્યા વિના ફરી સફળતા માટે આગળ વધે એ સમય અને દેશની માંગ છે. ભારત વિકાસશીલ દેશ છે. અને દેશના વિકાસમાં દરેક વ્યક્તિનો મહત્ત્વનો ફાળો રહેલો છે. પ્રધાનમંત્રીશ્રીએ દેશના મહત્ત્વના કાર્યોમાં યુવાઓને સ્ટાર્ટ-અપથી જોડીને તેમને પ્લેટફોર્મ પૂરું પાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

રાજ્યમાં વધારેમાં વધારે સર્જનાત્મક વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી નવી વેબસાઇટથી વિદ્યાર્થીઓને માર્કેટ પ્લેટફોર્મ પણ મળી રહેવામાં સહભાગી બનશે. જેના થકી આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને સાકાર થવા માટે વેગ મળશે.

રાજ્ય શિક્ષણ વિભાગનાં અગ્ર સચિવ શ્રી એસ.જે.હૈદરે જણાવ્યું હતું કે સમગ્ર ભારતના સ્ટાર્ટ અપમાં ગુજરાતની પસંદગી થવા પામી તે ગર્વની વાત છે. અન્ય રાજ્યોના યુવાનો પણ ગુજરાતના સ્ટાર્ટ અપમાંથી પ્રેરણા લેશે.

આ પ્રસંગે ખેતી, આરોગ્ય, ઊર્જા, ઉદ્યોગ, અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ જેવા વિવિધ વિષયો પર સંશોધનાત્મક ઈનોવેશન કરનાર યુવા ટીમ દ્વારા બનાવેલા સાધનોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતુ. ગુજરાતમાં 'સ્માર્ટ ગુજરાત ફોર ન્યુ ઈન્ડિયા હેકાથોન' સ્પર્ધા અંતર્ગત વિજેતા થયેલી ૧૮ ટીમને મંત્રીશ્રીના હસ્તે રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ પૉલિસી (SSIP) અંતર્ગત વિવિધ યુનિ. અને કોલેજોને ગ્રાન્ટ સહાય વિતરણ કરવામાં આવી હતી. માઈન્ડ ટુ માર્કેટ અંતર્ગત સંશોધન અને ઈનોવેશન કરનાર ૨૬ ટીમને ઍવૉર્ડ આપવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે શિક્ષણ વિભાગ સાથે CII, FICCI, GCCI, GVFL, SCCI, GEDA દ્વારા MOU કરવામાં આવ્યાં હતા. તથા શિક્ષણ વિભાગ દ્વારા 'ઈનોવેશન ક્લબ' વેબસાઇટનું મંત્રીશ્રીના હસ્તે લોંચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર, KCG ડાયરેક્ટરશ્રી, વિવિધ યુનિ. વાઇસ ચાન્સેલરશ્રીઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, અધિકારીશ્રીઓ, અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## PMJAY-MA યોજના મેગાડ્રાઇવ : માનવતાવાદી સેવાનો મહાયજ્ઞ

# "આપ કે દ્વાર આયુષ્માન"



ગુજરાત સરકારે આરોગ્ય કર્મીઓના સહકારથી સુવ્યવસ્થિત આયોજન થકી કોરોના કાળ દરમિયાન ઉત્કૃષ્ઠ કામગીરી કરી છે. ઘરઆંગણે આરોગ્ય સુવિધા મળે તે માટે રાજ્ય સરકારે તંત્રને અત્યાધુનિક માળખાકીય સવલતોથી સજ્જ કર્યું છે. ગ્રામીણ ક્ષેત્રોમાં પણ ત્વરિત આરોગ્ય સુવિધાઓ મળે તેવી કાર્યપ્રણાલિ ગુજરાત સરકારનું આરોગ્યતંત્ર નિભાવી રહ્યું છે. 108 સેવા, પીએચસી, સીએચસી સેવાઓને વધુ અસરકારક બનાવવા તેમજ વિવિધ આરોગ્યલક્ષી અભિયાનો થકી વધુને વધુ નાગરિકો સુધી પહોંચવાનું રાજ્ય સરકારનું  લક્ષ્ય રહ્યું છે. ગુજરાતને નિરામય આરોગ્ય પ્રાપ્ત થાય અને ગુજરાતની આરોગ્ય વિષયક કામગીરીને સમગ્ર વિશ્વનું અનુમોદન મળે તેમજ ગુજરાતના વિકાસ મોડેલની જેમ જ આરોગ્ય મોડેલને પણ સમગ્ર દુનિયા અપનાવે તેના પગલે પગલે ચાલે, ગુજરાતની કામગીરીનું પ્રશસ્તિકરણ થાય તેવા પ્રયાસો રાજ્ય સરકાર સતત કરી રહી છે. તાજેતરમાં પણ રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્રે વધુ એક જન આરોગ્ય અભિયાન હાથ ધર્યું. સતત 100 દિવસ સુધી ચાલનારા આ અભિયાનમાં વિક્રમી સંખ્યામાં નાગરિકોને આવરી લઈ નિરામય ગુજરાતને સાકાર કરવાના પ્રયાસનો આરંભ કરવામાં આવ્યો હતો.

રાજ્યના દરેક ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબને નિયત માપદંડો પ્રમાણે PMJAY-MA કાર્ડથી લાભાન્વિત કરાવવા, હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓને સરળતાથી વિનાવિલંબે શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી ગ્રીન કૉરિડોર ઊભા કરવા, ઘેરબેઠાં દર્દીઓ માટે ટેલિમેડિસિન સેવા ઉપલબ્ધ કરાવવી અને નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત આરોગ્ય સંલગ્ન તમામ સેવાઓ, સુવિધાઓને એક જ માધ્યમ પર ઉપલબ્ધ કરાવીને લીંક કરવાની દિશામાં આરોગ્ય વિભાગ પ્રયત્નશીલ છે. જે માટે સળંગ ચોથા વર્ષે સમગ્ર રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-આયુષ્માન(PMJAY-MA)





યોજના અંતર્ગત “આપ કે દ્વાર આયુષ્માન” મેગા ડ્રાઇવનો પ્રારંભ અમદાવાદની સિવિલ હોસ્પિટલથી કરવામાં આવ્યો હતો. આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થતા દર્દીઓ માટે રિસ્પોન્સ ટાઇમ ઝડપી બને, દર્દીને ત્વરિત સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારે નવતર પહેલ હાથ ધરી હોવાનું જણાવી PMJAY-MA યોજનાના લાભાર્થીઓના હિતાર્થે સરકારી હોસ્પિટલમાં ગ્રીન કૉરિડોર વ્યવસ્થાપનનું લોકાર્પણ કરાવ્યું હતું.

રાજ્યમાં 100 દિવસ ચાલનારી આ મેગાડ્રાઇવમાં 80 લાખ કુટુંબો એટલે કે અંદાજિત 4 કરોડ વ્યક્તિઓને આવરી લઈ લાભાન્વિત કરવામાં આવશે તેમ જણાવી આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આ ડ્રાઇવને જન-જન માં પ્રચલિત બનાવી મહત્તમ લોકોને લાભ આપવા અનુરોધ કર્યો હતો. હવેથી 4 લાખની આવકમર્યાદા ધરાવતા કુટુંબોને આ કાર્ડ કાઢી આપવામાં આવશે. અગાઉ કુટુંબદીઠ એક જ કાર્ડ કાઢવામાં આવતું હતું જે હવેથી વ્યક્તિ દીઠ અલાયદું કાર્ડ પણ ઉપલબ્ધ કરાશે.

આ ડ્રાઇવ અંતર્ગત નિયત માપદંડો ધરાવતા લાભાર્થીઓને જિલ્લા હોસ્પિટલ, સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સી.એચ.સી, સંલગ્ન ખાનગી હોસ્પિટલો, સી.એસ.સી., (n) કોડ સેન્ટર, UTI-ITSL,E-gram પરથી PMJAY-MA કાર્ડ કાઢી આપવામાં આવશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેઓએ અગત્યની જાહેરાત કરતાં કહ્યું હતું કે, PMJAY-MA યોજનામાં મળતાં નાણામાંથી 75 ટકા રકમનો સરકારી હોસ્પિટલને સુદૃઢ બનાવવામાં ઉપયોગ કરવામાં આવશે.બાકીની 25 ટકા રકમને સરકારી હોસ્પિટલના તબીબો અને પેરામેડિકલ સ્ટાફની કામગીરીને પ્રોત્સાહિત કરવા ઇન્સેન્ટિવરૂપે ઉપયોગ કરવામાં આવશે.

આ પ્રસંગે રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી શ્રીમતી નિમિષાબહેન સુથારે જણાવ્યું હતું કે, આજનો દિવસ આયુષ્માન દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે ત્યારે સપ્ટેમ્બર મહિનાના છેલ્લા સપ્તાહની “આયુષ્માન સપ્તાહ” તરીકે ઉજવણી કરીને મહત્તમ લોકોને આ યોજનાથી લાભાન્વિત કરવામાં આવશે. PMJAY-MA યોજના મેગાડ્રાઇવ ફક્ત એક ડ્રાઇવ નહીં પરંતુ માનવતાવાદી સેવાનો મહાયજ્ઞ છે.

આ કાર્યક્રમમાં સામાજિક અને ન્યાય અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, આરોગ્ય સચિવ કમ કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલભાઈ ધામેલિયા, નેશનલ હેલ્થ મિશનના ડાયરેક્ટર શ્રીમતી રેમ્યા મોહન સહિત જિલ્લાની વિવિધ હોસ્પિટલના હેલ્થકેરવર્કર્સ ઉપસ્થિત રહ્યા હતા. ●

## “ગ્રીન કોરિડોર” વ્યવસ્થાની નવતર પહેલ

સરકારી હોસ્પિટલોમાં PMJAY-MA કાર્ડ અંતર્ગત સ્વાસ્થ્ય સેવાઓ સરળતાથી મળી રહે તે માટે ગ્રીન કોરિડોરની પણ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવનાર છે. જે અંતર્ગત હોસ્પિટલના પ્રવેશદ્વાર/ઓ.પી.ડી. ખાતે કિયોસ્ક હેલ્પ ડેસ્ક ફરજિયાત પણે કાર્યરત કરીને દર્દીઓને મુંઝવતા પ્રશ્નોના સ્થળ પર ત્વરાએ નિરાકરણ આવે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

દરેક સરકારી હોસ્પિટલમાં આ યોજનાના લાભાર્થી માટે અલગ કેસબારી / અલગ રજિસ્ટ્રેશન સિસ્ટિમ ઊભી કરવામાં આવશે. લાભાર્થીઓને હોસ્પિટલ ખાતેના પ્રવેશથી લઈ સારવાર બાબતે PMJAY-MA યોજનાને પ્રાધાન્યમાં અપાય તથા વધુમાં વધુ લાભાર્થીઓ આ કાર્ડનો ઉપયોગ કરી શકે તે માટે ઓરાગ્ય મિત્ર (લાભાર્થી માર્ગદર્શક)ની નિમણૂક કરવામાં આવશે. આ આરોગ્ય મિત્ર દર્દી દાખલ થાય ત્યારથી લઇ ડિસ્ચાર્જ થાય ત્યાં સુધી તેના સુચારુ વ્યવસ્થાપનની કામગીરી હાથ ધરાશે.

આ કાર્ડ અંતર્ગત લાભાર્થીઓને હોસ્પિટલમાં ઉપલબ્ધ તમામ સેવાઓ, સુવિધાઓ, દવાની બારી અથવા લેબોરેટરી તથા અન્ય જગ્યાઓએ પણ તાત્કાલિક સેવા મળી રહે તેવી અલાયદી વ્યવસ્થા ઊભી કરાશે.

નાણાકીય વર્ષ 2020-21 માં રાજ્યના 33 જિલ્લાઓમાં 24,222 લાભાર્થીઓએ PMJAY-MA અંતર્ગત સારવાર મેળવી છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. 53.37 કરોડ જેટલો ખર્ચ કરીને દર્દીઓને નિ:શુલ્ક સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિગતે જોઇએ તો અમદાવાદ જિલ્લામાં 16,246 દર્દીઓને 38.43 કરોડ, રાજકોટમાં 2,213 દર્દીઓને 3.22 કરોડ, પાટણમાં 682 દર્દીઓને 1.39 કરોડ અને વડોદરામાં 516 દર્દીઓને 81 લાખના ખર્ચે વિવિધ પ્રકારની આરોગ્યને લગતી સારવાર PMJAY-MA યોજના હેઠળ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

### PMJAY-MA યોજના હેઠળ આરોગ્ય વિષયક સેવાઓ

PMJAY-MA યોજના હેઠળ રાજ્યની 1872 સરકારી અને 610 ખાનગી આમ કુલ 2482 હોસ્પિટલોમાં કેન્સર,હૃદયરોગ, કિડનીને લગતા ગંભીર રોગો, બાળ રોગો, આકસ્મિક સારવાર, જોઇન્ટ રિપ્લેસમેન્ટ, ન્યૂરો સર્જરી, ડાયાલિસીસ, પ્રસૂતિ વગેરે જેવી ગંભીર અને અતિગંભીર બીમારીઓની કુલ 2681 જેટલી નિયત કરેલ પ્રોસિજર / ઓપરેશનને જેવી આરોગ્ય વિષયક સેવાઓ દર્દીઓને સરળતાથી સત્વરે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યાં છે.

# ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમ થકી પ્રજાના પ્રશ્નોના નિરાકરણની નવતર પહેલ



ચીમન વસાવા

ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ થકી લોકાભિમુખ વહીવટ કેવી રીતે કરી શકાય એનું ઉત્તમ ઉદાહરણ ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજીને છોટાઉદેપુર જિલ્લા કલેકટર સુશ્રી. સ્તુતિ ચારણે પૂરું પાડયું છે. રાજ્ય સરકાર દ્વારા દર મહિનાના ચોથા ગુરૂવારે જિલ્લા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોએ અરજી આપવા તેમજ તેમના પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા મથક સુધી આવવું પડતું હતું. છોટાઉદેપુર જિલ્લા કલેકટર સુશ્રી. સ્તુતિ ચારણે ગત મહિને ઝુમ મીટીંગ એપ દ્વારા ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજીને નવતર પહેલ કરી છે.

સરકાર દ્વારા ડિજીટલ ઇન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત ઇ-ગવર્નન્સ થકી ગુડ ગર્વનન્સને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજયના છેવાડે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલા છોટાઉદેપુર જિલ્લાની જનતાને લોકાભિમુખ વહીવટ અને સુશાસનનો સુખદ અનુભવ કરાવતા જિલ્લા કલેકટરના ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમને બહોળો પ્રતિસાદ મળ્યો છે. ગત ૨૩, સપ્ટેમ્બરના રોજ જિલ્લા કલેકટરે ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત ઝુમ મીટીંગ એપ દ્વારા અરજદારો સાથે ડિજીટલી કનેકટ થઇને તેમના પ્રશ્નો સાંભળી નિરાકરણ કર્યું હતું. એટલું જ નહીં, તે જ દિવસે સાંજ સુધીમાં પ્રોસિડીંગની કામગીરી પુરી કરી તમામ અરજદારો, સંબંધિત અધિકારીઓને પ્રોસિડીંગ પણ ઇ-મેલ અને વોટસ્એપના માધ્યમથી મોકલી આપવામાં આવ્યું હતું.

આ નવતર પહેલ અંગે વાત કરતા કલેકટર સુશ્રી. સ્તુતિ ચારણે જણાવ્યું હતું કે, રાજયના મુખ્ય સચિવ શ્રી પંકજકુમારના માર્ગદર્શનમાં છોટાઉદેપુર જિલ્લામાં ડીજીટલ જિલ્લા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇ-સ્વાગત કાર્યક્રમ દરમિયાન અરજદારો અને અધિકારીઓને જિલ્લા કક્ષાએ આવવું પડયું ન હતું. જે જયાં હતા ત્યાંથી જ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. ઝૂમ એપથી પાંચ અરજદારો અને સંબંધિત અધિકારીઓ જોડાયા હતા. તેમના પ્રશ્નોનો ઝડપી નિકાલ ટેક્નોલોજીના ઉપયોગથી કરવામાં આવ્યો હતો.

ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમનો આશય સ્પષ્ટ કરતા તેમણે કહ્યું હતું કે, સરકાર દ્વારા પણ ડિજીટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે ત્યારે છોટાઉદેપુર જિલ્લા પ્રશાસન દ્વારા ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમ થકી લોકોના સમય અને નાણાંની બચત થાય. પ્રજાને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કક્ષા સુધી આવવુ ન પડે તથા લોકોને સુસાશન અને લોકાભિમુખ વહીવટની અનુભૂતિ થાય એ માટે જિલ્લા સ્વાગત કાર્યક્રમને ડીજીટલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

આગામી આયોજન અંગે વાત કરતા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમ હેઠળ તમામ ગામોને આવરી લેવા માટે તમામ ગ્રામ પંચાયતોના અલગ ઇ-મેલ આઇ.ડી બનાવવામાં આવી રહ્યા છે. જિલ્લા સ્વાગત કાર્યક્રમ માટે પણ એક અલગ ઇ-મેલ આઇ.ડી બનાવવામાં આવશે. જયાં અરજદાર પોતાની અરજી સાથે આધાર પુરાવાઓનું ડિજીટલાઇઝેશન કરીને અપલોડ કરી શકશે. જિલ્લા કક્ષાએ ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમનું અલગ ફોલ્ડર હશે જેમાં તમામ અરજીઓ હશે. અરજદારો અને સંબંધિત અધિકારીઓને ઇ-મેલ અને વોટસ્એપના માધ્યમથી જાણ કરવામાં આવશે. જેથી તેઓ નિયત તારીખે અને સમયે ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ઝૂમ એપના માધ્યમથી જોડાઇ શકશે અથવા પોતાના ગામની ગ્રામ પંચાયતમાં જઇ વી.સી.ઇની મદદથી આ કાર્યક્રમમાં સહભાગી થઇ શકશે. આ ઉપરાંત જે કેસમાં સ્થળ તપાસની જરૂર જણાશે ત્યાં અધિકારીઓની ટીમ જઇ તપાસ કરી તરત જ તપાસનો અહેવાલ પણ પી.ડી.એફ સ્વરૂપમાં અપલોડ કરી શકશે. છોટાઉદેપુર જિલ્લામાં ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમની સમગ્ર પ્રક્રિયા પેપરલેસ થાય એ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જનતા સાથે ઝડપી પ્રત્યાયન, લોકાભિમુખ વહીવટ થાય તથા પ્રજાને સુશાસનની અનુભૂતિ થાય તેમજ દૂર દરાજના અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારમાં રહેતા લોકોને તેમના પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કક્ષા સુધી આવવું ન પડે તે માટે જિલ્લા કલેકટર દ્વારા કરવામાં આવેલી ઇ-જિલ્લા સ્વાગત કાર્યક્રમની પહેલને જિલ્લાના નાગરિકો દ્વારા વધાવી લેવામાં આવી છે. ●

# કઠલાલના પ્રકૃતિના પ્રહરી પાર્થ વ્યાસ

રિન્કલ વાડદોરિયા



કોરોના મહામારીમાં ઑક્સિજનની તીવ્ર અછત વખતે સૌ કોઈને જીવનદાતા એવાં વૃક્ષોનું મહત્ત્વ સમજાયું છે. વળી ગ્લોબલ વોર્મિંગને લીધે આબોહવા તેમજ પર્યાવરણીય પરિવર્તને ચિંતા ઉપજાવી છે ત્યારે વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ જ એકમાત્ર ઉપાય છે. આ દિશામાં કઠલાલ તાલુકાના શ્રી પાર્થભાઈ વ્યાસે એકલા હાથે ઝુંબેશ ઉપાડી છે. તેમણે અલગ -અલગ વનસ્પતિના ૧૫ થી ૨૦ હજાર બીજબૉલ ૩૦ દિવસમાં ભારે જહેમત કરી જાતે તૈયાર કર્યા છે.

શ્રી પાર્થભાઈએ વિવિધ પ્રકારનાં બીજ એકત્ર કરી નવતર પ્રયોગ કર્યો છે. વિવિધ પ્રકારના બીજમાં લીમડો, આસોપાલવ, જાંબુ, અર્જુન, સાદડ, બોરસલી, ગરમાળો, ખારેક, સિંદુર, શ્રીપર્ણી, તુંબડી, ચણોઠી, આમલી, આંબળા, પુત્રજીવા, આંબાનો સમાવેશ થાય છે. ખેતરની માટી, ગાયનું છાણ અને ચુલાની રાખ સાથે પાણી મેળવી ગોળો બનાવી તેમાં વચ્ચે બીજ ખોસી દઈ ફરી આખો ગોળો વાળી સૂકવીને આ બીજબૉલ તૈયાર થાય છે. જે ઉજ્જડ અને વેરાન જગ્યા, ગૌચરની પડતર જગ્યા, નદી, તળાવો, ભેખડો કે કોતરોમાં ફેંકવામાં ઉપયોગ થાય છે.

શ્રી પાર્થભાઈએ જણાવ્યું હતું કે, "મેં સૌપ્રથમ સોશિયલ મીડિયા પરથી સીડબૉલ બનાવવાની રીત જોઈ. ત્યારબાદ સીડબૉલ બનાવીને તૈયાર રાખ્યા. આ સીડબૉલ સુકાયા પછી તેને કોઈપણ ફળદ્રુપ જમીનમાં ફેકીશું ત્યારબાદ વરસાદનું પાણી અડતાં તે બીજ ફૂટી નીકળશે. તે બીજબૉલને વરસાદનું પાણી અડતાં પાંચેક દિવસમાં નાનો છોડ તૈયાર થઈ જશે અને ભવિષ્યમાં વિશાળ વૃક્ષો બનશે."

શ્રી પાર્થભાઈએ અત્યાર સુધીમાં ૧૫થી ૨૦ હજાર સીડબૉલ તૈયાર કરી અમદાવાદ નેશનલ હાઈવે પર ફેંક્યા છે. હવે તેઓ અત્યારના સમયમાં લુપ્ત થવાના આરે છે તેવી આયુર્વેદિક વનસ્પતિ વિશે જાણકારી એકઠી કરી રહ્યા છે. જેથી આયુર્વેદિક વનસ્પતિના સીડબૉલ બનાવશું જે આવનારી પેઢીને તે ઘણી ઉપયોગી થવા ઉપરાંત પર્યારવણ જાળવણીમાં મહત્ત્વનો ભાગ ભજવશે.

આજે આવા પ્રકૃતિની જાળવણીના શ્રી પાર્થભાઈના કામ વિશે જાણીને અન્ય લોકો પણ પર્યાવરણનું જનત કરવા પ્રેરાઈ રહ્યા છે. આમ, તેમના પ્રયાસો રંગ લાવી રહ્યા હોવાના ગૌરવ સાથે પ્રકૃતિની સેવા થઈ રહ્યાથી તેઓ સંતોષની લાગણી અનુભવી રહ્યા છે. ●

# પિનાકની કિડની વિનામૂલ્યે ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી

જિતેન્દ્ર નિમાવત

મશહૂર ગીતકાર શૈલેન્દ્ર લખે છે કે, "છોટે સે ઘર મેં ગરીબ કા બેટા, મેં ભી હૂં માંકે નસીબ કા બેટા". દરેક બાળકનું જીવન કિંમતી છે. આ વાતને સરકાર સારી રીતે સમજે છે. આથી બાળકોના આરોગ્ય સુરક્ષા માટેની યોજના શરૂ કરી છે, તે છે રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK).

RBSK યોજના દ્વારા પોરબંદરના મધ્યમવર્ગીય પરિવારના ૯ વર્ષીય પિનાક થાનકીને નવજીવન મળ્યું છે. જન્મથી કિડનીની બીમારીથી પીડિત પિનાકને સરકારની RBSK યોજના હેઠળ વિનામૂલ્યે સફળ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. ખાનગી હોસ્પિટલમાં અંદાજે ૨૦ થી ૨૫ લાખનો ઓપરેશનનો ખર્ચ થાય પણ સરકારની આરબીએસકે યોજના હેઠળ સંદર્ભ કાર્ડ થકી પિનાકનું વિનામૂલ્યે ઓપરેશન થતાં થાનકી પરિવારે સરકાર અને ડૉકટર્સનો આભાર વ્યક્ત કર્યો હતો. ટ્રાન્સપ્લાન્ટ માટે બાળકના નાના હિંમતલાલ રાજ્યગુરુએ પોતાની કિડની ડોનેટ કરીને પુત્રીના પરિવારને હસતો કર્યો છે.

પોરબંદરની ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા રવીન્દ્રભાઈ થાનકીના નવ વર્ષીય પુત્ર પિનાકને જન્મજાત કિડનીની બીમારી હતી. આ સંદર્ભે રવીન્દ્રભાઈએ કહ્યું કે, ઘણી બધી ખાનગી હોસ્પિટલોમાં સુખદ પરિણામ ન આવતાં મેં સરકારી હોસ્પિટલમાં મારા પુત્રને લઈ જવાનું નક્કી કર્યુ. અમદાવાદ ખાતે મારા પુત્રનું ઓપરેશન કરવા ડૉકટર્સે જણાવ્યું અને કહ્યું કે, સરકારશ્રીના સંદર્ભ કાર્ડ હેઠળ ઓપરેશન, દવા, સંપૂર્ણ વિનામૂલ્યે કરવામા આવશે. આમ, સમયસર અને વિનામૂલ્યે ઓપરેશનથી સાજા થયેલા પિનાકને જોઈ થાનકી પરિવારમાં આનંદ વ્યાપી ગયો. ●



# સુરતના યુવાને છ વ્યક્તિઓને નવું જીવન આપ્યું

મહેન્દ્ર વેકરિયા

સુરતે અંગદાન ક્ષેત્રે સમગ્ર દેશમાં ડંકો વગાડયો છે. તાજેતરમાં બ્રેઈનડેડ મનીષભાઈ શાહના પરિવારે તેમનાં ફેફસાં, કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી છ વ્યક્તિઓને નવજીવન બક્ષ્યું છે.

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતા મનીષભાઈને એન્જિયોપ્લાસ્ટી-સ્ટેન્ટ મૂક્યા બાદ સિટી સ્કેનમાં બ્રેઈન હેમરેજ, મગજમાં લોહીનો ગઠ્ઠો તેમજ સોજાનું નિદાન થયું હતું. ન્યૂરોસર્જને મનીષભાઈને બ્રેનડેડ જાહેર કર્યા. જેથી પરિવારજનોએ મનીષભાઈના અંગદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

સ્વ.મનીષભાઈનાં પત્ની મોનાબહેને જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીના કારણે દેશમાં કેટલાયે લોકોનાં ફેફસાં ખરાબ થઈ ગયાં છે અને દેશમાં ઘણા બધા લોકોને કિડની અને લિવરની



જરૂરિયાત છે. અમે વારંવાર વર્તમાનપત્રોમાં અંગદાનના સમાચારો વાંચતા હતા. આથી જ્યારે મારા પતિ બ્રેઈનડેડ થયા ત્યારે તેમનાં કિડની, લિવર અને ફેફસાંનાં અંગોના દાન થકી અન્યોને નવજીવન મળતું હોઈ, અમે અંગદાન કરવાનો નિર્ણય કર્યો હતો.

SOTTO દ્વારા કિડની અને લિવર અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ને ફાળવવામાં આવ્યાં. જ્યારે NOTTO દ્વારા ફેફસાં કલકત્તાની મેડિકા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને ફાળવવામાં આવ્યાં. કલકત્તાની મેડિકા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ડૉ. અર્પણ ચક્રવર્તી, ડૉ.સૌમ્યજિત ઘોષ અને તેમની ટીમે સુરત આવી ફેફસાંનું દાન સ્વીકાર્યું. અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.વિકાસ પટેલ અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. ચક્ષુઓનું દાન લોકદૃષ્ટિ ચક્ષુબેંકના ડૉ.પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

સુરતની યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલથી કલકત્તાનું ૧૬૨૫ કિ.મિ.નું અંતર ૧૯૦ મિનિટના સમયમાં કાપી ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ કલકત્તાની મેડિકા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં કલકત્તાની ૪૬ વર્ષીય વ્યકિતમાં કરવામાં આવ્યું છે. આ વ્યક્તિના ફેફસાં કોવિડને કારણે ખરાબ થઈ ગયાં હતાં અને તે એકસો ત્રણ દિવસથી ECHO મશીનના સપોર્ટ પર હતા. આમ કોરોનામાંથી સાજા થયેલા મનીષભાઈએ કોરોનાની મહામારીમાં સપડાયેલા કલકત્તાના રહેવાસીને નવું જીવન આપ્યું

દાનમાં મેળવવામાં આવેલી બન્ને કિડની પૈકી એક કિડની વડોદરાના રહેવાસી ૪૪ વર્ષીય વ્યક્તિમાં તેમજ બીજી કિડની અમદાવાદના રહેવાસી ૨૯ વર્ષીય યુવકમાં જ્યારે લિવર વડોદરાના રહેવાસી ૨૧ વર્ષીય યુવકમાં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ.પ્રાંજલ મોદી, ડૉ.વૈભવ સુતરિયા, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યાં છે.

ગુજરાતમાં છેલ્લા એકવીસ દિવસમાં સુરતથી ડોનેટ લાઈફ દ્વારા બ્રેઈનડેડ વ્યક્તિઓના અંગદાન કરાવવાની આ પાંચમી ઘટના છે જેના થકી ૨૫ વ્યક્તિઓને નવું જીવન મળ્યું છે. ફેફસાં અને લિવર સમયસર કલકત્તા અને અમદાવાદ પહોંચાડવા માટે બે ગ્રીન કૉરિડોર બનાવવામાં આવ્યા હતા જેમાં સુરત શહેર પોલીસ તેમજ રાજ્યનાં વિવિધ શહેર અને ગ્રામ્ય પોલીસનો સહકાર સાંપડ્યો હતો.

ગુજરાતમાંથી ફેફસાના દાનની આ અગિયારમી ઘટના છે. જેમાં સુરતમાંથી ડોનેટ લાઈફ દ્વારા ફેફસાં દાન કરાવવાની આ દસમી ઘટના છે, જેમાંથી ૪ ફેફસાં મુંબઈ, ૨ ફેફસાં બેંગ્લોર, ૮ ફેફસાં ચેન્નાઈ, ૪ ફેફસાં હૈદરાબાદ અને ૨ ફેફસાં કલકત્તામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યાં છે.

સુરતની ડોનેટ લાઈફના માધ્યમથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અંગદાન ક્ષેત્રેમાં મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે. ડોનેટ લાઈફના પ્રેસિડેન્ટશ્રી નિલેશ માંડલેવાલાના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી ડોનેટ લાઈફ દ્વારા ૪૦૪ કિડની, ૧૭૦ લિવર, ૮ પેન્ક્રિઆસ, ૩૬ હૃદય, ૨૦ ફેફસાં અને ૩૦૬ ચક્ષુઓ મળી કુલ ૯૪૪ અંગો અને ટીસ્યુઓનું દાન મેળવીને ૮૬૫ વ્યક્તિઓને નવું જીવન અને નવી દૃષ્ટિ બક્ષવામાં સફળતા મળી છે. ●

# "મારે કલેક્ટર બનવું છે"...

## ...અને ફ્લોરા એક દિવસ માટે કલેક્ટર બની



હિમાંશુ ઉપાધ્યાય

"૧૮ સપ્ટેમ્બર, બપોરે ૧૨.૨૦ કલાકે અમદાવાદની કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં લાલ લાઇટ ધરાવતી ગાડી આવીને ઊભી રહે છે... તેમાંથી શરીરથી દિવ્યાંગ પણ મનથી સશક્ત ૧૧ વર્ષની દીકરીને વ્હિલચેરમાં બહાર લાવવામાં આવે છે... દરવાજે ઊભેલા ગાર્ડ તરત જ સલામી આપે છે... અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે સ્વયં આ દીકરીને આવકારવા દરવાજે ઊભા છે...આ દીકરીને કલેક્ટરશ્રીની ચેમ્બરમાં લઈ જઈને પોતાની ખુરશી પર સ્વયં કલેક્ટરશ્રી બેસાડે છે... આ દીકરીના હસ્તે લાભાર્થીઓને સહાય વિતરણ કરાય છે..." આખોય ઘટનાક્રમ કોઈના મનમાં અનેક પ્રશ્નોના વમળ ભલે સર્જે પણ અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રએ આખીય ઘટનાને સંવેદનાનો સ્પર્શ આપ્યો છે...

વાત કંઈક આમ છે....

ગાંધીનગર નજીક સરગાસણ પાસે રહેતી ૧૧ વર્ષીય દીકરી ફ્લોરા આમ તો અન્ય દીકરીઓની જેમ જ હસતી-રમતી રહેતી હતી. ભણવામાં પણ તેજસ્વી હોવાના નાતે નાનપણથી જ કંઈક બનવાના સપનાં જોતી રહેતી, પણ કુદરતે કદાચ કોઈ બીજો ક્રમ ફ્લોરા માટે ઘડ્યો હોય તેમ અચાનક બીમાર પડી... તેનાં માતા-પિતા તરત જ તેને તબીબ પાસે લઈ ગયા...તેને બ્રેઈન ટ્યૂમર હોવાનું નિદાન થયું... દીકરી શરીરથી ભાંગી પડી અને માતા-પિતા મનથી....ક્રમશઃ સ્થિતિ એવી થઈ કે દીકરી ફ્લોરાને વ્હિલચેરને સહારે જીવવાનું શરૂ થયું...

ફ્લોરાની માતા સોનલબહેન આસોડિયા કહે છે કે, 'મારી ૧૧ વર્ષની દીકરી ફ્લોરા ધોરણ ૭માં અભ્યાસ કરી રહી છે. ફ્લોરા હંમેશાં કહેતી કે તેને કલેક્ટર બનવું છે, અને ફ્લોરા એક દિવસ માટે કલેક્ટર બની... અમારો આખો પરિવાર આજે અત્યંત ખુશ છે...

ફ્લોરાની કલેક્ટર બનવાની અદમ્ય ઈચ્છાની જ્યારે અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલેને જાણ થઈ ત્યારે તેમણે ફ્લોરા પ્રત્યે સંવેદનશીલતા દાખવીને ક્ષણભર પણ વિલંબ કર્યા વિના તેને એક દિવસ માટે કલેક્ટર બનાવવાની વાત સ્વીકારી. આજે ફ્લોરા તથા તેના આખા પરિવારે જિલ્લા કલેક્ટર કચેરીમાં એક દિવસ માટે ફ્લોરાના કલેક્ટર બનવાના સ્વપ્નને સાકાર થતાં જોયું. સરગાસણમાં રહેતી ફ્લોરાને જિલ્લા કલેક્ટરશ્રીની ગાડીમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરીમાં લાવવામાં આવી હતી. જ્યાં દરવાજે તેને ગાર્ડ ઓફ ઓનર અપાયું.

જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલેએ આ સંવેદનાપૂર્ણ ઘટના વર્ણવતાં કહ્યું હતું કે, 'ફ્લોરા છેલ્લા સાત માસથી બ્રેઈન ટ્યૂમરથી પીડાય છે, નાનપણથી જ ભણવામાં તેજસ્વી એવી ફ્લોરાને કલેક્ટર બનવાની અદમ્ય ઈચ્છા છે... મેક અ વીશ ફાઉન્ડેશન દ્વારા મને જાણ થઈ કે આ દીકરી બ્રેઈન ટ્યૂમરથી પીડાય છે, અને તેને કલેક્ટર બનવાની બહુ ઈચ્છા છે.. મેં પળનો પણ વિલંબ કર્યા વિના મારા અધિકારીઓને તેના ઘરે મોકલીને ફ્લોરાની આ ઈચ્છા પૂર્ણ કરવાની તૈયારી બતાવી... જિલ્લા વહીવટી તંત્રએ ફ્લોરાના પરિવાર પાસેથી ફ્લોરાની ઈચ્છા જાણીને તેને એક ટેબ્લેટ, બાર્બી ગર્લ સેટ તંત્ર દ્વારા અપાયો હતો. આ ઉપરાંત કલેક્ટરશ્રીની ચેમ્બરમાં જ ફ્લોરાના જન્મદિવસને નિમિત્ત બનાવીને કેક પણ કાપવામાં આવી હતી.

આ પ્રસંગે એક દિવસીય કલેક્ટર ફ્લોરા દ્વારા 'વ્હાલી દીકરી યોજના' તથા 'વિધવા સહાય યોજના' અંતર્ગત લાભાર્થીઓને લાભ પણ વિતરિત કરાયા હતા.

આ પ્રસંગે ફ્લોરાના પરિવારજનો, અધિક નિવાસી કલેક્ટર શ્રી પરિમલ પંડ્યા, અધિક નિવાસી નાયબ કલેક્ટરશ્રી યોગીરાજસિંહ ગોહિલ, દહેજ પ્રતિબંધક અધિકારી નિલેશ્વરીબા વાઘેલા અન્ય ઉચ્ચ અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# વડોદરાનાં નર્સની રાષ્ટ્રીય ફ્લૉરેન્સ નાઇટિંગેલ એવૉર્ડ માટે પસંદગી

સુરેશ મિશ્રા

'કેમ છે મારી દીકરીને', 'તેં દવા લીધી કે નહીં', 'છાની... રે.. હવે... હું છું ને.... ' અને 'દવા લઈ લે.... ચિંતા ના કરીશ'. આવા શબ્દો વડોદરાની સયાજી હોસ્પિટલનાં સ્ત્રીરોગ અને પ્રસૂતિ વિભાગમાં સતત પડઘાતા રહે છે. આ શબ્દોરૂપી અમૃત જેમના મોઢામાંથી સતત વહે છે એવાં "ભાનુ સિસ્ટર" એટલે કે ભાનુમતી સોમાભાઈ ઘીવાલા સયાજી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. ભારતીય ઉપચર્યા પરિષદ એટલે કે ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલે નર્સિંગના ક્ષેત્રમાં પદ્મશ્રી ગણાય તેવા, ૨૦૨૦ના ફ્લોરેન્સ નાઇટિંગેલ રાષ્ટ્રીય ઍવૉર્ડ માટે તેમની પસંદગી કરી છે. માતારૂપે દર્દીઓની સંભાળ લેનાર ભાનુ સિસ્ટરની પસંદગીથી સયાજી હોસ્પિટલ અને આખા ગુજરાતના નર્સિંગ પરિવારનું ગૌરવ વધ્યું છે. આ ઍવૉર્ડ કરુણા અને માનવતા,સહૃદયતા અને સંવેદનાથી મઘમઘતી સમર્પિત દર્દી સેવા માટે આપવામાં આવે છે.તેની પસંદગી રાષ્ટ્રીય સ્તરે થાય છે.

ભાનુબહેને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં નર્સિંગની તાલીમ પૂરી કરીને રાજ્યની આરોગ્ય સેવામાં રાપરથી કારકિર્દી શરૂ કરી હતી.તે પછી પાલનપુર અને ૨૦૦૦ની સાલથી વડોદરામાં સેવા આપી રહ્યાં છે.

ચંદીગઢમાં ગાયનેક નર્સિંગની વિશેષ તાલીમ મેળવી તે પછી એન. પી.એમ.ની લાયકાત પ્રાપ્ત કરી છે. તેમની પ્રસૂતિને લગતી નર્સિંગ સેવાઓમાં નિપુણતા, સલામત પ્રસૂતિ અને માતા અને નવજાત શિશુની સ્નેહ સાથે સારસંભાળ લેવાની ધગશને પગલે તેમને મોટેભાગે લેબર રૂમની ફરજો સોંપવામાં આવે છે. તેઓ કહે છે કે આ એક એવી ફરજ છે જે તબીબો,નર્સિંગ અને સહાયક સ્ટાફનાં સંપૂર્ણ સંકલન અને સહયોગથી સફળ થાય છે. સયાજીમાં અમે એક ટીમ તરીકે કાર્ય કરીને અઘરામાં અઘરી પ્રસૂતિ અને બાળ સંભાળના પડકારોનો સફળ સામનો કરી શકીએ છે. અલ્ટરનેટિવ બર્થિંગ પોઝિશનની તાલીમ મેળવી: ભાનુબહેને ૨૦૧૯માં અલ્ટરનેટિવ બર્થિંગ પોઝિશનની તાલીમ લીધા પછી સગર્ભા/ પ્રસૂતાને ચલાવવી,બેસાડવી, લિક્વિડ ખોરાક આપવો,કસરત કરાવવી જેવી કામગીરી કરી રહ્યાં છે.

ભાનુબહેને અઠવાડિયાના ૬ દિવસની સરકારી ફરજો પછી રવિવારે રામકૃષ્ણ મિશનના સેવક તરીકે કલાલી કેન્દ્રમાં ત્રણ કલાક બાળ આરોગ્ય સંભાળની સેવાઓ આપે છે.આમ,તેઓ લગભગ સપ્તાહના સાતેય દિવસ દર્દીઓની પરિચર્યામાં વ્યસ્ત રહેવાની સાથે પારિવારિક સારસંભાળની કાળજી સુપેરે લે છે.

ભાનુબહેને કોરોનાથી જરાય ડર્યા વગર કોરોના કાળમાં જે ફરજો અદા કરી તેની પ્રશંસા કરતાં વહીવટી નોડલ અધિકારી ડૉ.બેલીમ ઓ.બી.એ જણાવ્યું હતું કે, કોરોના સંક્રમિત સગર્ભાની સામાન્ય પ્રસૂતિ હોય કે સિઝેરિયન હોય,પ્રસૂતિ પહેલા ચેપ લાગ્યો હોય કે પ્રસૂતિ પછી કોરોના થયો હોય, ભાનુબહેને આવી માતાઓ અને તેમનાં બાળકોની સારસંભાળ લીધી છે. તબીબી અધિક્ષક ડૉ. રંજન કૃષ્ણ ઐયરે તેમની આ ઍવૉર્ડ માટે પસંદગીને સયાજી હોસ્પિટલ પરિવાર માટે ગૌરવપૂર્ણ ગણાવી છે.

નર્સિંગ એવો વ્યવસાય છે જેમાં દર્દીઓના હિતમાં જરૂરી કડકાઈ અને શિસ્તનો આગ્રહ રાખીને ફૂલ જેવી કોમળતા સાથે કામ કરવું અને એ રીતે દર્દીનો વિશ્વાસ જીતવો જરૂરી છે.તેઓ આ તમામ કસોટીમાં ખરા ઊતર્યા અને આ પ્રતિષ્ઠિત ઍવૉર્ડને પાત્ર બન્યાં. તેઓ સર્વ નર્સમાતાઓનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે જેમણે દર્દીનારાયણની સેવામાં દિવસરાત એક કર્યાં છે. ખરેખર આવાં નર્સ ધન્યવાદને પાત્ર છે. ●



**પ્રસૂતિ વૉર્ડમાં ચારે તરફ ભરાયેલાં પાણી વચ્ચે સતત ત્રણ દિવસ ફરજ બજાવી:**

*બે વર્ષ અગાઉ વિશ્વામિત્રીમાં આવેલા ઘોડાપૂર વખતે વૉર્ડની ચારે તરફ પાણી ફરી વળ્યા હતા. મગરોને ફરતા જોઈ શકાતા હતા. આવા કપરા અને ડર લાગે તેવા સમયે પણ સતત ત્રણ દિવસ રેસિડેન્ટ તબીબો અને સહાયક સ્ટાફ સાથે બજાવેલી ફરજ આજે પણ તેને યાદ છે અને પ્રશંસા સયાજી હોસ્પિટલના સ્ટાફના મોઢે રમે છે.*

***પ્રથમ કોરોનાગ્રસ્ત સગર્ભાની પ્રસૂતિ :*** *સયાજી હોસ્પિટલમાં કોરોનાથી ચેપગ્રસ્ત પ્રથમ સગર્ભાની પ્રસૂતિની પડકારજનક કામગીરી સાથે તેઓ જોડાયેલાં હતાં. તેઓ બીજા દિવસે NICUમાં રાખવામાં આવેલા બાળકનો વીડિયો ઉતારી, માતાને મોબાઈલ કરી તેને આશ્વસ્ત કરી હતી. આ ઘટના પછી તેમણે સામે ચાલીને પ્રસૂતાઓ માટેના કોરોના વૉર્ડમાં ફરજો માંગી લીધી હતી.*

# તમારા ઘરમાં જ તમારો દુશ્મન
# ડેન્ગ્યુ તાવનો મચ્છર



**સખત તાવ આવવાની સાથે આંખોના ડોળાની પાછળ દુઃખાવો થાય કે હાથ અને ચહેરા ઉપર ચકામાં પડે, નાક, મોં તેમજ પેઢામાંથી લોહી પડે તો ડેન્ગ્યુ હોઈ શકે, તાત્કાલિક ડોક્ટરની સલાહ લો**

- **ડેન્ગ્યુ તાવ એડીસ ઇજીપ્તી મચ્છરો દ્વારા ફેલાય છે,** આ મચ્છરો દિવસે જ કરડે છે અને આ મચ્છર ઘરમાં જમા થયેલા પાણીમાં ઉત્પન્ન થાય છે
- શરીરનાં અંગોને ઢાંકી રાખે તેવાં વસ્ત્રો પહેરો અને **દિવસે પણ મચ્છર અગરબત્તી સળગાવો, મચ્છર દૂર રાખવાની ક્રીમ લગાવો**

**દર રવિવારે અનુકૂળ સમયે આપની માત્ર ૧૦ મિનિટ આપને તથા આપના પરિવારજનોને ડેન્ગ્યુથી બચાવવા માટે આપો.** આ દસ મિનિટમાં તમારા ઘર તેમજ ઘરની આસપાસ ૧૦ મીટરમાં રહેલા ઉપયોગી પાણીનાં પાત્રો તપાસો અને તેને હવા ચુસ્ત ઢાંકણથી બંધ કરો અને **બિનઉપયોગી સંગ્રહ થયેલા પાણીનો નિકાલ કરો અને બીજી ૧૦ વ્યક્તિઓને આ બાબતે માહિતગાર કરો**



**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય**

## ભક્તિ અને શક્તિનું પર્વ :

# નવરાત્રિ



**Published on Date 1-10-2021**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦